Date of Publication - Posted on 10th of Every Month

સમાનો માર્ગ : (ઋગ્વેદ) • સમાનો જ્ઞાન : (અથર્વવેદ)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂપાત

વર્ષ : ૨૧ નવેમ્બર : ૨૦૨૬ અંક : ૫ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ

મેઘાણી જ્ઞાનપીઠ । ક.બા. સ્વાધ્યાયમંદિર



FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bilimora • Gandhidham
Gandhinagar • Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamnagar • Junagadh • Kadi
Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat
Surendranagar • Vadodra • Vapi

Shop Greenfibre Online: greenfibre.com

Scan to follow @greenfibre

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૧ નવેમ્બર : ૨૦૨૬ અંક : ૫

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી (પ્રમુખ)
યોગેશ જોષી
રાજન્ ભટ્ટ (ઉપપ્રમુખ)
સમીર ભટ્ટ (મહામંત્રી)

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ** – ૩૫ – હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **યુદ્ધ અને ઉષ્મા** – અજય સરવૈયા, ૯ ● **ઓ પપેટિયર, તારી મુક્તિના દરવાજા બંધ છે** – પ્રવીણ પંડ્યા, ૧૧ ● **ચોમાસું** – જયંત ડાંગોદરા, ૧૨ ● **ડાબલો વારતાનો** – અનિરુદ્ધસિંહ ગોહિલ, ૧૩ ● **ગઝલ** – દિનેશ ડોંગરે "નાદાન", ૧૪ ● **કાવ્ય** — હર્ષ બ્રહ્મભટ્ટ, ૧૪

◈ **અનૂદિત કાવ્યો :**

● **કવિ : દુન્યા મિખાઇલ** – અનુ. : કિશન પટેલ, ૧૫

◈ **ટૂંકી વાર્તા :**

● **સંશય** – કલ્પેશ પટેલ, ૧૯ ● **વાનરરાજ** – સાગર શાહ, ૨૩

● **વધામણાં** – મનીષા દલાલ (શાહ), ૩૫

◈ **હાસ્યલેખ :**

● **તે હિ ના દિવસાઃ ગતા : મૉપેડ અને સ્કૂટર યુગ** – અધીર અમદાવાદી, ૪૪

◈ **શોધછાત્રની કલમેથી :**

● **'કેસરી દળનો નાયક' : રાષ્ટ્રીયતાનું ધગધગતું પ્રતીક** – અકરમ ડેરૈયા, ૪૯

◈ **અભ્યાસ :**

● **વદાડ : કચ્છની પૃષ્ઠભૂમિ પર રચાયેલી એક સંવેદનશીલ કથા** – કિશનસિંહ પરમાર, ૫૩ ● **વાર્તાકાર વિજય સોની** – હીરેન્દ્ર પંડ્યા, ૫૮

◈ **સંસ્મરણ :**

● **ગુંદાવાડીની માર્કેટમાં એક માણસ** – પૂર્વી એન. ઉપાધ્યાય, ૬૪ ● **ગુજરાતી હાસ્યકારોના ગ્રૂપફોટોમાં લૉંગ કોટ પહેરીને બેઠેલા એકમાત્ર લેખક : જ્યોતીન્દ્ર દવે** – દીપક મહેતા, ૬૯

◈ **અંજલિ :**

● **સિદ્ધ પિતાના પ્રસિદ્ધ પુત્ર** – તુષાર શુક્લ, ૭૮ ● **ઈલા આરબ મહેતા** – મીનલ દવે, ૮૪

◈ **સમીક્ષા :**

● **ફિલ્મવિમર્શ : હોમબાઉન્ડ** – અઝીઝ છરેચા, ૮૭ ● **એની કાર્સન : જેને સાહિત્ય માટે વર્ષ ૨૦૨૬નું નોબેલ પ્રાઇઝ જાહેર થયું** – નવનીત જાની, ૯૧

◈ ● **આપણી વાત** – સંકલન : સમીર ભટ્ટ, ૯૮

● **સાભાર સ્વીકાર**, ૧૦૬

● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૧૦૮

● **સાહિત્યવૃત્ત**– ઇતુભાઈ કુરકુટિયા, ૧૦૯

● **આ અંકના લેખકો** – ૧૧૨

◈ **આવરણ ચિત્ર : Vanvas** By Hiral Vyas - Seigraph on Paper

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

મથામણ – ૩૫

હર્ષદ ત્રિવેદી

બે હજાર સત્યાવીશથી ઓગણત્રીશનાં ત્રણ વર્ષ માટે, ગુજરાતી સાહિત્ય પરિષદના બાવનમા પ્રમુખ તરીકે જાણીતા વાર્તાકાર, વિવેચક, સંપાદક અને અનુવાદક એવા શ્રી કિરીટ દૂધાત ચૂંટાઈ આવ્યા છે. સાથોસાથ મધ્યસ્થ સમિતિના ચાળીશ સભ્યોની અને પાંચ સંસ્થા પ્રતિનિધિઓની પણ ચૂંટણી થઈ. દાતા-પ્રતિનિધિઓની જગ્યાઓમાં હરીફાઈ ન હતી. પ્રમુખ સહિત સહુ સભ્યોને આનંદપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ. લોકશાહીમાં ચૂંટણી એ કોઈ નવી વાત નથી, બલકે અનિવાર્ય એવી એક વૈધાનિક પ્રક્રિયા છે. આ પૂર્વે પણ અનેક વાર ચૂંટણી થઈ છે. જીવનનાં અને સાહિત્યનાં મૂલ્યોની, તંદુરસ્ત વાતાવરણની રક્ષા કરનારા લોકો માટે આ વખતની ચૂંટણી, ચેતવણીરૂપ કે ચિંતારૂપ બની રહી. દેશ આખામાં લોકશાહી કઈ હદે કથળી ગઈ છે ને કેવી તો છેલ્લે પાટલે જઈને બેઠી છે એનું આ નિદર્શન પણ હતું. યાદ રાખીએ કે આ ચૂંટણી કોઈ જાહેર ક્લબ, નાગરિક બૅન્ક, પંચાયત, કે વિધાનસભા-લોકસભા વગેરેની હોય છે એવી રાજકીય ચૂંટણી નહોતી, 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની સાહિત્યિક ઉમદા પ્રવૃત્તિઓ અને તેના સુચારુ વહીવટ માટે 'સારસ્વતો' વચ્ચેની ચૂંટણી હતી. પરંતુ બન્યું શું ?

ઇતિહાસમાં પહેલી જ વાર ચૂંટણીનું વાતાવરણ ડહોળાયું; એટલું જ નહીં, રાજકીય રંગ ભેળવવાની સાથે અપશબ્દોનો કાદવ પણ ઊડ્યો. જે છેવટે તો ઉડાડનારાના પંડ ઉપર જ પડ્યો! આ રીતે એમણે 'પોતાની' ભાષાની 'રિદ્ધિ-સિદ્ધિ' સાથે પોતાનું 'કૅરેક્ટર' પ્રગટ કરીને 'સરસ્વતી'ને પણ લજવી. કોઈ અલ્પબુદ્ધિ પણ ન માને એવાં એવાં જૂઠ્ઠાણાં ફેલાવાયાં. પાત્રતા વિનાના મહત્ત્વાકાંક્ષીઓએ ચિત્ર અને શબ્દની કળાને અભડાવી. પોતાની રોગી માનસિકતા પ્રગટ કરી. આ વખતે ન ચૂંટાયા તે ઉમેદવારના મતો વધે તે વાસ્તે એમના ટેકેદારોએ માઝા મૂકી. કહો કે પોતે જ પોતાનું વસ્ત્રાહરણ કર્યું! અહીં તો શું? ક્યાંય પણ ન લખી શકાય એવા ભાષાપ્રયોગો નિરંકુશ એવાં જાહેર માધ્યમોમાં થયા અને તે પણ કહેવાતા લેખકો, કવિઓ, અધ્યાપકો અને પત્રકારો દ્વારા! ઊંડી વેદના સાથે લખવું પડે છે કે – હતા તો ગણીને દસ જ જણ. પણ કમળવનમાં મદોન્મત હાથી ઘૂમે એમ એ બધા ખેદાનમેદાન કરવા માટે મત્ત થઈને ઘૂમ્યા! આ ઘટના, ગામડાના કોઈ સામાન્ય નાગરિકથી માંડીને દેશના પ્રથમ નાગરિક સુધીના દેશહિતચિંતકો માટે આંખ ઉઘાડનારી અને સંદેશો આપનારી બની રહેશે. કયા રસ્તે જઈ રહી છે આપણી લોકશાહી? સામ, દામ, દંડ, ભેદ; જે કૈં કરવું પડે તે કરીનેય, આપણી લાયકાત હોય કે ન હોય, પણ દેશનાં દરેક સંગઠનો, દરેક સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપર કબજો મેળવી

લેવાની ભુખાળવી વૃત્તિની, અસંસ્કારિતાની આ ચરમસીમા હતી. દુઃખદ વાત તો એ કે આ બધા, જે ઉમેદવારના હિતમાં નગ્નનાચ કરતા હતા એ ઉમેદવારે પણ જાહેરમાં આવીને બાંધ્યાભારે કહેવું પડ્યું કે, 'મારી આમાં સંમતિ ન હોય!' પરંતુ, તેઓ પણ લાલસા કે મજબૂરીને કારણે એ એકેયને રોકી શક્યા નહીં કે ન ફાડી શક્યા એમની સાથેનો છેડો!

જે હકીકત બહાર આવી છે તે સાચી હોય તો વધારે વરવી છે. ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમી કે જે હાલ સ્વાયત્ત નથી. પહેલાં, મનુભાઈ પંચોળી 'દર્શક'ના અને ભોળાભાઈ પટેલના વખતમાં એ સ્વાયત્ત હતી. ત્યાં પણ ફી ભરીને સભ્યો-સંસ્થાઓ નોંધાતાં હતાં. ત્યાં પણ ચૂંટણી થતી હતી. એટલે તો આપણે એ મૂળ સ્વાયત્તતા પાછી માંગીએ છીએ. આ કોઈ સ્પર્ધાની વાત નથી. બંને સંસ્થાઓ કામ તો સાહિત્યના ઉત્કર્ષ-સંવર્ધનનું જ કરે છે ને? પ્રજાના આર્થિક સહયોગથી જ કરે છે ને? પણ ઉચ્ચ ધોરણોના ભોગે અધકચરાઓને આગળ કરતી, સત્ત્વ-સ્વાયત્તતા-વૈચારિક સ્વાતંત્ર્ય અને ઓજસ ગુમાવી બેઠેલી સંસ્થાના વડાએ વ્યક્તિગત રીતે પોતાને માટે છાશ લેવા, આજે ન ચૂંટાયેલા ઉમેદવારના હાથમાં દોણી પકડાવી દીધી હતી! તંત્રની આંખમાં ધૂળ નાંખીને અહીંની અને દિલ્હીની અકાદમી તો પહેલેથી જ એમણે પોતાને ખાતે જમે કરી લીધી છે. હવે એમને દિગ્વિજય કરીને બાપડા શબ્દસેવીઓ ઉપર આણ વરતાવવી છે! નાનકડા એવા ઇનામ, કવિસંમેલન કે વ્યાખ્યાનની લાલચે પોતાનું ઝમીર-ખમીર ખોઈ બેઠેલાં ભાઈઓ-બહેનોને એમણે પોતાની સખાતે રાખ્યાં છે. સામાજિક સ્તરે વિચારીએ તો આ એક સ્વતંત્ર સાંસ્કૃતિક-સંસ્થાને ઓળવી લેવાની વૃત્તિ ચિંતાજનક છે અને દુર્ભાગ્યે એને કેટલાંક સંગઠનોનો આડકતરી રીતે ટેકો છે. સ્વસ્થ સમાજનું આ લક્ષણ નથી.

હું ઘણાં વર્ષોથી કહું છું કે - આ ગુજરાતી સાહિત્ય પરિષદની તાસીર અને એના સભ્યોની માનસિકતા ગુજરાતના વિદ્યાપૂર્ણ, સંસ્કારી સાહિત્યના વારસાને આધારે કેળવાયેલી છે. એમાં અનેક સાક્ષરોની વિદ્યાનું તપોબળ છે એટલે એમાં મને વિશ્વાસ છે. અને જુઓ કે બુદ્ધિસંપન્ન સભ્યોએ સિદ્ધ પણ કરી બતાવ્યું! આટઆટલા વિતંડાઓ વચ્ચે પણ મૂલ્યોનું ધોવાણ અટક્યું એને શુભમંગલ સંકેત ગણવો જોઈએ. એકાદ-બે કામ ઓછાંવધતાં તો થાય, પ્રશ્ન અસલિયતને જાળવવાનો છે. આપણે એ પણ જાણીએ છીએ કે આ પરિષદને સંકીર્ણતા નથી ખપતી. અનેક સાહિત્યિક વિધાઓ અને સાહિત્યકાર કે સાહિત્યરસિકને એમાં સ્થાન હોવું જોઈએ. મતલબ કે નિસ્બત ધરાવતા સભ્યોની સંખ્યા વધવી જોઈએ, પરંતુ જ્યારે ઉચ્ચાવચતાનો નિર્ણય કરવાનો થાય કે માનવમૂલ્યોની સ્થાપના-સુરક્ષા કરવાની થાય ત્યારે સ્વાભાવિક જ વિષયનિષ્ણાતો અને સર્વતોમુખી સાહિત્યકારોની સ્થાપના-આરાધના કરવી પડે. એ માટે બંધારણ અને વિવિધ સમિતિઓ છે જ. લોકમત કેળવવામાં પણ આ નીતિ મદદ કરે. ટૂંકમાં, નીતિવિષયક બાબતોને અનુલક્ષીને કેન્દ્રમાં નિષ્ણાતો જ હોય. પરિષદના વ્યાપક વિસ્તાર માટે સાચા સાહિત્યપ્રેમીઓ અન્ય રીતે જરૂર યોગદાન આપી શકે.

વ્યક્તિ સંદર્ભે અંગત વિચારસરણી કે કાર્યક્ષેત્ર અલગ અલગ હોય તોપણ, આ લખાય છે ત્યાં સુધી અમે સહકાર સહુનો લીધો છે, સદ્ભાવના સહુની મેળવી છે, પણ ગુજરાતી સાહિત્ય પરિષદ ક્યારેય કોઈ રાજકીય કે બિનરાજકીય પક્ષના ખોળે જઈને બેઠી નથી. એવી કોઈ નીતિ-રીતિનો પડછાયો પણ પડવા દીધો નથી. આજકાલ ઇરાદાપૂર્વક

એવી હવા વહેતી કરાઈ છે કે પરિષદ નિમિત્તે ભાજપની હાર થઈ અને કૉંગ્રેસ જીતી! આ સૌથી મોટું જુઠ્ઠાણું છે. પરિષદની ધારા, ભેદભાવ વિનાના માનવીય અભિગમની અને સાહિત્યના ઉત્કર્ષની રહી છે. ઊલટું, પોતાને રાજ્યસભામાં બેસાડનાર વડાંપ્રધાન ઇન્દિરા ગાંધીનો રણજિતરામ, ગોવર્ધનરામ અને ગાંધીજીના ઉત્તરાધિકારીને શોભે એમ ઉમાશંકર જોશીએ કટોકટીકાળમાં વિરોધ કરેલો. કેમ કે એક ગુજરાતી સાહિત્યકાર તરીકે એમના Spinal Cord અને Vocal Cordમાં ગુજરાતની અસ્મિતામાંથી પ્રાપ્ત થયેલી હિંમત ધબકતી હતી. પરિષદમાં પ્રદેશવાદ, સ્ત્રી-પુરુષ કે જ્ઞાતિ-જાતિનો ભેદ પણ થયો નથી. માત્ર અને માત્ર ગુણવત્તા અને સાહિત્યિક પ્રદાનને જ ધ્યાને લેવાય છે. આ વખતે પહેલી વાર ઉપર ગણાવ્યા તેવા ભેદભાવોએ બહુ ભદ્દી રીતે દેખા દીધી અને તે પણ સંસ્થાને 'કેપ્ચર' કરવાની કૂટનીતિના ભાગ તરીકે! ઘણીબધી બાબતોના, તમરાં ઊડી જાય એવા જવાબો આપી શકાય એમ છે, પણ નરસિંહ મહેતાએ કહ્યું છે ને? 'અધવધરાને શું ઉત્તર દઉં....?' આમ તો આ બધું દુનિયાના ચોકમાં જાહેર છે. નીરક્ષીરની સહુને ખબર છે, પણ 'તા કિ સનદ રહે....'ની રીતે આ નોંધવું એ નિવૃત્ત થતા પ્રમુખ માટે અનિવાર્ય છે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

સુમારે ૧૮૬૦માં જ્યારે નાતાલમાં શેરડીનો સારો પાક થઈ શકે એમ છે એવું ત્યાં વસતા ગોરાઓએ જોયું ત્યારે તેમણે મજૂરોની ખોજ કરવા માંડી. મજૂર ન મળે તો શેરડી પાકે નહીં, સાકરખાંડ થાય નહીં. નાતાલના હબસીઓ આ મજૂરી કરે તેમ નહોતા. તેથી નાતાલવાસી ગોરાઓએ હિંદી સરકાર સાથે મસલત ચલાવીને હિંદી મજૂરને નાતાલ જવા દેવાની રજા મેળવી. તેમને પાંચ વર્ષ મજૂરી કરવાની બંધણી, ને પાંચ વર્ષને અંતે સ્વતંત્ર રીતે નાતાલમાં વસવાની છૂટ, એવી લાલચો આપવામાં આવી હતી. તેમને જમીનની માલિકી ધરાવવાના પૂરા હક પણ રાખ્યા હતા. તે વખતે ગોરાઓ ઇચ્છતા હતા કે હિંદી મજૂર પોતાનાં પાંચ વર્ષ પૂરાં કર્યા પછી જમીન ખેડે ને પોતાના ઉદ્યમનો લાભ નાતાલને આપે.

આ લાભ હિંદી મજૂરે ધાર્યા ઉપરાંત આપ્યો. શાકભાજી પુષ્કળ વાવ્યાં. હિંદુસ્તાનનાં કેટલાંક મીઠાં શાકો વાવ્યાં. જે શાક થતાં હતાં તે સોંઘાં કર્યાં. હિંદુસ્તાનથી આંબો લાવીને વાવ્યો. પણ તેની સાથે તેણે તો વેપાર પણ કરવા માંડ્યો. ઘર બાંધવાને સારુ જમીનો ખરીદી ને મજૂર મટી ઘણા સારા જમીનદાર અને ઘરધણી થયા. મજૂરમાંથી થયેલા આવા ઘરધણીઓની પાછળ સ્વતંત્ર વેપારીઓ પણ આવ્યા.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

યુદ્ધ અને ઉષ્મા | અજય સરવૈયા

૧.

આમ આખેઆખી બેસી જાય છે ઇમારત;
ગલી, મોહલ્લા, દુકાન ને બજાર પણ
ધૂળ બની ફેલાઈ જાય છે ચોમેર.
રાત બેસી પડે છે દિવસ પર
ને ભાંગેલા દિવસના ટુકડા ફંગોળાઈને ફેંકાય છે
ક્યાંના ક્યાંય.

ધુમાડાનાં ઘટ્ટ વાદળો છવાતાં જાય છે ઉપર,
વચ્ચે ચમકારા થયા કરે છે અવાજના,
નીચે
પથારો કાટમાળનો.

ધુમાડો તમારા શરીર સોંસરવો નીકળી જાય,
અવાજ પણ નીકળી જાય તમારા શરીર આરપાર,
કાટમાળ
ભેગો થયા કરે તમારા શરીરમાં.

ધુમાડો હતો-ન હતો થઈ જાય,
અવાજ પહોંચી જાય ઠેઠોઠેઠ,
કાટમાળ
ત્યાંનો ત્યાં જ રહે.

તમે શોધ્યા કરો છો દિવસના એક ટુકડાને
તમારા શરીરમાંના કાટમાળમાં
કે જેના અજવાળે
ખોળી શકાય થોડી ઉષ્મા
આ ટાઢાબોળ રાતોમાં.

૨.

આવી રાતોમાં
તમે તમારી જાતને જોઈ શકતા નથી,
એ અઘરું જ હોય છે,
ને કડકડતી ઠંડીમાં તો એથીય વધારે અઘરું.
એટલે કાટમાળ તમારા શરીરમાં ક્યાં
અને કેટલો ભરાયેલો છે
એનો તાગ કાઢી શકાતો નથી.
રાતનો પણ ઘાટ કંઈ એવો છે
કે એમાં જે દેખાય છે એનો
બહુ ભરોસો કરાય એમ નથી.
શંકા, દુવિધા ને વિમાસણના
કોથળા ભરીભરીને થાક્યા હશો તમે.
હજી બીજું શું નીકળશે આ કાટમાળમાંથી
ને એને રાતના ભેખડ પરથી નીચે ફેંકાશે કે કેમ
એની પણ કોઈ સૂઝ પડતી નથી.
આશા, અપેક્ષા, અભિલાષાનાં દટાયેલાં પોટલાં
જડતાં નથી.
દિવસનો ટુકડો જડે
તો કંઈક હાથ લાગે.
હવે પાછળની શેરીમાંથી
કૂતરાઓના ભસવાનો અવાજ નથી આવતો.
કદાચ એમનો અવાજ અથડાઈ શકે
એવી શેરીઓ બચી નથી.
ચકલાં, બુલબુલ ને કાબર પણ લાપતા છે.
એમના કલબલાટનું વજન ઝીલી શકે
એવાં પાંદડાં રહ્યાં નથી.
ઘાસ ફૂટી ને ફેલાઈ શકે
એવી સ્વસ્થ જમીન બચી નથી.
આ બધાં વિના
તમે કઈ રીતે જોઈ શકો તમારી જાતને?

■

ઓ પપેટિયર, તારી મુક્તિના દરવાજા બંધ છે | પ્રવીણ પંડ્યા

આ સાંઠીકડાં અને માટી
ઝાડનો ગુંદર અને ચીંથરાં
લીલા પીળા રંગ અને ચમકતી રેતી
કોડીઓ અને પાંચિકા;
ભલા માણસ, આનાથી થોડી ઊભી થાય દુનિયા?
ને ઊભી થાય તોપણ એ કેટલાં ડગલાં ચાલે તારી આંગળીના ઇશારે?
તું હાથ ઊંચો કરે ને એ જય હો બોલે
તું ગીત ગાય ને એ પ્રેમ કરે
તું હાકોટો કરે ને એ શસ્ત્ર વીંઝે
તું દેખ્યા વિનાનું એને દેખાડે
ને એ સામે હોય એને અણદેખ્યું કરી નાચે રાખે
એ જ તો હતો ને તારો ખેલ?
ઓ પપેટિયર, તું કેટલો પરવશ છે
તેં વશમાં કરેલી તારી જ દુનિયાથી?
તારે સતત રચતા રહેવું પડે છે કપોળકલ્પિત કથાઓ તારા પપેટ્સ માટે,
તારે કાયમ જાતભાતના ચમત્કાર કરવા પડે છે પપેટ્સ પર કાબૂ જાળવવા,
ઓ પપેટિયર,
તું સમજી નથી શક્યો પપેટ્રીનો મર્મ
તું બંધાયેલો છે
તેં એમને બાંધેલા દોરાથી
ઓ પપેટિયર, તારી મુક્તિના દરવાજા બંધ છે.

■



ચોમાસું | જયંત ડાંગોદરા

(સૉનેટ : શાર્દૂલવિક્રીડિત)

શાહીનો ખડિયો ગયો ગગનમાં ઢોળાઈ જાણે ન હો,
એવાં ગાઢ ડિબાંગ વાદળ ભમે છે મંડરાતાં શિરે.
ને દેતી રસરૂપથી જગ ભરી આખુંય જે ચંદ્રિકા,
અંધારું ઘનઘોર કાજળ સમું અંગે લપેટી ફરે.
દોડાદોડ કરે, વળી હણહણે અશ્વો ધુમાડે ગયા,
વીંઝાતી તલવાર જેમ નયનો જ્યાં વીજળીનાં રમે,
ત્યાં કો એકલ મોર એમ ગજવે તોડી ગળું તોરથી
જાણે ઠાલવતો ન હોય વગડે ગુસ્સો હજી ગ્રીષ્મનો!

લિંબોળી ટપકે ટપાક ટપ ને મૂંઝાઈ પંખી જતાં,
કે ચોમાસું કશીય જાણ જ વિના આવી ચડ્યું ઉંબરે.
મૂકી આળસને લગીર તડકે લાગી પડ્યાં સૌ પછી
હોલાં ચાતક ને સમસ્ત કીટકો કલ્લોલને ગૂંથવા.
આવું કામણ જોઈ મેઢક ફરી જાગ્યો સફાળો અને
ગોરંભેલ બધી ઉદાસ પળને છપ્પાક કૂદી ગયો.

■

ડાબલો વારતાનો | અનિરુદ્ધસિંહ ગોહિલ

સૉનેટ

(મંદાક્રાન્તા)

રોજે રોજે નિત નિત નવી માંડતા વારતા જે
દાદી રે'તાં અપરિચિત કો' વૃદ્ધ પાડોશમાં એ
માથે ઓઢી મલમલ તણો છેડલો સાડલાનો
ખોલે મોંઘો મનભર પછી ડાબલો વારતાનો
માંડે વાતો અદ્‌ભુત રસી ઊડતાં ઝાડવાંની.
સૃષ્ટિ જાણે અજબ રસની ભૂલવે ભાન બાની
કેવી લાગે અસલ દુનિયા વારતામાં મજાની
રાતે વાળુ ઝટપટ કરી વાટ જોતું બધાની
છાનુંમાનું અરવ પગલે આ સભામાં પ્રવેશી
ટોળું આખું ટણક સરખું સાવ રે શાંત બેસી
એકી ચિત્તે અચરજભરી સાંભળે સૌ કથાઓ
ઓટે બેસી દિવસભરની ભૂલતું સૌ તથાઓ.

આંખો ભીની ચહુ દિશ ફરી હાથ હૂંફાળ ગોતે
દાદી હોતે અગર મુજનાં કાશ આવાં જ હોતે.

■



ગઝલ | દિનેશ ડોંગરે "નાદાન"

એક ચેતન તત્ત્વ છે ચોપાસમાં;
જિંદગી હોતી નથી કંઈ શ્વાસમાં.

તું મને એના વિશે કંઈ પૂછ ના;
જીવતર વીતે છે કેવા ત્રાસમાં?

ગોપીઓ હાજર બધી હો તે છતાં;
કૃષ્ણ વિણ ક્યાં કંઈ મજા છે રાસમાં!

ફૂલને બસ એ જ તો અફસોસ છે;
ઓસ આળોટે છે સુક્કા ઘાસમાં.

વ્હેણ જોઈ એમ લાગે છે મને;
ખૂબ વર્ષા થઈ છે ઉપરવાસમાં.

હું હવે પહોંચ્યો છું એવા સ્થાન પર;
ફેર ક્યાં છે આમમાં ને ખાસમાં!

એટલે નાદાન અહીં ગમતું નથી;
કોઈ પણ રહેતું નથી આવાસમાં.

■

કાવ્ય | હર્ષ બ્રહ્મભટ્ટ

- પીઠ પર
રણને ઊંચકીને
આ ઊંટ
કરવા નીકળ્યા
રણને પાર...

- બારીમાંથી
આવતી
ઝીણી ઝીણી
વાછટની જેમ,
આ
કયા જનમની
કઈ ક્ષણો આવીને
ભીંજવ્યા કરે છે?!
શા માટે?!

- કાળાં ડિબાંગ વાદળો,
ઘનઘોર ગોરંભો,
ગગન ગજવતા
ગડગડાટ સાથે
મારા હૃદયમાં
વીજળીની જેમ જે
ચમકી ઊઠે
તે ગઝલ!
ને
વીજ-ચમકારે જો
મોતી પરોવાઈ જાય
તો તે કાવ્ય!

- મારું ધ્યાન રહ્યું
કેવળ
મારા પતંગમાં,
તેથી
ચૂકી ગયો
ઉત્તરાયણનું
આખું યે
આકાશ!

- એલાર્મ તો
દરેક વખતે
વાગે જ છે –
અંદરથી;
પણ
જગાતું નથી;
જાગી જવાય તો
પથારીમાંથી
ઉઠાતું નથી
એમાં ને એમાં
રહી ગયાં બધાં ય વહાણ –
કિનારે
અને
વહી ગયો દરિયો!

■

કવિ : દુન્યા મિખાઇલ

અનુ. : કિશન પટેલ (અશોક પાંડેના હિન્દી અનુવાદને આધારે)

કવિતા શીર્ષક : ચિત્રકાર બાળક

- તાત, મારે રંગવું છે આકાશ
- રંગી નાખ, વ્હાલા
- રંગી નાખ્યું, તાત
- પણ કેમ, આ રંગો આમ વિખેર્યા છે?
- કારણ કે તાત, આકાશને ક્યાં છે કોઈ પાર કે કિનાર?

* * *

- તાત, મારે દોરવી છે ધરતી
- દોરી નાખ, વ્હાલા
- દોરી દીધી
- પણ આ કોણ છે ચિત્રમાં?
- મારી મિત્ર
- તો ધરતી ક્યાં?
- એના દફ્તરમાં

* * *

- તાત, મારે ચંદ્ર ચીતરવો છે
- ચીતરી નાખ, વ્હાલા
- પણ ચંદ્ર ચીતરાતો નથી, તાત
- શા માટે
- લ્હેરો વારંવાર એનો ભાંગીને ભુક્કો કરે છે

* * *

- તાત, મારે રંગવું છે સ્વર્ગ
- રંગી નાખ, વ્હાલા
- રંગી નાખ્યું

- પણ મને કેમ દેખાતો નથી કોઈ રંગ?
- તાત, સ્વર્ગને ક્યાં છે કોઈ રંગ?

* * *

- તાત, મારે યુદ્ધ ચીતરવું છે
- ચીતરી નાખ, વ્હાલા
- ચીતરી નાખ્યું
- અને આ કૂંડાળું શેનું છે?
- વિચારો, તાત
- લોહીનું ટીપું
- ના
- બંદૂકની ગોળી
- ના
- તો પછી?
- સ્વિચ! જે ઓલવી દે છે દીવાને.

કવિતા : પાંચ મિનિટ

પાંચ મિનિટમાં થઈ જશે દુનિયાનો અંત
પાસેની દુકાનનો માલિક 'દુકાન બંધ'નું પાટિયું મારી ચાલ્યો ગયો છે
જાણે એને ખબર હોય કે કામ માટે હવે નથી બચ્યો સમય.
બીજી દુકાનો ખુલ્લી છે
ને માલિકો વળગ્યા છે કામે
પણ દુનિયાની બચી છે થોડી જ અવધિ
રસ્તા પરથી પસાર થતું ચંચળ છોકરાઓનું ટોળું
જે દોરી જાય છે એક વૃદ્ધને.
એમની પાછળ એક કૂતરો
લાલ છે ટ્રાફિક સિગ્નલ
બસડ્રાઇવર સેટ કરે છે રિયરવ્યૂ મિરરને
છતાં ઘણાં દૃશ્યો રહ્યાં છે મિરરમાંથી પસાર થવાનાં બાકી.
બસ આગળ વધે છે
ટ્રાફિક સિગ્નલ લીલું થાય છે.
લાઇટ બદલતી રહેશે દર પાંચ મિનિટે પોતાનો રંગ
એક યુવક જુએ છે ઘડિયાળમાં
આવનાર બસની રાહમાં

બગીચામાં સૂર્યની સાક્ષીએ.
બાવલા પાસેથી પસાર થાય છે હસતું એક યુગલ
સ્વછંદી બાવલું
એકધ્યાન થઈ જોઈ નથી શકતું કોઈ પણ વસ્તુઓને
એક જિજ્ઞાસુ પ્રવાસી લટાર મારતો જુએ છે
ને કરી લે છે એ બધું જ એની તસવીરમાં કેદ
જે કદાચ ભૂંસાઈ જશે કાલે અહીંથી
નજીકની સફેદ હૉસ્પિટલમાં, સ્ત્રીઓ જન્મ આપી રહી છે બાળકોને
ઘણું મોટું થઈ ગયું છે,
એક વૉર્ડમાં, ટેસ્ટટ્યૂબમાં જ
નામકરણ વિના એમણે દુનિયાથી લેવી પડશે વિદાય.
જ્યારે, હમેશાં જોતી રહેતી મોટી આંખોની કેદમાંથી
બચી ભાગશે લૅબોરેટરીનો ધ્રૂજતો ઘસડાતો ઉંદર.
મુશ્કેલ નથી પરીક્ષણ
પરંતુ પરિણામની રાહ જોવા સાટું
નથી રહી બહુ ક્ષણ
ને હવે કોઈ ફરક નહીં પડે
કે તમે એને ઓળખો છો કે નહીં.
સૂંઘો ગુલાબ ને કૂચ કરતા રહો
કૂચ કરતા રહો ને સૂંઘો ગુલાબ
ગુલાબ જાણે છે
દુનિયા પાંચ મિનિટમાં તબાહ થઈ ચૂકી હશે.
દુકાનમાં પૂતળાને પહેરાવેલું ભૂરું સુંદર શર્ટ
યુવતી તેના મિત્રને બતાવી રહી છે
અને તેઓ આગળ વધી રહ્યા છે ટર્નસ્ટાઇલ તરફ
ઊંચી ઇમારતનો કોળિયો બનવા
ભીંત પર જાજરમાન જાહેરાતો
બમ્પર સેલ
ચહેરાની કરચલીઓ માટે નવો ઇલાજ
સિગારેટ હૃદય માટે હાનિકારક નથી
પણ આવશે દુનિયાનો અંત
ભીંતોથી ઘેરાયેલા શહેરમાં,

ભીંતોથી ઘેરાયેલા મહેલમાં,
ભીંતોથી ઘેરાયેલા ખંડમાં.
તાનાશાહ ચાવી રહ્યો છે સફરજન
અને જોઈ રહ્યો છે પોતાને ટી.વી.માં
કોણ માનશે કે આવનારી પાંચ મિનિટમાં
એણે ગુમાવી દીધો હશે એનો તખ્ત.
બીજા એક કેદીને થઈ મોતની સજા
તેનો વકીલ મૂકે છે અરજ
પણ દુનિયા તો....
બહાર જતાં યાત્રી ધકેલે છે દ્વાર
અંદર આવનાર માટે બને છે એ જ પ્રવેશદ્વાર
એક સ્ત્રી સૂટકેસ નીચે મૂકી લહેરાવે છે હાથ (મને નહીં)
એરપૉર્ટના કાચ પાછળથી એક માણસ લહેરાવે છે હાથ (ના! તમે નહીં)
મને નથી ખબર કે તેઓ મળી શક્યા કે નહીં
કે પછી સમય...
યુનિવર્સિટીમાં ભણતો છોકરો મુસાફરી માટે પસંદ કરે છે ટ્રેન
પણ હવે કોઈ ફરક નથી પડતો
એણે પિકનિક પ્લાન કરી છે મિત્રો સાથે
મને નથી ખબર કે દુનિયાના અંત પહેલાં પિકનિક પૂરી થશે
કે પિકનિક પહેલાં આ દુનિયા.
મારી કરું જો વાત તો હું લખી રહી છું એક પત્ર
મને નથી ખબર કે
પાંચ મિનિટમાં પૂરો કરી શકીશ કે નહીં મારો આ પત્ર.

* દુન્યા મિખાઇલ (Dunya Mikhail)નો જન્મ ૧૯૬૫માં બગદાદમાં થયો હતો. તેઓ હાલ અમેરિકા ખાતે નિવાસ કરે છે. અમેરિકા આવતાં પહેલાં તેઓ The Baghdad Observerમાં સાહિત્ય વિભાગનાં સંપાદક અને અનુવાદક તરીકે કાર્યરત હતાં. તેમના લેખનને કારણે સરકારી તંત્ર તરફથી મળતી ધમકીઓએ ૧૯૯૦નાં અંતિમ વર્ષોમાં તેમને પોતાનું વતન છોડવા મજબૂર કર્યાં. અમેરિકા પહોંચ્યા બાદ તેમણે Wayne State Universityમાં અભ્યાસ કર્યો. ૨૦૦૧માં પ્રતિબદ્ધ લેખન માટે તેમને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા માનવઅધિકાર સન્માન મળ્યું હતું. દુન્યા મિખાઇલ અરબી અને અંગ્રેજી ભાષામાં કવિતાઓ લખે છે. તેમના કાવ્યસંગ્રહ The War Works Hardને PEN Translation Award મળ્યો હતો અને તેને New York Public Library દ્વારા વર્ષનાં શ્રેષ્ઠ પુસ્તકોમાં સ્થાન આપવામાં આવ્યું હતું. તેમના ઘણા કાવ્યસંગ્રહો પણ પ્રકાશિત થયા છે.

■

સંશય

કલ્પેશ પટેલ

પુષ્પેન્દ્ર સોફામાં ફસડાઈ પડ્યો. કપાળ પર પરસેવો વળી ગયો. છાતી ભીંસાતી હોય એમ લાગ્યું. હાથમાંના ફોન સામે જોઈ લઈને તેણે સોફા પર પટક્યો. પ્રીતિ રસોડાના ડોર પાસે ઊભી હતી. એણે પુષ્પેન્દ્રના મોઢા પરના ભાવ વાંચવા માંડ્યા. પુષ્પેન્દ્રનું સાવ જ ઊતરી ગયેલું મોં જોઈને એણે પૂછ્યું : "શું થયું? બધું બરાબર તો છે ને!"

પુષ્પેન્દ્ર કશો જવાબ આપ્યા વિના એમ જ સુન્ન થઈને બેસી રહ્યો.

"કેમ, આમ લેવાઈ ગયા? મોંમાં મગ ભર્યા છે? કેટલી વાર કહ્યું કે આ રીતે તોબરો ચડાવીને મારી સામે ન બેસવું... પણ –"

પ્રીતિએ ધમકાવ્યો છતાં પુષ્પેન્દ્ર કંઈ ન બોલ્યો. સામેની ભીંત પર હસી રહેલી ગુરુદેવની છબી સામે જોતો રહ્યો. પ્રીતિએ શંકાથી પૂછ્યું, "ગુરુદેવને કંઈ થયું?"

પુષ્પેન્દ્ર સોફામાંથી ઊભો થઈ ગયો. માંડ માંડ બોલ્યો, "ગુરુદેવને તો કંઈ નથી થયું, પણ એમની પર..." ને ટીવીનું રિમોટ શોધવા લાગ્યો. ન મળ્યું એટલે કરાંજતાં બોલ્યો, "રિમોટ ક્યાં ગયું?"

"ગુરુદેવે ના પાડી ત્યારથી ટીવી જ ક્યાં જોઈએ છીએ આપણે?" પ્રીતિ બોલી અને સોફા પાસે આવીને રિમોટ શોધવા લાગી.

"પાછા ગુરુદેવ!" પુષ્પેન્દ્ર ગણગણ્યો.

"ન્યૂઝ જોવા છે?... તો મોબાઈલ પર જ જુઓને!" પુષ્પેન્દ્રને પણ વાત સાચી લાગી. મનોમન બોલ્યો, મગજ જ જાણે મારી ગયું છે, પછી શું કરું? ને રિમોટ શોધવાનું પડતું મૂકીને મોબાઇલ હાથમાં લઈને ન્યૂઝ ચાલુ કરવા ગયો એટલામાં ફરી એનો ફોન રણક્યો, એણે સ્ક્રીન પર જોઈને તરત ઉપાડીને 'હેલો' કહ્યું.

"જોયું પી.ડી.?...અમે શું કહેતા'તા! અમે તો ઓળખીને બેસી ગયા'તા! પણ તમારી બુદ્ધિ ચરવા ગઈ હતી! જોયાને ભવાડા!" દિલીપ જાણે બન્દૂકમાંથી ગોળીઓ છોડી રહ્યો હતો!

"જો દિલીપ! આક્ષેપ મૂક્યાથી કંઈ સાચું ન થઈ જાય! ને સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી સૂર્યને કંઈ ફરક ન પડે!" પુષ્પેન્દ્રએ કહ્યું પણ એને પોતાને લાગ્યું કે એના બચાવમાં દમ નહોતો. માંડ માંડ ફોન પૂરો કરતાં એ બોલ્યો,

— "આ એક છટકું પણ હોઈ શકે ને! ગુરુદેવને ફસાવવાનું... અને બીજા સંપ્રદાયવાળાને તું જેવાતેવા ન માનતો! ગુરુદેવ જેવા પવિત્ર પુરુષ પર કીચડ ઉડાડનારાઓના હાથ હેઠા ન પડે તો જોજે!" કહીને તેણે ફોન મૂકી દીધો.

"નાલાયક!" એમ દિલીપને ધિક્કારીને તેણે પ્રીતિ સામે જોયું તો એનો ચહેરો રૂની પૂણી જેવો થઈ ગયો હતો. જાણે પોતે જ કોઈ ગુનો કર્યો હોય એમ પુષ્પેન્દ્ર બોલવા લાગ્યો, "આ તો બધા આક્ષેપો છે પ્રીતિ! ગુરુદેવની પ્રતિષ્ઠા લોકોથી જોઈ જતી નથી. તું જ કહે, તું તો દરરોજ તેમને સાંભળવા જાય છે. તને કદી એવું લાગ્યું?"

— "એવું એટલે કેવું?" પ્રીતિનો અવાજ ફાટી ગયો. એ પણ પુષ્પેન્દ્રની બાજુમાં બેસી પડી.

— "એટલે... એટલે એમ કે... કૅરેક્ટર બાબતે?" પુષ્પેન્દ્રની જીભ પણ લથડી ગઈ હોય એમ બરાબર બોલી જ શકાતું નહોતું.

"કોના કૅરેક્ટરની વાત કરે છે તું?" પ્રીતિ પણ જાણે બોલતાં અચકાતી હતી.

— "અરે, ગાંડી! ગુરુદેવના! કોના તે! કોઈ વૈશ્વિકા નામની છોકરીએ ગુરુદેવ પર આક્ષેપ મૂક્યો છે; મીડિયા સામે પુરાવા રજૂ કર્યા છે અને આજે પોલીસ કેસ પણ...!"

— "શું?" પ્રીતિને આગળ શું બોલવું તે ન સૂઝ્યું... માંડ માંડ બોલી : "વૈશ્વિકા? વૈશ્વિકા તો..."

— "તું ઓળખે છે એને?" પુષ્પેન્દ્રએ પ્રીતિને પૂછ્યું. "હું કેવી રીતે ઓળખું! તમે—"

"હં! ના! ના!...પણ નામ ફૅમિલિયર તો લાગે છે... પણ ગુરુદેવ તો... સ્ત્રીઓ સામે ઊંચી નજરે જોતા પણ નથી એને ઠેકાણે આવો આક્ષેપ...?"

— "એ જ તો વાત છે, પ્રીતિ!" બોલીને પુષ્પેન્દ્રએ મોબાઇલમાં ન્યૂઝ ચાલુ કર્યાં. શહેરના જાણીતા મોટા ધાર્મિક વડા પર વૈશ્વિકાના આક્ષેપો પછી તાપસી માનવ નામની બીજી એક યુવતી પણ નીડરપણે બહાર આવી છે એ જોતાં નિર્ભયદાસજી મહારાજ પર કાનૂનનો શિકંજો મજબૂત થઈ રહ્યો છે, કેસમાં ગુરુદેવ દ્વારા શારીરિક રીતે જેનું શોષણ થયું છે એવી સ્ત્રીઓની યાદી વધુ લાંબી થઈ શકે છે. અમારી ટીમે ગૃહમંત્રીનો ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો... ગૃહમંત્રીએ સ્પષ્ટ ભાષામાં કહી દીધું છે કે તપાસ નિષ્પક્ષતાથી કરવામાં આવશે. સરકાર કોઈની શેહમાં આવશે નહિ. આમાં જેની જેની પણ સંડોવણી હશે એની વિરુદ્ધ પગલાં લેવામાં આવશે!"

પુષ્પેન્દ્રએ અચાનક જ પ્રીતિ સામે જોયું. પ્રીતિ ધ્યાનપૂર્વક બધું જોઈ રહી હતી. પુષ્પેન્દ્ર એનો ચહેરો વાંચવા લાગ્યો. એના ચહેરા પર ગુસ્સો છે, નફરત છે?... નફરત છે તો કોના પર છે? ગુરુદેવ પર? કે પેલી છોકરીઓ પર?... પણ...

એટલામાં પ્રીતિના ફોનની રિંગ વાગી. ફોન રસોડામાં હતો. પ્રીતિ સફાળી ફોન લેવા દોડી તો પુષ્પેન્દ્ર છેડાઈ પડ્યો, – "ઊભી રહે!"

પ્રીતિ છળી ગઈ, – "પણ, ફોન..."

"કહ્યું ને! ઉતાવળ ન કરતી! કોનો ફોન છે એ જોઈને ઉપાડજે!"

પ્રીતિ ઊભી રહી ગઈ, પાછી વળી ગઈ. જ્યાં હતી ત્યાં બેસી ગઈ, - "સારું! તમે જ વાત કરો!"

પુષ્પેન્દ્ર મોં મચકોડી રહ્યો. નસકોરાં ફુલાવી રહ્યો. એની આંખો ચકળવકળ ફરી રહી. એટલામાં રિંગ વાગતી બંધ થઈ ગઈ. વળી બંનેએ પુષ્પેન્દ્રના ફોનમાંના સમાચારમાં ધ્યાન પરોવ્યું.

"અમારા સંવાદદાતા રાહુલ ગુરુદેવ નિર્ભયદાસજી મહારાજના સંકુલની બહાર ઊભા છે. આપણે એમની પાસેથી જ જાણીએ... બોલો, રાહુલ... ગુરુદેવ સંકુલમાં અત્યારે શી ગતિવિધિ છે?"

"તમે જોઈ શકો છો વિરલ! અત્યારે હું આ સંકુલની બહાર ઊભો છું. આ સંકુલ વિવાદના વમળમાં સપડાયું એટલે અહીં પોલીસ પૂરતા પ્રમાણમાં તહેનાત છે. લોકોનાં ટોળેટોળાં તમે જોઈ શકો છો. આવો, આપણે પબ્લિક રિવ્યૂ લઈએ.. બોલો, બેન! તમે આ વિવાદ વિશે શું કહેશો?" "ભાઈ! મને તો આમાં કોઈ મોટું ષડ્યંત્ર લાગે છે! ગુરુદેવ નિર્ભયદાસજી તો પવિત્ર પુરુષ છે. તેમની છબી ખરાબ કરવાના આ પ્રયાસો છે! તેમની પર આક્ષેપ મૂકનાર સ્ત્રીઓને મોટી લાલચ આપવામાં આવી છે!"

"પણ કોઈ સ્ત્રી પોતે જ પોતાના જાતીય શોષણની બનાવટી વાત કરે કદી?" રાહુલ સામે દલીલ કરે છે. એટલામાં ત્રણ-ચાર જોર જોરથી સૂત્રોચ્ચાર કરે છે, "સજા કરો સજા કરો! ઢોંગી બાબાને સજા કરો!"

પુષ્પેન્દ્રએ પ્રીતિ સામે જોયું. એ ધ્યાનથી ન્યૂઝ જોઈ રહી હતી, ફરી વાર પુષ્પેન્દ્ર એના ભાવ પકડવા મથી રહ્યો. એટલામાં ફરી વાર પ્રીતિનો ફોન રણક્યો. પુષ્પેન્દ્ર પોતાનો ફોન પ્રીતિના હાથમાં પકડાવીને રસોડા તરફ દોડ્યો. સ્ક્રીન પર વૈશાલીનું નામ દેખાઈ રહ્યું હતું. પુષ્પેન્દ્રએ ફોન ઉપાડ્યો, - "હેલો!"

"પ્રીતિ નથી?"

"છે, બોલો.. બોલો! શું કામ હતું?"

"અરે, કામનું ક્યાં પૂછો છો.. ભાઈ જોતા નથી?.. આબરૂ જવા બેઠી છે ને!!"

"પણ એમાં આપણો શું વાંક... ચિંતા શું કામ કરો છો?"

"- ચિંતા કેમ ન થાય ભાઈ?" સામેનો અવાજ તરડાઈ ગયો. પૂછો પ્રીતિને, ગુરુદેવના સત્સંગમાં સૌથી આગળ બેસનારાં તો અમે બે જ ને! હું ને પ્રીતિ! વાગતું વાગતું આ બધું અમારા સુધી નહીં આવે એની શી ખાતરી? અને આ રિપોર્ટરોની તમને ખબર છે ને! પાણીમાંથી પોરા કાઢે!" પુષ્પેન્દ્ર અવાચક થઈને સાંભળી રહ્યો. માંડ માંડ બોલ્યો, "એટલે...?"

"- અરે ભાઈ! એટલે એમ કે અમે તો નિર્દોષ છીએ, પણ કોઈ અમારી સામે પણ આંગળી ચીંધે તો? પેલા વૈશ્વિકા ને ગુરુદેવ વચ્ચે જે કંઈ બન્યું હોય તે, સાચું કે ખોટું જે હોય તે, પણ... અમે? અમે તો બોલીએ તોય મરીએ ને ન બોલીએ તોય મરીએ!"

પુષ્પેન્દ્રના પગની પિંડી લબકારા મારવા લાગી. બોલીએ તોયે મરીએ ને ન બોલીએ તોય મરીએ એટલે શું? તો શું વૈશાલી અને પ્રીતિને ગુરુદેવની પ્રવૃત્તિઓની ખબર હતી? સંકુલમાં સ્ત્રીઓનું શોષણ ખરેખર થતું હતું? શું વૈશ્વિકા સાચી હતી? અને એવું હોય તો પછી પ્રીતિ...

"- હેલો ભાઈ! મારા હસબંડનો ફોન આવે છે એટલે મૂકું છું! મારું તો આવી જ બનવાનું. એ તો મને રોજ આ ભગતવેડા કરવાની ના પાડતા હતા... પણ હું જ ઘેલી થઈને... પણ પ્રીતિને તમે કહેજો કે ધ્યાન રાખે! ચાલો.. જય...ગુ...રુ.!"

વૈશાલીનો ફોન મુકાઈ ગયો. પ્રીતિ પાસે આવીને ઊભી હતી. પુષ્પેન્દ્રે એની સામે અજાણી નજરે જોયું. આંખોમાં ખુન્નસ આવીને સ્થિર થઈ ગયું.

— "શું કહેતી હતી વૈશાલી?" પ્રીતિના અવાજમાં અશ્રદ્ધા હતી? સંશય હતો કે ભય?

— "બીજું શું કહે? એણે કહ્યું કે પ્રીતિને કહેજો કે મોઢું ન ખોલે!"

— "શું?"

— "હા... તમને પણ લોકો પૂછશે., કેમ કે, તમે ગુરુદેવની નજીક હતાં!" પુષ્પેન્દ્રે 'નજીક' શબ્દ પર મૂકેલો ભાર પ્રીતિને હૈયે વાગ્યો.

— "નજીક હતાં એનો મતલબ એ નથી કે" — પ્રીતિ આગળ ન બોલી. પુષ્પેન્દ્રનો ફોન સોફા પર પડ્યો પડ્યો બોલી રહ્યો હતો, "મળતા સમાચાર મુજબ શહેરની અનેક મહિલાઓ આ સો કોલ્ડ મહાત્માની વાસનાનો શિકાર બની છે, પણ આબરૂ જવાના ભયે કોઈ મોં ખોલી રહ્યું નથી. એ સ્થિતિમાં વૈશ્વિકા અને તાપસીની હિંમતે આ લંપટ બાબાની લીલાઓને ઉઘાડી પાડી છે!..."

પ્રીતિ સોફા પાસે પહોંચી ગઈ અને તેણે ફોન બંધ કરી દીધો. પુષ્પેન્દ્રે બૂમ પાડી —

— "કેમ બંધ કરી દીધો?"

— "તો શું આ તો કંઈ પારાયણ છે કે સાંભળ-સાંભળ કરવાની?"

— "આ જ તો ખરી પારાયણ છે!" પુષ્પેન્દ્ર ગરજી ઊઠ્યો. એના મોં પર લોહી ધસી આવ્યું હતું. એણે પ્રીતિનો હાથ પકડીને ઘુજાવીને પોલીસની જેમ પૂછ્યું — "પ્રીતિ! સાચેસાચું કહે! તું પણ ક્યાંક.."

પ્રીતિને જાણે પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ. એણે પુષ્પેન્દ્રને જોરથી ધક્કો મારતાં કહ્યું, "આધો ખસ નમાલા!"

પુષ્પેન્દ્ર બેવડ વળી ગયો.. શું પોતે ખરેખર નમાલો હતો? શું ગુરુ લંપટ હતા? અને પ્રીતિ?..શું એ પણ...? તો પછી.. એટલામાં પ્રીતિના ફોનની રિંગ પાછી વાગવા લાગી. સ્ક્રીન પર 'આશ્રમ' શબ્દ પ્રીતિની જેમ જ પુષ્પેન્દ્ર પણ જોઈ રહ્યો. પ્રીતિએ ફોન ન ઉપાડ્યો, પુષ્પેન્દ્ર ઉપાડવો કે નહિ એની અવઢવમાં ફોન સામે જોતો રહ્યો!

■

વાનરરાજ

સાગર શાહ

"ચિન્ટુ, ક્યાં છે તુ?"

મમ્મી હાંફળાફાંફળા અવાજે બોલી.

"અરે તને ખબર તો છે. શાક..."

હું વાક્ય પૂરું કરવા ગયો ત્યાં મમ્મીની ફાટેલા અવાજમાં ચીસ સંભળાઈ અને ફોન કટ થઈ ગયો. હું ચોંકી ગયો. મેં ફરી મમ્મીનો નંબર જોડ્યો. આપને જિસ નંબર કો કૉલ કિયા હૈ વો અભી સ્વિચ્ડ ઓફ હૈ.

હું ગભરાયો. ક્યાંક એવું જ તો? ફટાફટ મેં શાકની થેલી લીધી. ઍક્ટિવા ચાલુ કર્યું ને સીધો ઘર તરફ ધસ્યો.

અમારા ફ્લૅટનું કમ્પાઉન્ડ એકદમ જ શાંત હતું. એ જોઈને મારી શંકામાં વધારો થતો હતો. બેચેની વધી રહી હતી. હું લિફ્ટની રાહ જોવા પણ ન રોકાયો. દોડીને દાદરા ચઢી ગયો.

ને જેવો ત્રીજે માળ મારા ફ્લૅટમાં પ્રવેશ્યો તેવું જ...

તેવું જ મેં જોયું કે ડાઇનિંગ ટેબલ પર મમ્મી બેઠેલી અને એની પાછળ બ્લૂ યુનિફૉર્મમાં એક વાંદરો ઊભેલો.

સાલા અહીંયાં પણ પહોંચી ગયા આ લોકો...

ગુસ્સાથી મારા માથાની નસો તમતમવા લાગી અને હું એ વાંદરા તરફ ધસ્યો. મનમાં હતું કે એને મુક્કો મારું કે એની ગળચી દબાવું ત્યાં...

ત્યાં જ કોણ જાણે ક્યાંકથી બીજો એક વાંદરો પ્રગટ થયો. એ કદાચ સોફા પર બેઠેલો ને કૂદીને મારા સુધી પહોંચી ગયેલો. ને જેવો પહોંચ્યો કે એણે મને સટ્ટાક દઈને એક લાફો ચોડી દીધો. એના પંજાનો ઝાટકો મને ગાલ પર અનુભવાયો. મેં એની સામું જોયું. એના હોઠની આસપાસના ફૂલેલા ભાગ વચ્ચે દાંત સહેજ ભીંસાયેલા. આંખો પહોળી હતી. બસ, એટલો જ ગુસ્સો. જાણે કોઈ માસ્તર તોફાની છોકરાને લાફો ચોડતા હોય એટલો. બીજો વાંદરો જેના પર હું હુમલો કરવા જતો'તો એણે શાંતિથી ખિસ્સામાંથી નાનકડું દોરડું કાઢી મારા હાથ બાંધી દીધા. ત્યાં જ એક ત્રીજો વાંદરો રસોડામાંથી આવી ગયો. એ પ્રમાણમાં બટકો અને ઘરડો લાગતો હતો. એણે બહાર આવીને સીધો મારો

કૉલર પકડી લીધો. ને મારી સામે ઘોઘરા અવાજમાં કશુંક બોલવા લાગ્યો. દેખીતું હતું કે એ ગુસ્સે ભરાયેલો ને કશીક ધમકી જ આપતો'તો, પણ એની ભાષા મને સમજાતી ન્હોતી. દોરડું બાંધવાવાળાએ એની વાતોનો અનુવાદ કરતાં કહ્યું, "એ એમ કહે છે કે વધારે હોશિયારી મારવાની રહેવા દેજે. નહીંતર તારી એવી ખરાબ હાલત કરીશું કે.... જોઈ છે ને ચંદ્રેશની હાલત. આ જ એરિયાનો છે ને એ?"

હું કંપી ગયો. ચંદ્રેશે આ વાંદરાઓ પર હુમલો કરવા પ્રયાસ કરેલો. એને એટલો બધો ખરાબ રીતે પીટવામાં આવેલો કે એની કરોડરજ્જુ અને ગરદન ભાંગી ગયેલાં. કાયમ માટે અપંગ થઈ ગયેલો. વ્હીલચેરને સહારે એનું જીવન ચાલતું ને રિમોટકંટ્રોલ આ વાનરો પાસે. એ ઇચ્છતા હોત તો ચંદ્રેશને મારી શક્યા હોત. પણ એને ઉદાહરણ તરીકે લોકોની સમક્ષ મૂકવા રાખવા જીવતો રખાયેલો. કમ સે કમ લોકોનું તો એવું જ કહેવું હતું.

આ બાજુ મમ્મીનાં ડૂસકાં ચાલુ હતાં.

ચૂપ થઈ જાઓ આંટી. પેલો ગુજરાતી અનુવાદ કરવાવાળો વાનર જોરથી બોલ્યો. એના અવાજમાં ચીડ અને કંટાળો હતાં.

દરમિયાન ત્રણેય વાંદરાઓએ ભેગા મળીને મને સોફા પર બેસાડી દીધેલો. ને મમ્મી.... મમ્મી પણ પેલાની ધમકી સાંભળીને હોઠ ભીડી નીચું જોવા લાગેલી. જોકે એકાદ આંસુ તો એની આંખમાંથી...

આ રીતે ગુસ્સો કરવાથી કશું નથી થવાનું. થશે તો કદાચ નુકસાન જ થશે. એમ વિચારી મેંય આંખો ઢાળી દીધી. ઊંડા શ્વાસ લેતાં ઠંડા કલેજે વિચારવાનું નક્કી કર્યું.

કેવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી? અમારું ઘર...અમારું પોતાનું ઘર આ વાંદરાઓના કબજામાં આવી ગયેલું.

આમ જોઈએ તો આ હમણાંની ખાસ્સી વ્યાપક બનતી જતી ઘટના હતી. એટલે આમાં કંઈ સાવ નવાઈ પામવા જેવું નહોતું. પણ અમારા ફ્લૅટમાં, અમારા ઘરમાં આવું બનશે ને એય આટલું જલદી એવું મેં કોણ જાણે કેમ, ધાર્યું નહોતું. વિચાર્યું નહોતું.

બેઠા બેઠા મનમાં વિચારો ચાલવા લાગ્યા. મમ્મી-પપ્પાનું તો ઠીક છે. એમની મૂવમેન્ટ તો પહેલેથી જ ઓછી છે. પણ અમારું શું થશે? મારું ઑફિસ જવાનું, રિહાનની સ્કૂલ, નિકિતાનાં ટ્યૂશન્સ ને અમારું હરવાફરવાનું? અત્યારે તો નિકિતા રિહાનને લઈને એને પિયર ગઈ છે. પણ શું એ પાછી આવશે? આવી શકશે? આવવા માંગશે? કૂંડાનું શું કરીશું? ને ન્હાવા-ધોવાનું, ટૉઇલેટ જવાનું? બધામાં પહેલા જેવું જ રહેશે કે ગરબડ સરબડ? પેલી કલાકના ટીવીવાળી વાત પણ ચાલે છે. બીજી પણ ઘણી બધી રીતે અમારી લાઇફ કાયમી રીતે પ્રભાવિત થશે. શું કરવું એનું? મારું દિમાગ પૂરઝડપે ચાલી રહ્યું હતું. કેટકેટલા વિચારો એક સેકન્ડમાં આવી ગયા.

ત્યાં જ પેલો રસોડાવાળા બુઢ્ઢાએ દોરડાવાળા સાથે કશીક મસલત કરી. ને દોરડાવાળાએ અમારા ટીવીમાં એક પેનડ્રાઇવ નાખી. લાફાવાળો અંદરના રૂમમાંથી પપ્પાને બહાર લઈ આવ્યો. પપ્પા કંઈ ડઘાયેલા લાગતા હતા. એ સોફા પર બેઠા અને ટી.વી.માં ક્લિપ ચાલુ થઈ. ક્લિપમાં એક વાનર ટીવી પર આવ્યો ને એણે બોલવાનું શરૂ કર્યું,

એ બોલતો હતો એની પોતાની ભાષામાં પણ એનો ઓડિયો હિન્દીમાં હતો. ડબિંગ જ લાગતું'તું.

"નમસ્કાર. વાનરરાજમેં આપકા સ્વાગત હૈ.

આપ કા ઘર અબસે હમારે યાનિ કી વાનરો કે કબજે મેં હૈ

હમ ચિમ્પાન્ઝી હૈ. હમારે નિન્યાન્વે પ્રતિશત જીન્સ આપસે મિલતે હૈ. ઈસકા મતલબ કી હમ જાનવરો કી દુનિયા મેં આપકે સબસે કરીબી રિશ્તેદાર હૈ. ઔર ઈસી લિયે આપકો હમસે ડરને કી કોઈ ઝરૂરત નહીં હૈ.

હમ કોઈ લૂંટેરે યા ગુંડે નહીં. હમ આપકી ઝિંદગી મેં કોઈ દખલ ભી દેને નહીં આયે. હાં, હમારે લોગો કો બસ ખાને ઔર સોને કી જગહ ચાહિયે. જૈસે આપને અપની પ્રજાતિ કા વિકાસ કિયા હૈ વૈસે હી હમ ભી યે વિકાસ ચાહતે હૈ.

હમારે જંગલપે આપને ઘર બનાયે. અબ આપકે ઘરમેં હમે રહને કા અધિકાર ચાહિયે.

હમને આપકો અપને ઘરો મેં જગા દી. અબ હમેં આપકે ઘરો મેં જગા ચાહિયે.

હો સકતા હૈ આપકી સોસાયટી, આપકા અપાર્ટમેન્ટ યા આપકા પૂરા મહોલ્લા હમારે કબઝે મેં હો. લેકિન આપકો ઈસ બાતસે ડરને કી કોઈ ઝરૂરત નહીં હૈ.

હમને સિર્ફ શાંતિપૂર્ણ સહનિવાસ – peaceful coexistence કે લિયે આપકે ઘર કો ચુના હૈ. ઔર અગર આપ કો હમારી પ્રજાતિ કે કિસી સદસ્ય સે યા ઉનકે કિસી વ્યવહાર સે આપત્તિ હૈ તો આપ હમારે ટોલ ફ્રી નંબર પર યા ફિર ઈમેઇલ યા વેબસાઇટપે હમારા સંપર્ક કર સકતે હૈ.

જો અભી સ્ક્રીન કે નીચે એક પટ્ટી મેં આપકો દિખાઈ દેગા.

આશા હૈ આપ હમારે સાથ સહકાર કરેંગે.

આપકે સુખદ ભવિષ્ય કી હમ કામના કરતે હૈં."

આ પછી વાંદરાઓનાં બ્લૂ યુનિફૉર્મમાં પરેડના દૃશ્યો આવ્યાં. કેટલાક વાંદરાઓનાં નાચતાં-ગાતાં દૃશ્યો આવ્યાં. ગીતના શબ્દોનો અર્થ નીચે અંગ્રેજી સબટાઇટલ્સમાં લખેલો આવતો હતો.

ને પછી બ્લેન્ક સ્ક્રીન આવી ગયો ને વીડિયો બંધ થઈ ગયો.

મેં, મમ્મી અને પપ્પાએ એકબીજા સામું જોયું. અમારી ત્રણેયની નજરો મળી. મમ્મી રસોડામાં પોતાનું કામ કરવા ગઈ. હું પપ્પાને જોઈ રહ્યો. રિટાયરમેન્ટ પછી પપ્પા ઓછું બહાર નીકળતા. એમને ચાલવાની થોડી તકલીફ પણ ખરી. એટલે એ રીતે પણ. સવારે એ વૉક પર જાય, બપોરે મમ્મી સાથે મંદિર ને સાંજે બાજુના ફ્લૅટમાં બાંકડે જઈ મિત્રો સાથે બેસે. આ એમનું રૂટિન.

બાકીના સમયમાં એ પોતાના રૂમમાં છાપું વાંચતા હોય કે પછી ટી.વી. જોતા હોય કે શાક સમારતા હોય. પહેલેથી જ એ ઓછાબોલા, શાંત, સંતુષ્ટ જીવ.

એટલામાં જ પેલો અનુવાદવાળો આવ્યો. એણે ડાઇનિંગ ટેબલ પર પડેલી ફૂટ બાસ્કેટ ખાલી કરી ને બાસ્કેટમાં અમારા ફોન જમા કરાવવાનું કહ્યું. મારા હાથ બાંધેલા હતા એટલે મારા ખિસ્સામાંથી ફોન લઈ બાસ્કેટમાં મૂકવામાં આવ્યો. કહ્યું, જ્યારે પણ વાપરવા હોય ત્યારે લઈ જવા ને પછી પાછા મૂકી દેવા. પણ આનો અર્થ શો? આવું શું કામ એવું સમજાયું નહીં. 'આની જરૂર શું છે?' એવું મારાથી પુછાઈ ગયું.

'શરૂઆતના ડિસિપ્લિનરી મેઝર્સ છે.' અનુવાદવાળો બોલ્યો. આ જબરું સાલું. મારા જ ઘરમાં મારા પર જ ડિસિપ્લિનરી મેઝર્સ.

ખેર, જેમતેમ કરીને જમવાનો સમય થયો. મારા હાથે બાંધેલું દોરડું ખોલવામાં આવ્યું ને અમે ત્રણેય જમ્યા. પુલાવ દહીં પાપડ. કોઈ કશું બોલ્યું નહીં. નિકિતા રિહાનની ખોટ પણ કંઈક વધારે જ સાલી.

ને જેવું અમારું જમવાનું પૂરું થયું એટલે એમણે જમવાનું શરૂ કર્યું. વાંદરાઓએ. મેં જોયું કે તેઓ અમારા ડાઇનિંગ ટેબલ પર બેઠા. ને અમે ત્રણેય એ દરમિયાન સોફા પર બેસી ગયેલાં. પોતે લાવ્યા હતા એ કેનમાંથી ખાવાનું કાઢી, પોતે લાવેલા એ પ્લેટમાં લઈ, ચપડ ચપડ અવાજ કરતા જમવા લાગ્યા.

હું ધ્યાનથી જોઈ ન શક્યો. પણ મારી માહિતી અનુસાર એમના કેનમાં શાકભાજી, ફળોના ટુકડા રહેતા. ને સાથે અળસિયાં અને માંસના ટુકડા પણ રહેતા. થોડીક વિચિત્ર વાસ પણ આવતી હતી. અળસિયાં કે માંસના ટુકડાની જ હશે કદાચ. એટલે જ કદાચ મમ્મી ઊભી થઈ પોતાના રૂમમાં ચાલી ગઈ. એને પહેલેથી નૉનવેજની ચીડ.

પોતાના ઘરમાં નૉનવેજ ખવાતું કઈ રીતે જોઈ શકશે બિચારી. રડતી હશે અંદર રૂમમાં જઈને અથવા ભગવાનનું નામ લેતી હશે. જાપ કરતી હશે. થોડી વાર પછી પપ્પા પણ રૂમમાં ચાલી ગયા, છાપું લઈને.

બસ, હું એકલો જ બહાર બેસી રહ્યો ને એમના ખોરાકની વાસ સહન કરતો એમને ખાતા જોઈ રહ્યો.

મને એમ કે એ લોકો આપણા પર પહેરો રાખતા હોય તો આપણે પણ એમના વિશે શક્ય એટલું જોવું જાણવું જોઈએ. કદાચ છટકવાનો કે પ્રતિકાર કરવાનો કોઈ માર્ગ મળી આવે.

પણ એક વાત કબૂલ કરવી રહી. કમ સે કમ જમવામાં તો પેલા લીડર વાંદરાએ ટી.વી.માં કહેલી એ વાતનો અમલ જોવા મળ્યો.

પોતાનું ફૂડ પોતાની પ્લેટ. ને બધું જાતે ધોઈને પોતાના રૂમમાં મૂકવાનું. ટૂંકમાં એ લોકો અમારી જગ્યાનો વપરાશ કરતા હતા. પણ અમારી ચીજવસ્તુઓનો વપરાશ નહોતા કરતા. અમારી પાસે કોઈ કામ નહોતા કરાવતા. અમારી સેવા લેવાની કોઈ વૃત્તિ નહોતી. જે આમ જુઓ તો એમનું જમા પાસું જ ગણાય. અલબત્ત આવા સંજોગોમાં એને પૉઝિટિવલી લઈ શકાય કે કેમ એ વિચારવાલાયક મુદ્દો હતો.

જમવાનું પૂરું થયું પછી વાનરોએ ટીવી રિમોટ વાપરી વાનર ચૅનલ શરૂ કરી. ચૅનલના લોગોમાં વાંદરાનું મોઢું હતું. કપિલ શર્મા શો જેવો કોઈ પ્રોગ્રામ હતો. જેમાં એક હોસ્ટ વાનર બીજા મહેમાન વાનરો સાથે મજાક મસ્તી કરતો હતો.

શોમાં અચાનક એક વાનર કોઈ આંતરરાષ્ટ્રીય રાજનેતાની જેમ સૂટબૂટ, લાલ ટાઈ ને વાળમાં નારંગી રંગ નાખી ગાંડાની જેમ બકબક કરવા લાગ્યો. થોડી વાર રહીને બીજો એક ઝીણી આંખવાળો સૂટબૂટમાં આવી તેની જોડે દલીલો કરવા લાગ્યો. ઝઘડો વધી ગયો ને મારામારી થવા લાગી. કૉમિક મારામારી. પણ તેમને છુટ્ટા પાડવા માટે કુર્તા પાયજામામાં સજ્જ વાનર તેમને રોકવા આવ્યો તો પેલો લાલ ટાઈવાળો વાનર તેને ગૂડવા લાગ્યો.

આ બધું જોઈ વાંદરાઓ ખડખડાટ હસી રહ્યા હતા. બધી વાતો વાંદરાઓની ભાષામાં થતી હતી. વચ્ચે વચ્ચે કેન્ડ ફૂડ અને વાંદરાઓના સાબુ, શેમ્પૂ, ક્રીમની જાહેરાતો પણ આવતી હતી. થોડી વાર મેં આ બધું જોયું ને મને બગાસાં આવવા માંડ્યાં.

હું હળવેથી વધુ અવાજ કર્યા વિના મારા રૂમમાં ગયો. વચ્ચે જોયું કે મમ્મી-પપ્પાના રૂમની લાઇટ બંધ હતી. બારણું ખોલીને કન્ફર્મ કર્યું કે બંને સૂઈ ગયાં હતાં.

નાઇટ-ડ્રેસ પહેરી, બ્રશ કરી હું પથારીમાં પડ્યો ને મારી આંખ સામે આ વાંદરા, લાફો, મમ્મીનાં ડૂસકાં ફરી રહ્યાં. નિકિતા અને રિહાન શું કરશે કેવી રીતે રિઍક્ટ કરશે એવા સવાલોય મનમાં...

ત્યાં જ દરવાજા પર ટકોરા સંભળાયા. મેં બારણું ખોલ્યું. પેલો દોરડા ને અનુવાદવાળો વાનર ઊભો હતો.

તમારે દરવાજો ખુલ્લો રાખીને સૂવું એવો આદેશ થયો છે.

કંઈક શાંતિ, કંઈક સંકોચ સાથે એ બોલ્યો.

હું થોડો અકળાઈને બારણું ખુલ્લું રાખી પાછો પથારી તરફ વળતો હતો ત્યાં જ એણે મને કહ્યું : 'એક મિનિટ કુશલ, મારે તમારી સાથે વાત કરવી છે.' : 'બોલો.' મારી અકળામણ પ્રતિક્ષણ વધી રહી હતી.

'એક્ચ્યુલી તમે મારા પર અકળાતા હશો ને એ બધું વાજબી પણ છે, પરંતુ અમે તમને હેરાન કરવા માંગતા નથી. અમે માત્ર એટલું જ ઇચ્છીએ છીએ કે તમે આ બધાં બંધનોમાંથી મુક્ત થાઓ. પણ અમારે કેટલાક આદેશોનું પાલન કરવું પડે છે અને તમે પણ માનશો કે આમાંના કેટલાક વાજબી છે. ખાસ કરીને જ્યારે આપણા એટલે કે વાનર અને માણસ વચ્ચેના સંબંધોનો ઇતિહાસ ધ્યાનમાં લેવામાં આવે.'

હું વિચારમાં ડૂબી ગયો. એની વાતમાં દમ તો હતો. પણ તોય આવી નજરબંધી કે કેદને કઈ રીતે જસ્ટીફાઈ કરી શકાય એવો પ્રશ્ન મનમાં ઉદ્‌ભવતો હતો ને બીજી તરફ આ વાનર જે રીતે એકદમ શાંતિ અને સ્વસ્થતાથી મારી સાથે વાત કરી રહ્યો હતો એનાથી મને સારું તો લાગતું જ હતું. ખાસ તો એના અવાજમાં રહેલી સહાનુભૂતિ અને આછા અપરાધભાવના સૂરથી મને કંઈક રાહતનો અનુભવ થઈ રહ્યો હતો.

'તમે ચિંતા ના કરો. અમે ઘણાં ઘરોમાં અગાઉ ગયેલા છીએ. તમારા જેવા શાંત અને શિક્ષિત લોકોની વધુ પ્રતાડના નથી થતી. અમને પણ તમારી સાથે કોઈ વાંધો નથી. અમને રહેવા-ખાવા માટે ઓટલો મળી રહે એ અમારા માટે પૂરતું છે. આ બધું ફોન લેવાનું

ને બારણું ખુલ્લું રાખીને સૂવાનું પહેલું અઠવાડિયું દસ દિવસ જ હોય છે. પછી તમારી વર્તણૂક સંતોષજનક લાગે એટલે મોટા ભાગના રિસ્ટ્રિક્શન્સ દૂર કરવામાં આવે છે.'

'ડિસિપ્લિનરી મેઝર્સ. હેં ને?' હું બોલ્યો.

'હા. ડિસિપ્લિનરી મેઝર્સ. આ બધું ટેમ્પરરી છે. જોકે કદાચ અમે તમારા ઘરમાં લાંબો સમય રહીએ પણ ખરા. ને કદાચ અમારા માટે અલગથી મકાનો બને તો અમે જતા પણ રહીએ.

પણ તમારે આ બધી ચિંતા કરવાની જરૂર નથી. તમને વધુ હેરાનગતિ નહીં થાય. ખાસ કરીને તમારા જેવા સિવિલાઇઝ્ડ અને એજ્યુકેટેડ માણસોને તો નહીં જ. ઓકે. ડોન્ટ વરી. ગુડ નાઇટ.'

ગુડ નાઇટ કહેતી વખતે એણે પોતાનો હાથ મારા ખભે મૂક્યો. મેં સ્માઇલ કર્યું.

ને હું પાછો સૂવા ગયો. ને કોણ જાણે કેમ મને તરત જ ઊંઘ આવી ગઈ. સીધી સવારે સાત વાગ્યે આંખ ખૂલી.

ફોન બાસ્કેટમાં પડેલો. એ ચેક કર્યો. નિકિતાનો ફોન આવેલો રાત્રે. મેં એને ફોન કરવાનું વિચાર્યું. પણ પછી વૉઇસ નોટ મોકલી દીધી. સૉરી તારો કૉલ મિસ થઈ ગયેલો. વહેલો સૂઈ ગયેલો એટલે. સાંજે ફોન કરું. અરજન્ટ હોય તો મૅસેજ કરજે. આટલું કરી ફોન પાછો બાસ્કેટમાં મૂકી હું ગાર્ડન જતો રહ્યો. જોગિંગ કરવા. થોડું જોગિંગ ને થોડું ચાલવાનું એવો મારો ક્રમ કાયમનો. ફોન પણ ના જ લઈ જઉં મોટે ભાગે. આજે તો સવાલ જ નહોતો.

ગાર્ડનનાં વૃક્ષોમાં, સવારની ખુશનુમા હવામાં મેં મારી જાતને ડુબાડવા પ્રયાસ કર્યો. પણ મનમાં સતત એના એ જ વિચારો ચાલ્યા કરતા હતા. સામાન્ય રહેવાનો ને પરિચિતોને હાય-હલો કરવા પણ હું પૂરેપૂરું મથ્યો. પણ ટેન્શન તો કોઈ રીતે પીછો...

હું પાછો ઘરે આવ્યો ત્યારે વાનરો એમના બાથરૂમમાં શેમ્પુ ને સાબુ લઈને જતા હતા.

મેં ધ્યાનથી જોયું તો શેમ્પુની બૉટલ પર વાનરનો ચહેરો હતો ને જુદી લિપિમાં એનું નામ લખેલું. હું નાહી-ધોઈ, ફોન ને ટિફિન લઈને ઑફિસ ગયો.

ઑફિસમાં પહોંચતાં જ મારી બે મિટિંગ લાઇન અપ થયેલી હતી. એક ક્લાયન્ટ સાથે ઝૂમ કૉલ હતો ને બીજા એક કલાયન્ટ સાથે રૂબરૂ મિટિંગ હતી. ને પછી કોર ટીમ સાથે મળીને કેટલાક સ્ટૉક્સ અને ફંડ્સ પર રિસર્ચ અને ઍનાલિસિસ કરવાના હતા. આ બધું પતાવી હું વૉશરૂમમાં ગયો ત્યાં મારો પાર્ટનર આદિત્ય પણ મને મળી ગયો. મિટિંગમાં અમે સાથે જ હતા. પણ વાત કરવાનો મોકો નહોતો મળ્યો. પાછો કોઈની હાજરીમાં મારે આવો નાજુક મુદ્દો છેડવો નહોતો.

પણ વૉશરૂમમાં ખાસ્સી અનુકૂળતા હતી. ના સીસીટીવી, ના ભીડ. એ સમય પૂરતા તો અમે બે જ. એટલે જ જ્યારે અમે બાજુબાજુમાં હળવા થતા'તા ત્યારે લાગ જોઈને મેં કહી દીધું -

અમારા ઘરમાં વાનરો ઘૂસી ગયા છે.

એ મારી સામું બે સેકંડ સુધી જોઈ રહ્યો. ને પછી માની શકતો ન હોય કે થોડો દુખી થઈ ગયો હોય એમ માથું ધુણાવવા લાગ્યો. પણ કાર્યક્રમ પતાવી જતાં જતાં બોલ્યો– 'ચાલ ગલ્લા પર જઈએ.'

અમે બંને ગલ્લા પર ગયા. એણે એની પડીકી મંગાવી. મેં સિગારેટ.

'કેટલા વાંદરા છે?'

'ત્રણ.'

'ફોન લઈ લીધા તમારા?'

'ઘેર હોઈએ ત્યારે આપી દેવો પડે છે અત્યારે લઈને આવ્યો છું.'

'ઠીક છે. ભલે લાવવા દીધો. પણ કોઈને ફોન પર આના વિશે વાત ના કરતો.'

'કેમ?'

'મેં સાંભળ્યું છે કે ફોનને એ લોકો ટ્રેક કરે છે. ટેપ કરે છે.'

'તને કેવી રીતે ખબર?'

'સાંભળ્યું છે'

'સાંભળવામાં તો ઘણુંય આવતું હોય'

એ થોડો સમય મૌન રહ્યો ને થોડી વારના વિરામ પછી બોલ્યો.

'મારા મામાને ત્યાં આવી ગયા છે. એટલે મને ખબર છે.'

હું એની સામું જોઈ રહ્યો. કદાચ એ જૂઠું બોલતો હોય ને મને કહેવા ના માંગતો હોય તો? મેં પણ ક્યાંક એને કહીને ભૂલ તો નથી કરી? આવી વાતો ના કહેવામાં જ શાણપણ હશે?

અનેક સવાલો, ધુમાડા અને પિચકારી સાથે અમારી ગલ્લા પરિષદ પૂરી થઈ.

પછી તો અમે ઉપર આવ્યા ને મિટિંગ ને રિસર્ચ ને ઝૂમકૉલ

પણ એક મિટિંગ પતી પછી અમારી કંપનીમાં નવો નવો જોડાયેલો ફાઇનાન્સ ઍનાલિસ્ટ મિહિર મને મળ્યો ને મારા ચહેરા પરના હાવભાવ જોઈ પૂછી લીધું.

'કંઈક ચિંતામાં લાગો છો સર.'

'ના રે એવું કંઈ નથી. જસ્ટ નૉર્મલ થિંગ્સ.'

એમ મેં જણાવ્યું ને કદાચ ત્યાં જ વાત પૂરી થઈ ગઈ હોત. પણ મને ખબર નહીં શું ખૂજલી થઈ કે પછી એની સાથે વાત કરવાનો અને કંઈક સૂચન મેળવવાનો લોભ જાગ્યો. ક્યાંક એવું પણ હતું કે આ વિશે લોકો કેટલું જાણે છે અને શું વિચારે છે એ સમજવું જોઈએ. બને કે કંઈક રસ્તો મળી આવે. ને એમ મેં એને પરિસ્થિતિ જણાવી. ને ભાઈ, એની આંખોમાં તો ચમક આવી ગઈ. જાણે મારી સાથે કંઈક રોમાંચક ઘટના બની ગઈ હોય એ રીતે એ ઉત્સાહપૂર્વક વાત કરવા લાગ્યો.

‘અરે સર, ચિંતા કરવા જેવું કંઈ નથી. હજી સુધી આ વાનરરાજનું કોઈ નુકસાન ધ્યાનમાં આવ્યું નથી.

જુઓ તમારો ફોન લઈ લીધો છે તો એ બહાને તમારો સ્ક્રીન ટાઇમ ઓછો થશે.

તમારા ઘરમાં ઘૂસી ગયા છે એ સાચું. પણ બીજી રીતે વિચારો તો તમારી ગેરહાજરીમાં તમારાં મા-બાપનું ધ્યાન રાખવાવાળું કોઈ ને કોઈ ઘરે રહેશે. એને લીધે ચોરી થવાનો કોઈ ચાન્સ નહીં રહે. બીજું તમારી મોબિલિટી વધી જશે. તમારે જ્યાં ફરવું હોય ત્યાં ફરવા જઈ શકશો.

ને જોજો હું ગૅરંટી આપું છું કે આ મુશ્કેલીના સમયમાં તમારા ફૅમિલીનું બોન્ડિંગ પણ વધશે.

તમે કહેતા હો તો લખીને આપું.

બસ હા. શરૂઆતના દસબાર દિવસ તમને થોડું આકરું પડશે. પછી તો બ્લેસિંગ ઇન ડિસગાઇઝ જેવું લાગશે સર. આપત્તિમાં અવસર.

‘પણ આ નિકિતા અને રિહાન નહીં આવે તો?’

‘અરે આવે જ સર, ના શેના આવે? એમેય છોકરાઓને તો બહુ કંઈ વાંધો હોતો નથી. ક્યારેક એ લોકો છોકરાઓ સાથે રમતા પણ હોય છે. મન થાય તો ખેલ પણ બતાવે છે.’

‘ખેલ?’

‘અરે ખેલ સર. વાંદરાઓના. પેલા મદારી ટાઇપના. સર્કસ જેવા.’

પછી અવાજ ધીમો કરી કોઈને સંભળાય ના એમ બોલ્યો.

‘અમારી પડોશમાંય આવ્યા છે. એટલે મારા જાતઅનુભવથી કહું છું. એ તો આજની તારીખે કશું બન્યું ના હોય એમ જ ફરે છે.’

‘પણ આની કોઈ કમ્પ્લેન કે એવું કંઈ થાય એવું નથી હોતું?’

‘કમ્પ્લેનનો કોઈ મતલબ નથી સર. મારો પડોશી છે ને એ પણ શરૂઆતમાં ડિસ્ટર્બ હતો તે ગયેલો કૉર્પોરેશનની ઑફિસમાં. ત્યાં હવે આનો કંઈ વિભાગ પણ ઊભો કર્યો છે. પણ એનો કમ્પ્લેન નંબર ૨૧૦૦૦ ઉપરનો આવે છે. હજી આગળની કમ્પ્લેનનો કંઈ મેળ નથી ત્યાં મારા તમારા જેવાનો ક્યાં વારો આવે? ને પાછી કમ્પ્લેન ઘટે છે ક્યાં? એ તો વધતી જ રહે છે ને?’

હું જવાબમાં કંઈ બોલ્યો નહીં એટલે પણ થોડી વાર ચૂપ રહ્યો. કદાચ એ મારા મુખ પરની ચિંતા કળી ગયો. એમે ત્યારની મારા મુખ પરની ચિંતા તો એ સમયે કોઈ આંધળો પણ કળી શકે એમ હતો. તો એ બોલ્યો.

‘ચિંતા ના કરતા. તમને જોઈએ તો એનો નંબર આપું. કંઈ પૂછવું હોય તો એને પૂછી શકાશે.’

મેં હકારમાં ડોકું ધુણાવ્યું.

'પણ હા ફોન પર આ બધા વિશે બહુ વાત ના કરતા. મેં સાંભળ્યું છે કે ફોન પર જે વાતો થાય છે એના પર એમની ચાંપતી નજર હોય છે.'

એની સાથે વાત કરીને મારા ભ્રમનું નિરસન થયું કે નહીં એ તો ખબર નહીં પણ મને એટલો ખ્યાલ આવી ગયો કે આ કંઈ બહુ મોટી ઘટના નથી. ઠીક ઠીક કૉમન છે. કમ સે કમ જીવનમરણનો ખેલ તો નથી જ. પણ તોય આમાં સાવધાનીપૂર્વક વર્તવું પડે એમ તો છે જ. નહીંતર કાયમી નુકસાન થવાની શક્યતા ઘણી વધારે છે.

બસ, પછી મારે નીકળવાનું થયું. રસ્તામાં મને થયું કે સાસરામાં થઈને જ જઉં. આ ઘટનાક્રમ વિશે રૂબરૂમાં જ નિકિતાને કહું તો વધારે સારું એમ માની હું નિકિતાના ઘરે પહોંચી ગયો. ગાડી પાર્ક કરી એના ઘરે બેલ માર્યો ને મારાં સાસુએ બારણું ખોલેલું,

'કુશલકુમાર? અચાનક?'

'નિકિતા છે?'

'હા, છે ને. ન્હાવા ગઈ છે. આવો ને.'

કહી સાસુએ આવકાર આપ્યો.

'હમણાં જ અમે રસોડામાં થોડા નાસ્તા બનાવ્યા એટલે નિક્કી પરસેવે રેબઝેબ થઈ ગઈ ને એટલે જ નહાવા ગઈ છે'

'અચ્છા'

'કંઈ કામથી આવેલા?'

'ના બસ, આ બાજુથી પાસ થતો'તો તો...'

'સારું કર્યું, સારું કર્યું.'

'શું લાવું ચા કે આઇસક્રીમ કે પછી ઠંડું?'

'ના, મારું ગળું ખરાબ છે.'

'તો પછી ચા લઈને આવું. પૂરી હમણાં જ બનાવી છે.' કહેતાં સાસુમા ચા નાસ્તો લઈ આવ્યાં. ચા બિસ્કિટ ચેવડો, પૂરી. 'હું હમણાં આવું. તમે નાસ્તો કરોને' કહી સાસુમા રસોડામાં ગયાં.

હું ચેવડા ને ચા પૂરીનો લાભ જાતને આપતો હતો ત્યાં જ નિકિતા પ્રગટ થઈ.

'ક્યારે આવ્યો?'

'થોડી વાર પહેલાં.'

કંઈ અરજન્ટ હતું? આવતી કાલે તો હું આવવાની જ હતી..

'અરે એવું નથી આમાં એવું બન્યું કે...' ને મેં બધી વાત કરી.

એના મોં પર ગભરાટ ને આશ્ચર્યના ભાવ પથરાઈ ગયા.

'ખરેખર? વાનરો આવી ગયા આપણા ઘરે?'

'હા.' મેં હતાશ સ્વરે કહ્યું.

'તને ખબર છે આ બધું મને કેટલું નાપસંદ છે.'

'પણ એમાં હું શું કરું?'

'વ્હોટ ડુ યૂ મીન? હું શું કરું? તારે કંઈક-કંઈક તો કરવું જોઈએ.'

'જો નિકિતા, શાંત થઈ જા. આપણે કંઈક રસ્તો વિચારીશું.'

'રસ્તો! માય ફૂટ. મેં તને કહેલું, થોડું ધ્યાન રાખો. ફ્લૅટમાં સિક્યૉરિટી વધારો. પૈસા બચાવવાની લાયમાં ઊલમાંથી ચૂલમાં પડ્યા ને.'

'જો હવે જે થઈ ગયું એ થઈ ગયું. હવે આગળ શું કરવાનું છે એનો વિચાર કર.'

'મને ટાઇમ આપ થોડો, હું વિચારીને કહું છું. થોડા દિવસ હું નહીં આવું ઘરે.'

'કેમ?'

'કેમ શું? મને ડર લાગે છે એમનો. ને ચીડ છે એમની આદતોની.' થોડી વાર અટકીને બોલી. 'નૉનવેજ પણ ખાતા હશે ને એ લોકો તો.'

કમને મેં હકારમાં ડોકું ધુણાવ્યું.

'સાલા ફકર્સ.'

હું ચૂપ રહ્યો. એના મુખેથી ગાળ થોડી ક્યુટ લાગી.

થોડા વિરામ બાદ તેણે જ કહ્યું,

'તું જા અત્યારે, મમ્મી-પપ્પાને સાચવ. હું થોડા દિવસમાં આવીશ.'

'નિક્કી?'

'મારે મોમ ડેડ સાથે બધું ડિસ્કસ કરવું પડશે.'

'પણ.' મેં દલીલ કરવા પ્રયાસ કર્યો.'

'પ્લીઝ કુશલ. ગીવ મી સમ ટાઇમ. ઍન્ડ લીવ મી અલૉન. ફૉર ગોડ્સ સેક પ્લીઝ.'

એનાથી ઘાંટો પડાઈ ગયો. ગુસ્સે થાય ત્યારે કોણ જાણે કેમ એનો ઘોઘરો અને ઇંગ્લિશ મિડિયમ બંને બહાર આવી જતા હતા. સાસુ આવી જાય ને લાંબું થાય એ પહેલાં ત્યાંથી નીકળી જવું મને ઠીક લાગ્યું.

ઘરે પહોંચ્યો ત્યારે મમ્મી-પપ્પા જમવા બેસી ગયેલાં. મને બહુ ભૂખ નહોતી, પણ તોય હું ફોન બાસ્કેટમાં મૂકી, પ્લેટ લઈને બેસી ગયો.

જમ્યા પછી આગલા દિવસની જેમ જ એ લોકોનું જમવાનું ને પછી એમનો ટી.વી. કાર્યક્રમ ને એમનું ખડખડાટ હસવાનું. પણ આજે કાર્યક્રમ જલદી પતી ગયો અથવા એવું લાગ્યું કે જલદી પતી ગયો.

ને કાર્યક્રમ પત્યા પછી મેં અને પપ્પાએ ન્યૂઝ પણ જોયા. થોડા લોકલ થોડા નૅશનલ. પણ ન્યૂઝ જોતાં જોતાંય મનમાં તો નિકિતા અને રિહાન. રિહાન ને નિકિતા.

એ જ ચાલ્યા કરતું હતું, અડધોએક કલાક ન્યૂઝ જોયા પછી પપ્પા ઊભા થયા ને ગુડ નાઇટ કહી પોતાના રૂમમાં જતા રહ્યા.

હું થોડી વાર ન્યૂઝ ચેનલ સર્ફ કરતો રહ્યો ને પછી મેંય બેડરૂમ તરફ પ્રયાણ આદર્યું.

પણ જતી વખતે મારી નજર પેલા અનુવાદ કરવાવાળા સોફ્ટ સ્પોકન વાંદરા સાથે અથડાઈ.

અમે બંનેએ એક સહજ પણ નર્વસ દેખાતા સ્મિતની આપલે કરી.

ને હું મારા ધાબળા સાથે પથારીમાં પડ્યો.

અચાનક સાલું શું થઈ ગયું? એકદમ જ બધી કાયાપલટ. જોને કાયમ ઘર ભર્યું ભર્યું લાગતું. અવાજ અવાજ રહેતો. આજે બેડરૂમમાં સ્મશાન જેવી શાંતિ છે. આજે જો કોઈ સામાન્ય દિવસ હોત તો હું રિહાનને ગલીપચી કરતો હોત કે વીડિયો ગેમ રમતાં ટોકતો હોત કે આર્યન મૅન અને સુપરમૅનની મનઘડત વાર્તા સંભળાવતો હોત કે પછી હોમવર્કમાં મદદ કરતો હોત. નિકિતા સાથે દિવસ કેવો રહ્યો એની ચર્ચા કરતો હોત.

એને બદલે અત્યારે આમ એકલો ને એ પણ આ વાનરોને...

માન્યું કે એમનો રહેવાનો પ્રૉબ્લેમ જેન્યુઇન હશે. ને માન્યું કે એમને ભૂતકાળમાં ઘણા અન્યાય થયા હશે. પણ તો પછી મારો પ્રૉબ્લેમ પણ શું જેન્યુઇન નથી? ને અત્યારે મને અન્યાય નથી થઈ રહ્યો?

આવી રીતે પોતાના જ ઘરમાં નજરકેદ અને પરિવારમાં કદાચ ને તિરાડ....

સાલું ગઈકાલે આમાંનું કંઈ નહોતું. ને અચાનક એક જ દિવસમાં બધું ઉપરનીચે થઈ ગયું. સાલું શું ચાલી રહ્યું હતું. ને આમાં મારો શો વાંક હતો?

વિચારતાં મારી આંખમાંથી એક આંસુ....

....

આજે અમારે ત્યાં વાનરોનું આગમન થયાને છ મહિના થઈ ગયા છે. વચગાળાની એવી વ્યવસ્થાનું નિર્માણ કર્યું છે કે નિકિતા રિહાન શનિ રવિ અહીં રહે છે અને બાકીના દિવસ બંને એના પિયર રહે છે. એમાં મંગળવારે કે બુધવારે હું ત્યાં રહેવા જઉં છું અને ક્યારેક રાત રોકાઈ પણ જઉં છું. આ રીતે અમારું ગાડું ગબડે છે.

પપ્પા-મમ્મી પણ આખી વસ્તુથી ટેવાઈ ગયાં છે. હજી પણ વાનરો જમવા બેસે કે મમ્મી તરત પોતાના રૂમમાં તો જતી જ રહે છે. પણ એમનો એટલે કે વાનરોનો ટીવીનો પ્રોગ્રામ પતે એટલે મમ્મી પોતાની મનગમતી સિરિયલ જોવા લાગે છે. ને એનું પતે એટલે એ પછી પપ્પા પણ થોડી વાર ન્યૂઝ જુએ છે. હું પણ સિરિયલ કે ન્યૂઝમાં કે ક્યારેક બંનેમાં એમની જોડે બેસું છું. ફોન જમા કરાવવાનું કે રાતે સૂતી વખતે બારણું ખુલ્લું રાખવાનું પણ બંધ થઈ ગયું છે.

હા, ક્યારેક રાતે પાણી પીવા જઈએ તો રસોડામાં કે ડ્રૉઇંગ રૂમમાં બહારનો કોઈ વાંદરો સૂતેલો હોય છે.

અને બીજા દિવસે સવારે સોફામાંથી કે રસોડામાંથી વાંદરાંના વાળની કે એમના પરસેવાની વાસ આવતી રહે છે. આજકાલ અમે એના માટે ખાસ રૂમ ફ્રેશનર પણ લઈને આવ્યા છીએ. અવારનવાર અમે એનો છંટકાવ કરતા રહીએ છીએ. એ એક વાનરો દ્વારા બનાવવામાં આવેલ, બૉટલ પર વાનરનો ફોટો ધરાવતી વાનર – પ્રોડક્ટ જ છે.

શનિ-રવિમાં રિહાન એમની સાથે ક્યારેક ફૂટબૉલ પણ રમે છે. ક્યારેક સર્કસ સર્કસ રમે છે, એટલે કે અમારું જીવન છ મહિના પહેલાં હતું એવું તો નથી થઈ શક્યું. પણ મારે કહેવું જોઈએ કે ધાર્યું'તું એટલું દુઃખદ કે કરુણ પણ નથી જ.

વળી મોટા ભાગનાં પરિવર્તનો સાથે અમે ધીમે ધીમે ગોઠવાઈ રહ્યાં છીએ. એડજસ્ટ થઈ ગયાં છીએ. જ્યાં નથી થયાં ત્યાં થઈ જશું એવી આશા છે.

ક્યારેક આ પરિસ્થિતિથી અકળાઈ જવાય છે. ખાસ કરીને એમના વાળની કે પરસેવાની વાસ આવે કે થાક્યાપાક્યા ઘરે આવીએ ને એમની હાજરી રિલેક્સ ના થવા દે ત્યારે કોઈ સળિયો કે લાકડી લઈને એમને મારવાનું મન થઈ આવે છે. પણ વ્હીલચૅરમાં ફરતા ચંદ્રેશની આકૃતિ આંખ સામે દેખાય ને સમસમી જવાય છે.

■

જાહેર કામ ચલાવતાં ઝીણો ખર્ચ ઘણા પૈસા લઈ જાય છે એ પણ હું જાણતો હતો. આરંભમાં તો રસીદ બુક સુધ્ધાં ન છપાવવાનો નિશ્ચય મેં રાખ્યો હતો. મારી ઑફિસમાં સાઇક્લોસ્ટાઇલ રાખ્યું હતું. તેમાં પહોંચો છપાવી. રિપોર્ટ પણ તેવી જ રીતે છપાવતો. જ્યારે તિજોરીમાં પૈસો ઠીક આવ્યો, સભ્યો વધ્યા, કામ વધ્યું ત્યારે જ પહોંચ ઇત્યાદિ છપાવવાનું રાખ્યું. આવી કરકસર દરેક સંસ્થામાં આવશ્યક છે, છતાં એ હમેશાં નથી જળવાતી એમ હું જાણું છું. તેથી આ નાનકડી ઊગતી સંસ્થાના ઉછેરકાળની વિગતમાં ઊતરવું મેં દુરસ્ત ધાર્યું છે. લોકો પહોંચની દરકાર ન રાખતા, છતાં તેમને આગ્રહપૂર્વક પહોંચ અપાતી. આથી હિસાબ પ્રથમથી જ પાઈએ પાઈનો ચોખ્ખો રહ્યો, ને હું માનું છું કે, આજે પણ નાતાલ કૉંગ્રેસના દફતરમાં ૧૮૯૪ના સંપૂર્ણ વિગતવાળા ચોપડા મળી આવવા જોઈએ. હરકોઈ સંસ્થાનો ઝીણવટથી રખાયેલો હિસાબ તેનું નાક છે. તેના વિના તે સંસ્થા છેવટે ગંદી ને પ્રતિષ્ઠારહિત થઈ જાય છે. શુદ્ધ હિસાબ વિના શુદ્ધ સત્યની રખેવાળી અસંભવિત છે.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

વધામણાં

મનીષા દલાલ (શાહ)

ઘરરરર... ઘરર્‌ર અવાજ સંભળાયો.

તેના ચહેરા પર આનંદનો ચાસ પડ્યો. તે હડપ દઈને ઊભો થયો ને તેણે અવાજની દિશામાં કાન માંડીને ચોકસાઈ કરી કે કોઈ જીપ કે નાની ગાડી જ આવી રહી છે. જોકે તેના કાનમાં હજુ બે દા'ડા પહેલાં તેના માટે ગવાયેલા ગીતના શબ્દો ઘડી ઘડી પડઘાઈ રહ્યા હતા, "લાડલો પાન ચાવે ને રસ ઘોળે, લાડલો લળી લળી પાછું જોવે..." સાચે જ તેના મોંમાં રસ ઘોળાઈ રહ્યો હતો. સામેથી આવતી જીપ જોઈને તેના રોમ રોમ દીવા ઊઠ્યા, તે નાચતો નાચતો ગાડીની દિશામાં આગળ વધ્યો. ધૂળથી રગદોળાયેલી જીપ જોઈને જગાને યાદ આવ્યું કે તે પણ આજે આ ગાડીની જેમ જ નહાયા વિના દોડી આવ્યો હતો. તેણે હાથના ઇશારાથી જીપને રોકી, આ તેનો રાહ જોવાનો છેલ્લો દિવસ હશે તેમ માની ખુશ થઈ તેણે થોડે દૂર બેઠેલા નાનકાને મોટેથી ટહુકો કરતાં કહ્યું, "જા ઝટ ઊડીને પોક હાટે ને બાપાને કે ક મોટર આઈ સ."

"પણ બાપા તો..."

"જા ને રોયા સીધો નકર એક દઈશ અવળા હાથની..." કહી તે બાજુમાં પડેલા પથ્થરને લેવા નીચે નમ્યો.

મોટા ભાઈનાં બે દા'ડાથી બદલાયેલાં લખણ કાંઈ નાનકાથી છાનાં નો'તાં. તેને ઝાઝી સમજ નો'તી પડતી, પણ એટલું તો સમજાઈ જ ગયું હતું કે 'લગન કરીને આયા પછી મોટા રઘવાયા થ્યા સ. લગનના દાડે હતો એ થનગનાટ અચાનક ઓસરી ગ્યો એ એને દેખાતું હતું. વળી, કાલે રાતે મોટાં બા જોડે બાઝતા હતા, ત્યારે પણ બા બહુ ધીમેથી વાત કરતી'તી એટલે 'વધોમણાં વધોમણાં' જેવું જ કંઈ સાંભળવા મળ્યું.' એટલે પછીથી એણે બાને પણ તેના વિશે પૂછ્યું'તું જેના જવાબમાં બાએ કહેલું, "પૈણ્યા પછી દેવને વધઈ દેવા જાવું પડે અને ના જ, તઈ લગી બે મોણહને નોખું રેવું પડે."

"લે, આવી નૈ જેવી વાતમાં આ મોટા ચેવા ભુરાયા થ્યા સ...!!! પણ તેજ સભાવના મોટાને વધારે ના વતાવાય" તે જાણતો હતો એટલે બીકના માર્યા નાનકાએ હાટ ભણી દોટ મૂકી. એક બાજુ બાપાનો ડર તો પહેલેથી જ હતો ને એમાંય આ ઘરાકીના ખરા ટાણે તો બાપાને ધંધા પર બોલાવવા જવું એ તો મનાડીના ગળે ઘંટ બાંધવા જેવું અઘરું કામ હતું. તો વળી બીજી બાજુ આવા વીફરેલા મોટાની વાત ના માનવી એટલે પોણીમાં રેવું ને મગરાથી વેર રાખવું. મનાડી તો પટાઈ લેવાય પણ આ મગરો...? છેવટે મગરાને

ખુશ રાખવા એ કંઈક બડબડતો ઊપડ્યો ડેલી ભણી. હા, એની હાટડી ડેલીના આગળના ભાગે જ હતી અને પાછળના ભાગે ઘર હતું.

"અલી, બોલને બોલ હું આલું? મૂઢામાં મગ ભરાણાં સ? આ બાજરી તો પૂરી શેરે નથ થતી. લે હેડ ઝટ ઓક" બાપા ઘરાકો પર રોફ જમાવતાં ઉતાવળ કરતા હતા.

"ચેટલા થયા ઈના?" પેલી છોકરીએ પોતાની પછેડીમાંથી ત્રાજવામાં નાંખેલી બાજરી સામે આંગળી ચીંધી પૂછ્યું.

"તરી મ બે ઓસા." બાપાએ હવે ત્રાજવાની બાજરીનો એક બાજુ ઢગ કર્યો.

"બોલ લા સોરા, તાર શું લેવું?" બાપા બીજા છોકરા સામે જોતાં બોલ્યા.

આ ગામમાં મોટે ભાગે આવી શેર લઈને શેર ખાનાર વસ્તી જ હતી અને એમાં આ સબ બંદર કા વેપારી જેવી બે વાણિયાઓની બે હાટડીઓ. આ આખી મોટી શેરીની તો આ એક જ હાટ ને સવારે તો અહીં જાણે કે મલક મળે. સવારનું શિરામણ ઘરે પતાવી સૌ ખેતરમાં કામે જાય. આ બે શેઠિયાઓ માટે તો સવાર એટલે રળી લેવાનો સોનેરી અવસર. એ લોકો પોતે ઊઠીને સીધા ગાદીએ બેસી જાય, પોતાનાં દાતણ-પાણી ને બીજું બધુંય પછી, લક્ષ્મીજી પહેલાં.

બાપાને ધંધામાં આમ ડૂબેલા જોઈને નાનકો તો ઘડીભર ભૂલી જ ગયો કે તે કેમ આવ્યો હતો, એટલામાં બાપાની નજર તેના પર પડી ને બોલ્યા, "અતારે ઓય ચમ આયો સ?"

"ભયો હાદે સ. એક મોટરવાળો આયો સ." તે ડરતાં ડરતાં બોલ્યો. જેના જવાબમાં ડોસાએ હકારમાં માથું ધુણાવ્યું. ફટાફટ ઊભેલા ઘરાક પતાવી હાટની આંકડીને આડી કરી તે પાદર તરફ ચાલવા લાગ્યો, ત્યાં સામેથી આવતા બીજા નવા ઘરાકોને જોઈને તેની ચાલવાની ગતિ બેવડાઈ ગઈ ને તેમને સંભળાય તેમ બોલ્યો, "એ બે મિલિટમાં વળતો થઉં સુ બા, થોડી વાર પોરો ખો ને મું આયો હમજો."

"લે ચાલ ભાઈ, ઝટ કર. મારે તો અત્યાર હુધીમાં એક રૂપાળો ફેરો થઈ જાતો. ખોટી ના કર મને." પેલો મોટરવાળો ઉતાવળ કરતો ગાડીના એક્સીલેટર પર પગ દબાવતો ને ગાડીના મોટેથી થતા ઘરર્રર... ઘર્રર્ર... અવાજ જગાભઈના હૃદય પર ગાડી ચલાવતા તેવું લાગતું'તું, તે પેલાને હાથ જોડીને કરગરતો બોલ્યો,

"ભયા, એક બે ઘડીનો સવાલ સે." ઘડી ઘડી સામેની કેડી તરફ નજર રાખતો તે એક સમયે તો પેલાની ગાડીની સાવ લગોલગ આગળ આવીને બે હાથ પહોળા કરીને ઊભો રહ્યો. ઘડીવાર તો પેલો ગાડીવાળો પણ ગભરાઈ ગયો, "એ ભઈ, કોય ભોન બોન પડે સ ક ની? ઓમ કરાતું હશે? હમણો આ બરેક વસૂટી જતી તો...?"

પણ જગાભઈને એવી કોઈ પરવાહ નો'તી. એમના દિલમાં વાગી રહેલી ઘંટડીઓ એમને નચાવી રહી હતી, તે આજ તો મન મક્કમ કરીને જ આવ્યા હતા કે 'ગમે તેમ કરીને આજતો ગાડી ભાડે કરવી જ સ, આ દેવનું લેણું પતે તો કો'ક પોતાનો મેળ પડે.' થોડી વારમાં સામેથી ફડાક ફાળકા જેવાં પગલાંનો અવાજ સાંભળી તેના દિલને ટાઢક થઈ.

"સેતરપાળ જવાનું સે. શું લઈશ હેડ ઝટ બોલ ભઈ" ડોસા તો વાત પતાવવાની બહુ ઉતાવળમાં હોય તેમ પકડેલા ધોતિયાના છેડાનેય નીચે કર્યા વિના બોલ્યા.

"રિટન આબવાનું સ કે એમટી મારવાની સ?" પેલા ગાડીવાળાએ પૂછ્યું.

"હાસતો વળી, પાસા ઘેર જ આવવાનું સે, પણ ખોટી થાવાના રૂપિયા નઈ આલુ, તારું તેલ બળે એના જ આલીશ." ડોસો રુઆબથી બોલ્યો.

"ઈ તો થાશે ભા. પેલા વેટિંગના આલવા પડશે." ગાડીવાળાએ અકડાઈથી કહ્યું.

"ના ઈના તો નઈ જ આલું. આ વરઘોડિયાને વધોમણાં દેવા જવાનું સ, એટલે કલાકએક ઈનો ને પસી પરસાદી લઈને સીધા પાસા. બોલ હેડ હટ ચેટલા થશે?" ડોસો બરાડ્યો.

"મોણસ ચેટલા સ?"

"તું લોંબી લપ કરયા વના એટલો ફોડ પાડ કે ચેટલા લઈશ?"

"ઊમ્મમ્મ... તઈણ હજાર ને પોનસો થશે." એ મનોમન ગણતરી કરતો બોલ્યો.

"આટલા તે કદી થતા હશે બાપ ગોતરમાંય...!!! ગાડી તો ડીઝલથી જ હેડે સે ને કોય મોય ઘી તો નથ બળતું ને?" ડોસો ઊંચા અવાજે બોલ્યો.

"જુઓ ભા, હમજીને આલજો. પોંચ પચી ઓસા વત્તા આલજો."

"ના રે બાપા ના. બે હજારમાં આબવું હોય તો બોલ."

"ઓયય, તમાર તો મફતના ભાવની ગાડી જોવે સે. નકોમો મને ખોટી કર્યો." કહેતો'ક જગા ઉપર ધૂળ ઊછળે તેમ ગાડી મારી મૂકી. પાછળ ડોસોય મોઢું બગાડી એની હાટ ભણી ચાલી નીકળ્યો ને જગાભઈ તો કોલસા જેવા કાળા મેશ થઈ ગયા. તેણે વીલા મોઢે ડેલી તરફ પગ માંડ્યા. સામેથી એનો ભેરુ કાનજી પોતાની ગાય ભૂરીને પાણી પાવા માટે હવાડે લઈ જતો હતો, તેણે મોટેથી બૂમ મારી "રોમ રોમ જગા..."પણ જવાબમાં એણે માત્ર ડોકું ધુણાવ્યું.

'આજેય મારો ઢોલિયો તો બાર વંડામાં જ ઢળાશે, આજ પણ ઓમ જ કોરી રાત કાઢવાની થાશે. બારસના લગન થયાં ને આજ તો પૂનમ થઈ' તેણે પોતાના હાથના વેઢાએ દિવસો ગણ્યા 'એક, બે, તઈણ ને આજ તો ચોથો દાડો. શી ખબર આવો કર કુણે કાઢ્યો હસે? દેવને નમવાની ના નથ, પણ એ તો પસીય નમી જ અકાયને? એક તો આ ડોહો અધેલીની તઈણ હોધે સ, પણ લગીરે મારો વિચાર કર સ...? હામે આમ પોતાની જ પૈયણેતરને રોજ જોવાની ને તોય કોરા ધાકોર રે'વાનું. આવું તે કંઈ હોય? પણ આ ડોહાને કુણ હમજાવે?" એવો બળાપો મનોમન કરતો તે ડેલીમાં પ્રવેશ્યો ને તે વેળાએ એની પરણેતર સોનકી હાથમાં લૂગડાં લઈને નવાણિયા બાજુ જઈ રહી હતી. જગો એને તાકી રહ્યો, તે જોઈને સોનકીની ચાલમાં સંકોચ ઉમેરાયો. બાથરૂમના દરવાજે પહોંચીને એણે પાછા વળીને શરમાયેલા નેણ સાથે તેના તરફ જોયું. જગાની ભૂખી નજર અને સોનકીની લાજવંતી આંખો અરસપરસ અથડાઈ ને એ એક ક્ષણમાં તો જાણે ભવોભવની લાગણીઓની આપ-લે થઈ ગઈ. સોનકીની આંખોમાં ડોકાતું ભોળપણ ને જગાના મનમાં ઘૂઘવતો અદમ્ય ઇચ્છાનો સમંદર તેના હૃદયમાં આગ લગાડવા પૂરતાં હતાં. એને મન થયું કે આને બાથમાં કસકસાવીને ભીંસી લઉં, ઉપાડી જ લઉં, કાં તો એના ભેળો જ અંદર ઘૂસી જાઉં...!' પણ એટલામાં તો એની બાનો અવાજ સંભળાયો, "આયો બટા, હું થ્યું, મોટર કરી?" એણે નકારમાં ડોકું ધુણાવ્યું ને બા પણ નિસાસો નાંખતી પાછી વળી ગઈ.

આખો દિવસ એણે બળતરામાં જ પસાર કર્યો. ન તો એને કંઈ ખાવાનું ભાવ્યું કે ન પીવાનું. હાથમાં મોબાઇલ લઈને એમાં કંઈક જોવા ચાલુ કર્યું પણ જોકે એનું ચિત્ત એમાંય ના ચોંટ્યું. મન તો સવારથી જ જાતજાતના વિચારોથી ડહોળાયેલું હતું ને અધૂરામાં પૂરી આજ તો એની સોનકી પણ આ બાજુ ન'તી ડોકાણી. આજે પણ ગાડી ન થઈ શકવાથી સોનકી નારાજ થઈને અંદર જ ભરાઈ રહી હશે એવું જગાભાઈને લાગેલું, જોકે સોનકી તો છાનાછપના અંદરથી થોડી થોડી વારે બહાર આવી એને ચોર નજરે જોઈ લેતી. એને ય વાત જાણીને થોડું દુઃખ તો થયેલું જ, પણ જગાનું ઊતરેલી કઢી જેવું મોં જોઈને એને હસવું આવતું હતું. પણ એને હસતી જોઈને જગો વધારે ગિન્નાસે એવું વિચારી બીકની મારી અંદર કમાડ પાસે જ બેસી રહી હતી.

જગાએ બપોરે પોતાના ફળિયામાં પડેલા ખાટલામાં જ લંબાવ્યું. ઊંઘ પણ વેરણ થઈ'તી, ક્યાંય લગી એ ત્યાં પડ્યો રહ્યો, એનું ચિત્ત આ એક વિચાર પર ચોંટી ગયું હતું. તે વિચાર ખંખેરી ઊભો થયો ને એને યાદ આવ્યું કે કાલે રાતે કાનજીના વંડામાંથી ભૂરીના બરાડવાનો અવાજ સંભળાતો'તો, એટલે ચાલ જઈને એના ને કાનજીના ખબરઅંતર પૂછી આવું. તે ચાલી નીકળ્યો તેના ડેલાની પડખે આવેલી કાનજીની ડેલી તરફ, જગો બહાર નીકળ્યો કે ત્યાં તો કાનો સામેથી તેની ગાય ભૂરીને દોરીને આવતો તેની નજરે પડ્યો.

બપોરવેળાએ કાનાને બહારથી આવતો જોઈ જગો બોલ્યો, "કાં ભૈ, આવા ખરા બપોરે ચાં ફરી આવ્યા બે'ઉ?"

કાનો એની નજીક આવી ધીમેથી બોલ્યો, "આ ભૂરી વેતરમાં આઈ'તી, તે માજનના વાડે લઈ જ્યો તો."

જગો તો અવાક થઈ ગયો, તે માંડ માંડ બોલ્યો, "હાચું, મીએ કાલ રાતના ઈના બરાડા હોંભળ્યા'તા."

કાનજીએ એના ખભે હાથ મૂકીને કહ્યું, "હોવ, આખી રાત્યું ઈ બરાડી સ બાપડી, હું ઈને બસકરું તઈ હતાક દેતી પાછળ જુવે. આ તો માજનવાળા કે' ક બપોર વેળાએ આવજો, તે અતાર લગન મારે ઈને વાટ જોવડાવી પડી. નકર બાપડું આ મૂંગું જીવ દખી થાય એવું આપડાથી શેં કરાય?"

કાનજીની વાતથી જગાનું મન ભરાઈ આવ્યું, માંડ કરીને એણે પોતાનાં આંસુ રોકી રાખ્યાં. બેઉ ભેરુ ઘરમાં અંદર ગયા ને વાતો કરી પણ લાખ કોશિશ કરવા છતાં જગો કાનજી પાસે પેટછૂટી વાત ન કરી શક્યો. એને આજે પોતાના કરતાં આ ભૂરી ઘણી નસીબવંતી લાગી. તે ઘરે પાછો ફરતાં મનમાં ગાંઠ વાળીને બેઠો હતો કે કાલ તો કેમેય કરીને વધામણાં માટે જવું જ સે.

કંઈક વિચાર આવતાં એણે ઘરે જઈને લગન બાદ વડીલો તરફથી મળેલા પૈસાનું કવર ખોલીને ફરી એક વાર ગણ્યા. પૂરા બારસો ને એંશી હતા. જગાના પિતરાઈ ભાઈએ આ સાચવેલા રૂપિયા તેને છાનામાના આપતાં કહેલું પણ ખરું કે, "આનો હિસાબ મોમાને ખબર નથી. તે તમતમાર ઓમથી ભાભી હાટુ કો'ક લઈને પેલી રાતે આલજો. તે ઈ બહુ ખુશ થસે..." ને પછી આંખ મારી તેનો હાથ દાબેલો. લગનના બીજા જ દાડે એ ગામના એકમાત્ર સોનીને ત્યાં જઈને પગની સેરો મુલવાઈ આવ્યા'તા, પંદરસોની સેરોના બદલે

આ બારસો એંશી આપીને પછીના બસો બીજા મહિને આપશે તેવું ઠેરાવી પણ આયા'તા. ને વિચારેલું કે વધામણાં દઈને પાછા આવીએ એ સાંજે લઈ આવશે. પણ આજે વિચાર ફરી ગયો, 'કાલે જે ગાડીવાળો મળે એને ખોનગીમાં હજાર આલી દઉં ને પસી ડોહો બે હજાર તો આલશે જ ને!'

તે રાતે જગાને મોડા સુધી ઊંઘ પણ ના આવી, આજ તો પડખેના વંડામાંથી ભૂરીનો ય અવાજ નો'તો સંભળાતો. મોડી રાતે તે ઊંઘ્યો ને તેને સપનામાં ગાડીઓની ઘરરાટી જ સંભળાઈ. બીજા દિવસે તો જગાભઈ ઊઠીને સીધા પાદરે જતા રહ્યા હતા ને મોટરની રાહ જોતા બેઠા રહ્યા. થોડો સરખો પણ અવાજ આવે તે દિશામાં એના કાન મંડાઈ જતા ને ડોકું તે તરફ વળી જતું ને એવામાં જ ઘરની દિશામાંથી નાનકાની બૂમ સંભળાઈ, "ભયા, ભયા..." હાંફતો એ આવ્યો.

જગાએ એની સામે પ્રશ્નાર્થ નજરે જોયું ને પૂછ્યું, "હું થ્યું સ?"

"બા એ કીધું સ કે આજ મોટર નો કરતા." એ બોલ્યો.

"ચમ?" જગાભઈ તો આંખોના ડોળા ફાટી જાય એટલા મોટી કરી બોલ્યા.

"માર ભાભીએ ભૂલમાં ગોંઠિયા ખઈ નાખ્યા સ. તે આજ વધોમણે ના જવરાય. ઈમ બાએ કે'વાનું કીધું સ." નાનકાના શબ્દોએ તો જગાનાં બધાં સપનાં ધૂળધાણી કરી નાંખ્યાં હોય તેમ એ કંઈ જ બોલ્યા વિના લમણે હાથ મૂકીને ક્યાંય વાર સુધી ત્યાં જ બેસી રહ્યો. પોતાનાં સાતે વહાણ ડૂબી ગયાં હોય તેવા પડેલા મોઢે તે ઘર તરફ ચાલ્યો. એ ઘરે પહોંચ્યો ત્યારે સોનકી ઓસરીમાં ઊભી હતી, એનું મોઢું પડી ગયું હતું, ને એ જગાની નજરને ટાળતી હોય તેમ જગાને જોતાં જ તે અંદર ઓરડામાં જતી રહી હતી, જોકે ધૂંધવાયેલા જગાએ એની આંખોમાં ગુનાહિત ભાવ અને પસ્તાવો પારખી લીધા હતા, થોડી વારમાં તો તે દયામણે મોઢે જગા સામે આવીને ઊભી રહી ને જગાએ એની સામે જોઈ પોતાનું ડોકું હલાવ્યું જાણે તેને કહેતા હોય કે 'કોય વોંધો ની' ને સોનકીના ચહેરા પર રાહતના ભાવ આવ્યા તે જોઈ જગાનેય સારું લાગ્યું. જોકે આજે ફરી એક વાર જગાનાં અરમાનો ઉપર પાણી ફરી વળ્યું હતું તેની પીડા તો તેના મોં પર ચાડી ખાતી હતી. 'ભૂરી તો બરાડી બરાડીનેય એનું દખ બતાડે પણ આપડે મરદ થઈન શી ભત આ વાત કોકને કેવી?' વિચારતો તે પોતાના સારા નસીબને વાગોળી મન મનાવવા લાગ્યો, 'આ સોનકી જેવી બાયડી મલી તે મારા હારા નસીબે જ મલી સ ને? નકર નાતમાં તો ચેટલાય ભણેલા ને શે'રમાં સેટ થ્યા હોય એવાય ઘણા હજી રખડે સ, કોય વોંધો નઈ ભઈ આજ ની તો કાલ તો થાસે જ ને વધોમણાં' આવો દિલાસો આપી તેણે માંડ માંડ દિવસ કાઢ્યો.

સાંજે ડેલા આગળથી કાનજી તેની ભૂરીને લઈને જતો હતો ત્યારે પ્રસન્ન ભૂરીની રણકતી ઘંટડી જગાને ખૂંચી. તેનું મોં બગડી ગયું. તેની પાછળ આવતી રમલીને જોઈને તેને એક વિચાર ઝબક્યો કે 'મોન ના મોન આ વધામણાંની વાત ઓમ લંબાઈ રઈ સ તે નક્કી દાળમાં કો'ક કાળું સ'.

ને બીજી જ ઘડીએ જગોભઈ તો પોંચ્યા નાગજીભૂવાને ડેલે. રમલી સાથે તેના બાપાને ચાર વર્ષ પહેલાં થયેલા ઝઘડા વેળા રમલીએ શાપ આપ્યો હતો, તેણે કહેલું,

“તારી પેઢીઓ હુધી મારાં વેણ લાગસે, આ ગરીબ રોંડીરોંડનું તે ખાધું સ તો તારા વસ્તારને કદી હખ નઈ વળે.”

આ વાતને પોતાનાં વધામણાં નથી થઈ રહ્યાં તેની સાથે જોડીને જગો ભૂવા પાસે આવેલો ને જઈને પગે લાગીને કહેલું, “બાપા, તમન તો સિકોતર સાકસાત સ તે અમારા વધોમણાં મ રોજ કોક ને કોક વિઘન આવ સ તે તમાર માડીને કરગરવા આયો સુ તે મન જોઈ આલો બાપા.”

“કાલ આવજે ભયા, આજ તો વેળાય વળી જઈ ને પેલો ડમરુવાળોય ઘરભેગો થઈ જયો.” નાગજીભૂવાએ પોતાની પીધેલી બીડી નીચે જમીન પર દબાવતાં કહ્યું.

“બાપા, ઉતાવળ સ, આજકાલ આજકાલ કરતાં પૂરા પોંચ દા’ડા થૈ જ્યા.” બોલતો જગો રીતસરનો હાથ જોડી કરગરવા માંડ્યો.

નાગજીભૂવા એના હાલ સમજી ગયા હોય તેમ મૂછમાં મલકાયા, ને બોલ્યા, “પોંચ દા’ડા??? અરરર...” પછી પૂછ્યું, “મોબાઈલ લાયો સ?”

તે હરખાતાં બોલ્યો, “હા બાપા” ને તેણે મોબાઈલ ભૂવાજીના ચરણે ધરી દીધો.

“હારું, અલા એય લાલાઆ. ઓમાં માતાજીનાં ગીતો સી મ આવે?” તેણે ઘરની બહાર બેઠેલા એના દીકરાને મોટેથી પૂછ્યું.

“એ લા યૂ ટૂબ સાલુ કર.” પેલાએ એના મોબાઈલમાં જ માથું નાંખેલું રાખી જગાને કહ્યું.

“એ હા...હા અબઘડી કરું.”

“સિકોતર માડી સોનલ વરણા,

હાથમાં ત્રિશૂલ...”

“ના, બાપા ના...આ ગીતથી મા કદી નો આવે” કહી ભૂવાજીએ જગાના મોબાઈલને બંધ કરાવી દીધો.

“ડાકલો વાગ્યો રે... માડી આવો રે...,

ઝાંઝ વાગે... ને ધૂણ જાગે...” ભૂવાજીના દીકરાના મોબાઈલમાં વાગ્યું. ને ભૂવાજીને આખા શરીરે ધ્રુજારી છૂટી તે હાકોટો કરતાં બોલ્યા, “મુ સિકોતર, વોણવટી સિકોતર...”

“ખમ્મા મારી મા...ખમ્મા...હો..હો...સિકોતર પધારો...” ઘરમાં હાજર ભૂવાજીના નાના ભાઈ બોલ્યા.

“મા, મારું દખ તો તમે જોણો જ સો ને?” જગો શબ્દો ગોઠવતો બોલ્યો.

“હમ્મ... મુ બધું જોણું સ...”નાગજીભૂવા ધૂણતા ધૂણતા ભારે અવાજે બોલ્યા.

“જો ઓમ રમલીનો હાથ હોય તો આ ફેરે વેણ આલ મારી માડી.” બોલતાં ધૂણતાં નાગજીભૂવાએ સામેની ઘઉંની ઢગલીમાંથી દાણા મૂઠીમાં લઈ ભોંય પાથરેલા કપડા પર નાંખ્યા.

બરાબરનો ખેલ જામ્યો હતો. સામે નાગજીબાપા ધૂણતા જાય છે, દેકારા કરતા જાય છે, વચ્ચે વચ્ચે હાકોટા કરે છે ને બેઠેલા બે લોકો એને "ખમ્મા માડી ખમ્મા" કહી શાંત પાડે છે. હવે રમલીને કારણે આમ થાય છે ઈ વાત પાક્કી થઈ એટલે જગોએ કહ્યું,

"કાલ અમારાં વધોમણાં મ કોઈ વિઘન ના લાવે તો બીજો એક એકસોએકનો થાળ મુ સિકોતર માડીનોય કરે. તે કાલ કોઈ વિઘન ના આબ્બા દે."

"ખમ્મા માડીને ખમ્મા" કરતો બીજો હાકોટો થયો. જગાભાઈને લાગ્યું કે હવે વાત બરાબર થઈ ગઈ એટલે એમણે હળવેથી હાથ જોડી ભૂવાજીની રજા લીધી. જતાં જતાં ડેલીના દરવાજે બેઠેલા નાગજીબાપાના નાના છોકરાને કહ્યું, "આ તો દખ હોય ને ઈ જ હમજી હકે, એટલે તને કવું સ કે બાર ચોંય મને ચાવો ના કરતો."

"ના ભયા ના... ઈમ મું કોયનીય વાત બાર ના પાડું." આ સાંભળી જગાને થોડી શાતા વળી.

બીજા દિવસે જગાભઈના આયોજન મુજબ તેમણે વહેલી સવારથી જ પાદરમાં ચોકીપહેરો લગાવી દીધો ને સવારે જે ગાડી પહેલી આવી તેને આખી વાત સમજાવી ને એક હજાર ખાનગીમાં આપી દીધા. મોટરવાળો પણ જવાનિયો હતો, તેને વાત સાંભળીને જગાના દુઃખને સમજી લીધું હોય તેમ આંખ મીંચકારતાં કહ્યું, "તમ તમારે હવ કોય ચિંત્યા નો કરો, બધું વેળાસર પાર પડી જાશે."

મોટરના માલિકની રંગીનિયત તેની ગાડીનો રાજાશાહી ઠાઠ ને શણગાર જોઈને જ પરખાઈ જાય તેમ હતી. આગળ અને પાછળ લગાવેલી એલઈડી લાઇટો ને ચારે કોર લટકતાં રંગબેરંગી ફૂમતાં, કાચ પર ચોડેલાં ભાતભાતનાં સ્ટીકરોને કારણે ગાડી કોઈ સજેલી નવવધૂ જેવી લાગતી'તી. જોકે મોટરમાં સાત લોકોની સીટ પર બાપાએ એક પછી એક એમ અગિયાર લોકના થપ્પા માર્યા. નવવધૂના જોડામાં સોનકી ત્યાં આવી પહોંચી તેને જોઈને જગોભઈ તો પાણી પાણી થઈ ગયા. ગાડીમાં ઠસોઠસ ઠાંસેલાં પોતાનાં સાસરિયાંઓ વચ્ચે બિચારી લાજ કાઢેલી સોનકી તો બેય બાજુથી પિસાતી પૂરીની જેમ ચપટ્ટ થઈ ગઈ'તી. જગાભાઈ તો આગળની સીટ પર બેઠા હતા ને લળી લળી પાછું જોતા'તા, પણ સીટમાં બેવડ વળીને માંડ બેઠેલી સોનકીને તો ઊંચે જોવાનીય જગ્યા નહોતી. પૈસા ખર્ચ્યા એનો પૂરેપૂરો કસ કાઢવો જ પડે ને વળી પોતાની ગેરહાજરીમાં આ છોકરાંવ વધારે ખર્ચ કરી ના નાંખે એટલે લગામ રાખવા કોક તો જુવે ને! 'ગંઢીયા ગાડા વાળે' એમ બોલતાં પોતે પણ ચડીને જગાભાઈની બાજુમાં અડિંગો જમાવી દીધેલો. આ બાજુ જગાભાઈ તો આવા ટાણે પણ પોતાને 'બાયડી જોડે બેહવા નો મલ્યું' તેનો અફસોસ કરતાં'તા 'પણ કોય વાઉંધો નઈ, આજ રાત તો આપડી જ સ ને' વિચારતાં મલકાતા હતા. ગાડીવાળાએ એકબે બ્રેક તો એવી મારીને કે એના આંચકાથી આગળપાછળ નમીને અંદર બેઠેલા સૌ સેટ થઈ ગયા. ગાડીવાળો જુવાન તો શોખીન જીવડો હતો, તેના ટેપ રેકૉર્ડરમાં વાગતાં ગુજરાતી પ્રેમગીતો જગાભાઈને પાનો ચડાવતાં હતાં.

ત્યાં તો કલાક પછી ગાડી એક હોટેલ પર ઊભી રહી ને એક પછી એક સૌ ટપોટપ ઊતરીને હળવા થવા આગળ વધવા લાગ્યા. બાપાને જતા જોઈ જગાભાઈ તો જીપમાં પાછળ ઊતરી રહેલાં બૈરાંઓ પાસે આવી ગયા ને લાગ મળતાં જ ઊતરતી સોનકીને હાથનો ટેકો આપ્યો ને હાથ જોરથી દબાવતાં બોલ્યાં, "આજ તો બહુ રૂપાળા લાગો સોને કો'ક."

સાંભળતાં જ સોનકીના ગાલ શરમથી લાલઘૂમ થઈ ગયા. તે આગળ ચાલવા લાગી ને જગો તેનો રસ્તો આંતરતો તેની આગળ જઈને બોલ્યો, "હાચું કેજો મારા સમ સે તમન કાલ રાતે ઊંઘ આઈ'તી?"

તેણે નીચી નજરે કહ્યું, "હાય હાય... તમે તો સેજે લાજતાય નથ."

"લે ઈમ હુ લાજવાનું? હવે તો આપડને ફૂલ ટુ ફૂલ પરમિસન, ખાલી દહ કલાકની વાર સે." બોલતો તે આંખો નચાવતો ઘડિયાળ બતાવતો ચાલ્યો.

તે વખતે સાચે જ તેની ચાલમાં જે જોમ હતું તે જોતાં લાગતું હતું કે તે જમીન પર નહિ પણ હવામાં ઊડી રહ્યો હતો. ઘડીમાં તો તે લાંબા લાંબા ડગ ભરતો વળતો ગાડી પાસે આવી પહોંચ્યો ને તેણે ગાડીના કાચમાં પોતાને જોઈ વાળ સરખા કર્યા ને મૂછ પર હાથ ફેરવ્યો ત્યાં તો કાચમાં સોનકી આવતી દેખાઈ, તે વધારે સારી પેઠે જોઈ શકે તેમ તેણે કાચ ફેરવ્યો ને પોતાના વાળની લટોને રમાડતો તે સીટી વગાડવા લાગ્યો. સોનકીના ચહેરા પર શરમના શેરડા પડ્યા ને તેના મરકાતા હોઠોએ તેને રોમાંચિત કર્યો. તેની ચાતક જેવી પ્રતીક્ષાનો અંત નજીકમાં જ હતો તેની ચાડી આંખોની તાલાવેલી ખાઈ રહી હતી. બાપા આવીને બાજુમાં ગોઠવાયા તેનું પણ જગાને ભાન ન રહ્યું ને એવામાં જ ગાડીવાળો આવ્યો ને, "એ ભયા, આ કાસ બીજી મકા નો ફેરવાય નકર આપણ બધા ફરી જાહ." કહી તેણે કાચ સરખો કર્યો ને પોતાની મસ્તીમાં મસ્ત જગાભાઈ થોડા ખસિયાણા પડ્યા, પણ ગાડીવાળાએ ફેરવેલા કાચમાં નજર પડી તો જોયું કે પાછળ બેઠેલીનો આખો ચહેરો તો નહિ પણ એની ઓઢણીથી ઢંકાયેલી આંખો તો કાચમાં દેખાઈ જ રહી હતી. એ જોઈને જગાભઈ તો મોજમાં આવી ગયા. ત્યાં તો ગીત ચાલુ થયું, 'ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય' ને જગાભઈ તો ઝાલ્યા ના જાય એવા તાનમાં આવી ગયા હતા. એને સોનકી સિવાય બીજું કોઈ દેખાતું જ નો'તું, આવનારી રાતનાં સોણેરાં સપનાંમાં મગન જગાભાઈ પાછા વળી સોનકીને જોવા જાય ત્યાં તો બાજુમાં બેસેલ ડોસો ખોંખારો ખાઈ પોતે હાજર હોવાની જગાભાઈને યાદ દેવડાવે. જોકે એક પછી એક વાગતાં રોમૅન્ટિક ગીતો ને આવનારી મધુર ક્ષણોના નશામાં એ તો ચકનાચૂર હતા ને ત્યાં તો ખેતરપાળનો મુકામ આવી જતાં બાપાની હાકલ પડી,

"હઉ મુઢ્ઢુ ખંગાળીને દરસન કરજો ને પેલા વરઘોડિયાને મોરે જાવા દેજો. મુ હુખડીનો થાળ લઈને આવું." જગોભાઈ તો રોફભેર ઊતરીને સોનકી તરફ પોતાનો ઘડિયાળવાળો હાથ કરી તેના કાનની નજીક જઈ બોલ્યા, "આઠ કલાક"

શરમની મારી લાલઘૂમ થયેલી સોનકી તો કોઈ જોઈ જશે એવા ડરની મારી ઝટપટ મંદિરની દેરી તરફ ચાલવા લાગી.

"થોડા ધેમે હેંડો સોનાવહુ, જગાને મોર્યે જવા દો ને તમે લગાર ધીરા પગ ઉપાડો..." બાની સૂચના મળતાં બાકીના સૌ ધીમા પડી ગયા.

જગાભાઈ તો મોટા મોટા ડગ માંડતા આગળ દોડતા હોય તેમ ચાલી રહ્યા છે, તેમની ગતિ કોઈ વિમાનથી ઓછી નહોતી. બાના આદેશ મુજબ સોનકી તો જાણે માંડવામાં પ્રવેશ કરતી હોય તેમ ધીરે ધીરે નીચી નજરે પાછળ આવે છે. જગાભાઈ વારે વારે લળી લળી પાછળ જોવે છે ને સોનકીને વધારે દૂર જોઈ એ કંઈક કહેવા મુંડી પાછળ ફેરવે

છે ને ત્યાં ચાર પગથિયાં ઊતરીને નીચે આવેલા મંદિરના દરવાજાની પથ્થરની બારસાખ સાથે તેના માથાનું ભીષણ ભટકાણ થયું ને ધડામ દઈને ભટકાયેલા તેના કપાળમાં લીંબુ જેવડું ઢીમડું ઊપસી આવ્યું. "ઓ બાપ ર..." તો બોલાઈ જ ગયું'તું ને બળતરાય બાળી નાંખતી'તી, પણ પાછળ આવતી સોનકીને જોઈને માથા પર મુકાયેલો હાથ લેવાઈ ગયો. સોનકી નજીક આવી ગઈ એટલે જગો વળતો આવીને દરવાજાની બારસાખ પર હાથ મૂકીને બોલ્યો, "ઓય હાચવજો, વાજે એમ સ."

સાંભળીને સોનકી મલકાઈ ને જગાના માથામાં ઊપસી આવેલા ઢીમડાને જોઈને આંખ ઉલાળતી મંદિરમાં અંદર ગઈ. તેના હાસ્યથી રોમાંચિત થઈ ઊઠેલા જગોભાઈને બહુ ઉતાવળ આવી ગઈ હોય તેમ ઝટ ઊભા થઈને દોડ્યા. પાછળ થાળ લઈને બા-બાપા પણ આવી પહોંચ્યા ને મંદિરના પૂજારીએ વરઘોડિયાંને અંદર ગભારામાં બોલાવી પૂજાવિધિ સંપન્ન કરી ને દેવને શ્રીફળ વધેરી ધરાવાયું. જગાભાઈને તો હરખ હૈયે સમાતો નથી. ઘડી ઘડી તે પોતાની કાંડા ઘડિયાળમાં જુવે છે ને પછી તે હાથ ઊંચો કરી સોનકીને બતાવે છે.

મંદિરમાંથી નીકળી ભોજનશાળા તરફ જતાં જગાભઈ એવા તો તોરમાં આવી ગયા કે રસ્તા પર પડેલા મોટા પથ્થરનેય ના જોયો ને એની ઠોકર લાગી ને ગબડ્યા તે સરરર કરતાંક સીધા સામે પડેલા ખાડામાં ભરેલી બોરીની જેમ પટકાણા.

"એ હાચવો બટા હાચવો...!" બોલતા બાપા દોડી આવ્યા.

"અરરર... આ મૂવા ખાડા તો..."બોલતી બા પણ આવી ચડી ને દૂર સ્તબ્ધ થઈ ઊભેલી સોનકીને જોઈ પોતે ઊભા થવા ગ્યા પણ થઈ ના શક્યા. ખાડામાં રહેલા પથ્થરો તેના ઘૂંટણ પર વાગવાથી ઠેર ઠેર છોલાઈ ગયું હતું, પગના અંગૂઠામાંથી તો લોહી વહેવા લાગ્યું હતું, બાએ તેના સાડલાના છેડાથી તે માંડ બંધ કર્યું.

જગાભાઈ તો હજુ પણ સોનકી પર પોતાની છાપની ચિંતા કરતાં બોલ્યા, "ના, ના કોય નથ થ્યું, આ તો લગાર ઠેબે ચડ્યો'તો."

"શું લગાર! આ તો મચકોડ સ ક હાડકું ભાંજ્યું સ?" બાપા બરાડ્યા

"ઓમ તો હડિયું ના કઢાય ભઈ." બા હાથ ઝાલીને બોલ્યાં.

"આ જો તો ખરો, મોટા થોંભલા જેવો પગ થવા મોંડ્યો." બાપા ચિંતા કરતાં બોલ્યા.

"હોવે, આ તો હુજાણો સે. લો આ તો મહિનાનો ખાટલો તો હાચો જ." મોટાં ભાભી બોલ્યાં.

જોતજોતામાં તો લોકોનું ટોળું ભેગું થઈ ગયું ને આસપાસમાં થતી જાતજાતની વાતો ને અટકળો સાંભળીને જગાભાઈ તો ત્યાં જ અડધા બેભાન થઈ ગયા. બધા પુરુષો મળીને ટાંગાટોળી કરી જગાભાઈને ગાડીમાં ચડાવ્યા. બાકીનાંય સૌ માંડ કરીને ગોઠવાયાં. હવે ગાડીને નજીકના શહેરમાં ડૉક્ટર પાસે લઈ જવાની હતી. ગાડી ચાલુ થઈ 'ઘરર....ઘરર...' અને તેના ટેપરેકૉર્ડરમાં ગીત વાગ્યું "લાડલો પાન ચાવે ને રસ ઘોળે..." ને ત્યાં જ ઘાયલ જગાભાઈ ઝણકો કરી બોલ્યા, "રવા દે ને ભયા, હવે આ કોન ફાટ સ."

■

તે હિ ના દિવસાઃ ગતા : મૉપેડ અને સ્કૂટર યુગ

અધીર અમદાવાદી

અમારા સમગ્ર પિતૃપક્ષમાં સૌથી પહેલું વાહન મૉપેડ આવેલું. ૧૯૭૪ની સાલમાં. પપ્પાએ સેકન્ડ-હૅન્ડ લ્યુના ખરીદેલું. એ વખતે અમદાવાદમાં એએમટીએસ બસોનો સુવર્ણકાળ હતો. લોકો બસમાં જ મુસાફરી કરતા. સોસાયટીમાં એકાદ મકાન પાસે સ્કૂટર પડેલું દેખાય. કાર તો બંગલાવાળા જ રાખે. અમારે ખરીદવું તો સ્કૂટર હતું, પણ સ્કૂટર માટે ચાર-પાંચ વરસ રાહ જોવી પડે એમ હતી. એટલે સેકન્ડ-હૅન્ડ લ્યુના ખરીદ્યું'તું. લ્યુના મૉપેડ ગણાતું. સાવ મડદાલ એવા લ્યુના ઉપર જો કોઈ ૮૦ કિલોનો દેહધારી બેસે તો એણે બકરી પર સવારી કરી હોય એવો દેખાવ થતો. આમ તો એ સાઇકલનું અપગ્રેડેડ વર્ઝન હતું. આજની ભાષામાં કહીએ તો લ્યુનાની USP એ હતી કે એમાં પેડલ પણ આવતાં. તમે પાછલા વ્હીલની ઘરીમાં આવેલ એક ડટ્ટી દબાવો એટલે લ્યુના સાઇકલ બની જતું. અમદાવાદી પ્રજાને એકના ભાવમાં બે પહેલેથી પસંદ. એટલે લ્યુના ઊપડ્યું હતું. જોકે બાળકોની સાઇકલ જેટલા નાના પેડલ હોવાને કારણે પેડલ મારવાનું કામ ફલશ કરેલું પાણી ટાંકીમાં પાછું ચઢાવવા જેટલું મુશ્કેલ હતું. મોટે ભાગે તો લોકો મૉપેડ બગડે તો સાઇકલ મોડ પર મૂકી, પેડલ મારવાને બદલે ઢસડીને નજીકના ગૅરેજ લઈ જવાનું પસંદ કરતા. હા, ઢસડીને યોગ્ય શબ્દ જ વાપર્યો છે.

આમ તો સ્ટૅન્ડ પર ચઢાવી, જમણી તરફ ઊભા રહી, એક હાથથી એક્સલરેટર આપી તમે અડધું પેડલ મારો એટલે લ્યુના સ્ટાર્ટ થાય. થિયોરેટિકલી. પ્રૅક્ટિકલી જો પ્લગમાં કે પેટ્રોલમાં કચરો ના હોય, અને એન્જિન બરોબર સર્વિસ થયેલું હોય તો પેડલ મારવાથી પણ સ્ટાર્ટ થાય. એટલે જ કદાચ જતે દિવસે લ્યુના કંપનીએ પછી 'ચલ મેરી લ્યુના' ટૅગ લાઇન આપી હતી; જે તમારે પેડલ મારતાં પહેલાં મંત્રની માફક બોલવાની રહેતી હતી. જોકે એમ બોલવાથી લ્યુના ચાલુ ના થાય ત્યારે તમારી પાસે બે વિકલ્પ રહેતા. એક, લ્યુના સ્ટૅન્ડ પરથી ઉતારી ક્લચ દબાવી દોડવાનું અને યોગ્ય સમયે ક્લચ છોડવાનો, ચાલુ થઈ જાય એટલે ચઢી બેસવાનું, બ્રેક મારવાની અને જો પાછળ બેસનાર હોય તો એ દોડતું આવતું હોય તે આવીને બેસે એની રાહ જોવાની. આ દરમિયાન મૉપેડ ફરી બંધ ના થાય એની ગૅરંટી કંપની નહોતી આપતી. લ્યુના સ્ટાર્ટ કરવાનો બીજો વિકલ્પ હતો લ્યુના સ્ટૅન્ડ પર રાખીને બેઉ પેડલ પર પગ જમાવી જોરજોરથી પેડલ મારવાનો. આ ક્રિયામાં પેડલ મારનારનું વજન, લ્યુના જે જગ્યાએ સ્ટૅન્ડ ઉપર ઊભું કર્યું હોય તે જગ્યાનું સમતલ અને નક્કર હોવું, અને પેડલ મારતી વખતે વ્યક્તિ પોતાનું ગુરુત્વબિંદુ લ્યુનાની સાપેક્ષ જાળવી શકે છે કે નહીં તે અગત્યનું રહેતું. નહીંતર લ્યુના કોઈ એક બાજુ ઢળી પડતું. આ સિવાય પણ પેડલ છટકવાથી ઘૂંટણ પણ છોલાવાની ઘટનાઓ લ્યુનાચાલકો માટે ત્યારે સામાન્ય ગણાતી.

પોતાનું વજન, પેડલ મારનારનું વજન અને પેડલના ધક્કા વારંવાર ખમ્યા પછી સ્ટૅન્ડ સાથેનું લ્યુના આગળના પગ લંબાવીને બેઠેલા કૂતરા જેવું થઈ જતું. પરિણામે પાછળનું પૈડું જમીનને અડી જતું. ત્યારે ધક્કા મારવા સિવાય કોઈ વિકલ્પ બચતો નહીં.

લ્યુના ૫૦ સીસીનું આવતું. એમાં કાર્બ્યુરેટરમાં કચરો આવે તો છીંકો કે ડચકાં ખાય. અમે ત્યારે અમદાવાદમાં ગુલબાઈ ટેકરા રહેતાં. ત્યાં લ્યુનાને પટેલ સોસાયટીનો ઢાળ ચઢાવવા ઘણી વખત બેઉ પગે એકસાથે હલેસાં મારવાં પડતાં. પાછળ કોઈ બેઠું હોય, ખાસ કરીને પુરુષ, તો રિવાજ મુજબ એ પણ બંને પગે હલેસાં મારવામાં સહભાગી થતું, અથવા ઊતરીને ધક્કા મારવા લાગતું.

અત્યારે સોનાની ચેઇન ચોરનાર ધૂમ પિક્ચર સ્ટાઇલમાં બાઇક પર આવે છે, પરંતુ ઇતિહાસમાં કોઈ લ્યુના પર આવીને ચેઇન ચોરી ગયું હોય એવી ઘટના નોંધાઈ નથી એ વાત લ્યુનાની યશકલગીમાં એક છોગા સમાન ગણી શકાય. પોલીસસ્ટેશનોમાં તો આમેય બધી ફરિયાદો ના નોંધવાનો શિરસ્તો ચાલ્યો આવે છે, એટલે ત્યાં આવા કેસ શોધવાનો કોઈ અર્થ નથી.

એ વખતે બેત્રણ અન્ય મૉપેડ પણ આવતાં. એમાં સુવેગા અને વિકી મુખ્ય હતાં. વિકીની ખાસિયત એ હતી કે એની હેડલાઇટ સ્ટિયરિંગને બદલે બૉડી ઉપર લાગેલી આવતી. એવું કહેવાતું કે રાત્રે રોડ પર તમે ટર્ન મારો અને ધારો કે ત્યાં ખાડો હોય, તો પહેલાં વિકી ખાડામાં પડે પછી લાઇટ પડે, 'અરે, આ તો ખાડો!'

* * *

બજાજ સ્કૂટર ઇટાલિયન સ્કૂટર મેકર પીઆજીઓના વેસ્પા મૉડલ પર આધારિત હતું. શરૂઆતમાં વેસ્પા પછી બજાજ ૧૫૦ સુપર, ચેતક અને પ્રિયા મૉડલ પણ આવ્યાં. બજાજનું સ્કૂટર ખરીદવા એ વખતે પાંચસો રૂપિયાની ડિપૉઝિટ સાથે ફૉર્મ ભરવું પડતું. બજાજની ફાઇનાન્સ કંપનીના પાયા ત્યારે નખાયા હશે. અરજીના પાંચેક વર્ષ બાદ, ગ્રહો ફળદાયી હોય, તમારા પગમાં વાહનયોગની રેખા સક્રિય થઈ હોય, અને તમે આ જિંદગીમાં તો પોતાનું સ્કૂટર ચલાવવા નહિ જ મળે એવી ઘોર નિરાશામાં ઘેરાયેલા હોવ, છેક ત્યારે કંપની એલોટમેન્ટ લેટર મોકલતી. પછી તો ઘરમાં લૉટરી લાગી હોય તેથી વધુ સ્કૂટર લાગવાનો આનંદ છવાઈ જતો. ભોગેજોગે અરજી કરનારે જો આ ગાળામાં સ્વર્ગારોહણ કર્યું હોય તો વારસામાં આ સ્કૂટર એલોટમેન્ટ લેટર કોને મળે તેવા વારસાઈના પ્રશ્નો પણ થતા. બજાજના ચેતક મૉડલમાં તો અત્યારે કૉલેજ ઍડમિશનમાં જે પ્રકારે NRI ક્વોટાનું છીંડું છે, તેવી ચેતક ખરીદવાની NRI છટકબારી પણ હતી. આ ચેતક અને પ્રિયા નામ પણ અત્યારની વિદેશના નામની ઘેલછા જોતાં ઘણાં જુનવાણી લાગે. જુલિયસ સિઝરના ઘોડાનું 'ઑસ્ટરકોન' નામ આપી શકાત, પણ કંપનીએ 'ચેતક' નામ રાખ્યું. આ સિવાય જો તમારે રેડી પઝેશનમાં નવું સ્કૂટર જોઈતું હોય તો જેમને સ્કૂટર લાગ્યું હોય, પણ ખરીદવાની અથવા પેટ્રોલની ત્રેવડ ના હોય, એવાને હજાર-પંદરસો (લગભગ નવા સ્કૂટરના ૨૦ થી ૩૦%) ઑન આપી ખરીદી શકાતું. બૅન્કના કર્મચારીઓ એ વખતે આ સ્કૂટર ઑનથી વેચવાનું કામ પત્નીના નામે એલઆઇસીની એજન્સી અને પોસ્ટના કામકાજ કે શૅરબજાર ઉપરાંત સાઇડ બિઝનેસ તરીકે અપનાવેલું. આ કારણસર એ જમાનામાં બૅન્કની નોકરી હોય એને તરત છોકરી મળી જતી.

આ મૉનોપૉલીને કારણે જ સ્કૂટરનાં મૉડલોમાં ફ્રાન્સના કાન ફિલ્મ ફેસ્ટિવલમાં

આવતાં મૉડલોમાં જોવા મળે છે તેવું વૈવિધ્ય જોવા નહોતું મળતું. બલ્કે વર્ષો સુધી જરા પણ સુધારો નહોતો જોવા મળતો. રંગ પણ બે કે ત્રણ જ મળતા. 'જે છે તે આ છે' એ સૂત્ર કંપની અને ડીલરોએ અપનાવેલું. આ સિવાય સ્કૂટર મુખ્યત્વે પુરુષો ચલાવતા એ કારણસર પણ એના રંગમાં વિવિધતા નહોતી. ખરીદનાર 'આનાથી વધારે હાઇટનું મળે?', 'રિઅર વ્યૂ મિરરમાં બીજો શેપ ખરો?' જેવા પ્રશ્નો પૂછતા નહોતા. તમારું સ્કૂટર જુદું દેખાડવા તમારે એસેસરીઝ અલગ નખાવવાની રહેતી. બીજું તો ઠીક લગભગ ત્રીસેક વર્ષ સુધી 'ટીટીટ' પ્રકારનો કર્કશ અવાજ કાઢતા એના હૉર્નમાં પણ સુધારો નહોતો થયો. અછત એટલી હતી કે સ્કૂટરની રિસેલ વૅલ્યૂ સારી મળતી. અત્યારે જેમ સિત્તેર વરસની યુવતીઓનું બ્યૂટીપાર્લરમાં જવું સહજ છે, તેમ, સ્કૂટરને ફરી કલર કરી, ટિપટૉપ બનાવી ચલાવવાનું એકદમ સહજ હતું. ત્યારે સ્કૂટર વેચવા માર્કેટિંગનો ખર્ચો કંપનીને નહોતો કરવો પડતો. છેક ૮૦ના દાયકાના અંતમાં મોટરસાઇકલ પૉપ્યુલર થવા લાગી ત્યારે બજાજ કંપનીએ જાહેરાત કરવા માંડી હતી.

બજાજ સ્કૂટરમાં એન્જિન જમણી તરફ આવતું, ડાબી તરફ સામાન મૂકવાની ડેકી આવતી. સ્કૂટર ચલાવનારનો અનુભવ અને આવડત એ વખતે પાછળ બેસનાર દ્વારા ટેસ્ટ થતાં. એન્જિનની પોઝિશનને કારણે પાછળ બેસનારે ડાબી તરફથી બેસવાનું રહેતું, પરંતુ જો ભૂલેચૂકે કોક બિનઅનુભવી જમણી તરફથી બેસવાની ચેષ્ટા કરે તો બે તરફ પગ ટેકવી બૅલેન્સ જાળવી ઊભેલા સ્કૂટરચાલકને અવગણીને સ્કૂટર જમણી તરફ ઢળી પડતું. ડાબી તરફથી બેસનાર પણ જો બિનઅનુભવી હોય અને ફૂટરેસ્ટ પર પગ મૂકી, ઘોડાના પેંગડા માફક ચઢવા જાય તો સ્કૂટર ડાબી તરફ ઢળી પડતું. આ અંગે ચલાવનાર અને બેસનાર વચ્ચે કાયમ માથાકૂટ થયા કરતી. પાછળ બેસનારમાં લેડીઝ એક તરફ એટલે કે ડાબી તરફ બેસતી, જ્યારે પુરુષોમાં ઘોડો કરીને બેસવાનો રિવાજ હતો. એ વખતે સ્ત્રીઓ મહદ્અંશે સાડી પહેરતી, એટલે ઘોડો કરવાનું શક્ય પણ નહોતું. તેમ છતાં એ વખતે પંજાબી કે અન્ય ડ્રેસ પહેરનાર સ્ત્રીઓ ઘોડો કરીને બેસે તો એ ભાયડાછાપમાં ખપતી. ઇનફૅક્ટ સ્કૂટર ચલાવનાર સ્ત્રીઓ પણ એ વખતે ભાયડાછાપ ગણાતી. પછીના સમયમાં એ જ સ્ત્રીઓ પુરુષસમોવડી, અને અત્યારના સમયમાં એ નૉર્મલ સ્ત્રી ગણાય છે.

ચાવીથી સ્કૂટરનું સ્ટિયરિંગ લૉક કરી શકાતું. અસલ બજાજ ૧૫૦માં સ્ટિયરિંગની ચાવી ફેરવ્યા પછી સ્ટિયરિંગને ડાબી તરફ લૉકનો ખટાકો બોલે ત્યાં સુધી ફેરવીને પછી જ ચાવી કાઢવાની સૂચના હતી. લૉક ખોલ્યા પછી પણ સ્ટિયરિંગ ડાબે જમણે ફેરવીને ચેક કરી લેવાનું રહેતું. જો એમ કરવામાં ભૂલ થઈ તો ચાલુ સ્કૂટરે સ્ટિયરિંગ લૉક થઈ જતું.

ચાવી ખોવાઈ જાય તો આસાનીથી નવી ચાવી બની શકે તે પ્રકારે ચાલુ કક્ષાના લૉક સ્કૂટરમાં નાખવામાં આવતા. ડેકીનું લૉક તો ઘરની કોઈ પણ ચાવીથી ખોલબંધ થઈ શકે તેટલું મળતાવડું રહેતું. ડેકીમાં પાછી ઑન-ઑફ કરી શકાય તેવી દેશી સ્વિચ આપવામાં આવતી. એટલે જો કોઈ સ્કૂટરને કિકો મારતું દેખાય તો મદદે આવનાર 'ડેકીની સ્વિચ ચાલુ કરી છે?' આ પ્રશ્ન પહેલાં પૂછતું. પ્રશ્ન અસ્થાને પણ નહોતો. સ્વિચ બંધ રાખીને કિકો મારનાર મૂર્ખાઓ પણ સમાજમાં હતા જ. એક ઑપ્શનલ લૉક સ્પેરવ્હીલના બોલ્ટ પર લાગતું જેથી સ્પેરવ્હીલ ચોરાઈ ના જાય. જોકે અંગ્રેજના જમાનાની જેલના જેલરોને જે ચોર ચકમો આપી શકતા હોય એમની આગળ આ લટકણિયા લૉકની શી મજાલ? આ ઉપરાંત સ્કૂટરમાં પેટ્રોલનો પુરવઠો ઑફ કરવા, ટાંકીમાં પેટ્રોલ અમુક લેવલથી નીચે જાય ત્યારે રિઝર્વમાં મૂકવા અને ચાલુ કરવા વધારે પેટ્રોલ ખેંચવા ચૉક આવતો. આ સ્વિચ ફેરવવાની

રહી જાય ત્યારે સ્કૂટર સો-બસો મીટર ચાલીને અટકી જતું. તમે પાંચેક કિલોમીટર સુધી અમદાવાદ જેવા શહેરમાં વાહન ચલાવો તો દસ-પંદર જણા તો ઓછામાં ઓછા તમને રોડ સાઇડ પર અમથી કિકો મારતા દેખાય, દેખાય અને દેખાય જ.

સ્કૂટરના ક્લચ અને ગિયર ડાબા હૅન્ડલ પર આવતા. કિક મારતાં પહેલાં ક્લચ દબાવી ન્યૂટ્રલ છે કે નહીં તે ચેક કરવું પડતું નહીંતર સ્કૂટર સ્ટૅન્ડ ઉપર હોય તો જાતે ઊતરી જતું અને સ્ટૅન્ડ વગર કિક મારી હોય તો સ્વયં આગળ વધવા લાગતું. સ્કૂટર ચાલુ થયું છે એની બરોબર ખાતરી કરી ચાલકે સ્કૂટર પર બેસવાનું રહેતું, એ પછી પાછળ બેસનારને બેસવાની મંજૂરી મળતી. જો કોઈ અધીરાઈપૂર્વક સ્કૂટર ચાલુ થયાની ખાતરી કર્યા વગર બેસી જાય અને સ્કૂટરને ખોટું લાગે તો એ બંધ થઈ જતું. આ સંજોગોમાં પાછળ બેસનારને નીચે ઉતારી, પોતે નીચે ઊતરી, ન્યૂટ્રલ ચેક કરી, ફરી સ્ટૅન્ડ પર ચઢાવી કિક મારવાની રહેતી. બધું આ લખેલ ક્રમ પ્રમાણે જ કરવાનું રહેતું. ધારો કે પાછળ બેસેલું ઊતરે એ પહેલાં ચલાવનાર ઊતરી જાય તો સ્કૂટરના ગુરુત્વબિન્દુને ખોટું લાગી જતું અને સ્કૂટર જમણી સાઇડ એટલે કે મશીન સાઇડ પર ઢળવા લાગતું. હવે ચલાવનારની કુશળતા અને પાછળ બેસનારનું વજન વત્તા બેવકૂફી બેમાંથી જે હાવી થાય તે મુજબ સ્કૂટર ઊભું રહેશે કે આડું પડશે તે નક્કી થતું.

જોકે સ્કૂટરનું આડું થવું એ જોનાર માટે કોઈ નવાઈની વાત નહોતી. એનું કારણ સ્કૂટર ચાલુ થવામાં જે આડાઈ કરતું તે હતું સ્કૂટર સ્ટાર્ટ થવા માટે પેટ્રોલ અને સ્પાર્ક. પ્લગમાં થતા સ્પાર્કનું અમુક ગ્રહ અમુક ખાનામાં હોય અને દિવસનું અમુક ચોઘડિયું ઊતરવામાં કે ચઢવામાં હોય તે સંજોગો સર્જાય તે જરૂરી રહેતું, આવો સુભગ સમન્વય ના સર્જાયો હોય તો જાણકારો સ્કૂટર પોતાની તરફ નમાવીને પેટ્રોલ અને પ્લગનું મિલન કરાવી આપતા. આ નમાવવાના કારણથી જ બજાજ કંપની કાર કે વિમાન મૅન્યુફૅક્ચરિંગમાં ન આવી એવું જાણકારો કહે છે. નમે તે સૌને ભલે ગમે કે ના ગમે, પરંતુ સ્કૂટર ચાલુ કરવા ચોક આપવાની ક્રિયા કરતાં નમાવવું વધારે અસરકારક સાબિત થયેલું. આ ઉપરાંત સ્કૂટર ચાલુ કરવા ક્લચ દબાવીને ખાલી કિક મારવાનો કસબ અમુક લોકો અજમાવતા. આ બધાં કારણોસર સ્કૂટરધારી પુરુષોના જમણા પગ ડાબા કરતાં ૩૩.૭૪% વધારે મજબૂત સાબિત થતા.

જોકે સ્કૂટર સ્ટૅન્ડ પર બરોબર ચડાવ્યું ના હોય, નીચે પોચી જમીન હોય, અથવા તો વાંદરા કે ઢોરની ટક્કરથી આડું પડી જાય અને એને ઊભું કરવામાં વાર થાય તો અગાઉ વર્ણવેલી નમાવવાની ક્રિયા 'બહુત નમે નાદાન'માં ખપી જતી અને પરિણામસ્વરૂપ સ્કૂટર ઓવરફ્લો થતું. પછી કિકો મારવાની પ્રક્રિયા શરૂ થતી. અમુક આક્રમક ચાલકો એક પછી એક પંદર-વીસ કિકો લાગલાગટ મારી સ્કૂટરને ધુમાડો છોડતું કરી સૌને પોતાની મર્દાનગીથી ચકિત કરી દેતા. તો ક્યારેક ઓવરફ્લો થયેલ સ્કૂટરમાં ચાલુ થવાનો 'ભૂરરર..' કરીને અવાજ આવે એનાથી ખુશ થઈને કિક મારવાનું બંધ કરી દે તે સ્કૂટરને પસંદ ના પડતાં એ પાછું બંધ થઈ જતું. અમુક વીરપુરુષો તો સ્કૂટર પર બેઠાં બેઠાં પગ પાછળ લંબાવી સ્કૂટરને કિક મારી ચાલુ કરી શકતા. તો સામે અમુક નબળા પુરુષોને જરૂરી કૌશલ્યના અભાવે સ્કૂટર બંધ પડે તો ચાલુ કરવા સ્ટૅન્ડ પર ચઢાવવું પડતું. સ્ત્રીઓ જ્યારે આવાં સ્કૂટર ચલાવતી થઈ ત્યારે સ્ત્રીઓના સ્કૂટરને કિક મારવા પડાપડી થતી, અને એ સ્ત્રી-દાક્ષિણ્યનું કામ ગણાતું. સ્કૂટર જૂનાં થતાં કિકના મશીન સાથેના કનેક્શનમાં સ્લિપ સર્જાતાં કિક છટકતી. આમ થવાથી ઘૂંટણ પર વાગતું. ક્યારેક પગના નળામાં ફૂટરેસ્ટ અથડાતું. એસેસરી તરીકે

આવતું ફૂટરેસ્ટ તો હજુ પણ લોકોના પગના નળા ભાંગવા વપરાય છે. આ બધી ઈજાઓ સ્કૂટરચાલક યોદ્ધાઓ માટે એ વખતે સામાન્ય ગણાતી. સ્કૂટર બરોબર સર્વિસ ના થયેલ હોય અને સામે કિક મારનાર અદકપાંસળી હોય તેવા સંજોગોમાં કિક પોતાની જગ્યાએ રહેતી અને કિક મારનાર જમીનથી એક વહેંત અધ્ધર ઊંચકાઈ જતો જે આખા શરીરના ભાર સાથે ઝટકો મારે ત્યારે પહેલાં કિક અને પછી એ પોતે નીચે આવતો. જોકે એટલા પ્રયત્નથી સ્કૂટર ચાલુ થાય એવી ગૅરંટી કંપની કે મિકૅનિક આપતા નહિ.

અમુક સ્કૂટરમાલિકો સ્કૂટરની દેખભાળ પોતાની પત્ની કરતાં પણ વધારે કરતા. અમુક તો એવી શેખી મારતા કે એમનું સ્કૂટર 'અડધી કિકે' સ્ટાર્ટ થાય છે. ખરેખર તો બત્રીસલક્ષણા સ્કૂટરનો મુખ્ય ગુણ આ અડધી કિકે સ્ટાર્ટ થવાનો રહેતો. મોટા ભાગના સ્કૂટરમાલિક એ વખતે પ્લગ અને થોડાઘણા કાર્બ્યુરેટર સાફ કરવાનું કાર્ય જાતે કરી જાણતા. પ્લગ સાફ કરવા માટેની બ્લેડ તો સ્કૂટરની કી-ચેઇનમાં લગાવેલી રાખવામાં આવતી. અત્યારે સેલ્ફ મેડિકેશન કરીએ અને ડૉક્ટરોને ખરાબ લાગે છે એવું એ વખતે મિકૅનિકોને ખરાબ લાગતું નહીં. સ્કૂટર રિપૅર થતું હોય ત્યારે મિકૅનિક શું કરે છે તે ધ્યાનપૂર્વક જોવામાં આવતું, કારણ કે એ વખતે રિપૅરિંગના વીડિયો યૂ-ટ્યૂબ પર નહોતા મુકાયા. બલકે એ વખતે યૂ-ટ્યૂબ જ નહોતું.

નાડીવૈદ્યની કક્ષાએ તો નહીં, પરંતુ મિકૅનિકો એ વખતે ગાડીના અવાજ ઉપરથી તકલીફનું નિદાન કરી શકતા. તમે સ્કૂટર લઈ ગૅરેજ પર જાવ તો એ અડધી સીટે બેસીને ટ્રાયલ લઈ આવતા. અડધી સીટે બેસવાનું કારણ ગૅરેજમાં ઑઇલ-ગ્રીસથી બગડેલ પૅન્ટથી સીટ ઓછી બગડે એ ભાવના જ રહેતી. મિકૅનિક એટલા હોશિયાર રહેતા કે તમે વચ્ચે કંપનીમાં કે બીજે ક્યાંય સર્વિસ કરાવવાની ભૂલ કરી હોય તો ૫૦% સંભાવના સાથે એ પકડી પાડતા. તેમ છતાં બધાની સામાન્ય ફરિયાદ સ્કૂટર સર્વિસમાં આપ્યા પછી પેટ્રોલ ઓછું થઈ જવાની રહેતી. દૂર દૂરની દુકાનોમાં પાર્ટ લેવા જવા માટે અગાઉ તૈયાર થયેલું સ્કૂટર વાપરવાનો રિવાજ આ માટે જવાબદાર હતો. આ ઉપરાંત મિકૅનિકના ત્યાં કામ કરતાં લડકા લોગ પોતાના ઇલાકામાં હોશિયારી મારવા મુખ્ય મિકૅનિકની ગેરહાજરીમાં આંટો મારતા એ પણ જવાબદાર રહેતું. દરેક સ્કૂટરમાલિકને તોયે પોતાનો મિકૅનિક શ્રેષ્ઠ લાગતો, જોકે એ માત્ર બીજા સાથેની વાતચીતમાં. બાકી એકના એક પ્રૉબ્લેમ માટે ત્રણ-ચાર વાર જવું પડે ત્યારે 'મિકૅનિક બદલું કે સ્કૂટર બદલું' એવા વિચાર ઝબકી જતા.

નાનું કુટુંબ સુખી કુટુંબ જાહેરાત હજુ થવાની વાર હતી, એમાં પાછી એ વખતે સંયુક્ત કુટુંબ પ્રથા હતી. એટલે બે સવાર માટે સર્જાયેલ સ્કૂટર પર કેટલા સવારી કરશે તે ડિઝાઇન કરનાર સુપેરે જાણતા હશે એટલે સ્પેરવ્હીલ પાછળ મજબૂતાઈથી સ્કૂટર સાથે જોડી મુકાયું હતું. ત્યારે ચાર-પાંચ જણનું કુટુંબ આસાનીથી સ્કૂટર પર જતું, વધારે હોય તો એકાદ છેક સ્પેરવ્હીલ પર ચઢી બેસતું.

સ્કૂટર એ વખતે પ્રાઇઝ્ડ પઝેશન હતું. કોઈ સ્કૂટર ખરીદે અને એની પૂજા થતી હોય તો આડોશી-પાડોશી ભેગાં થઈ જતાં. હવે તો કોઈ નવું વાહન છોડાવે તો પડોશીઓને પાર્કિંગના પ્રૉબ્લેમ વધશે એની ચિંતા થાય છે. પહેલાં પરિવાર મોટા હતા, અને વાહનો ઓછાં; હવે પરિવાર નાના થતા જાય છે અને વાહનો વધુ. શહેરોમાં પાર્કિંગ, અકસ્માત, અને પ્રદૂષણની સમસ્યાઓ જોતાં પ્રાઇવેટ વાહનોનો ઉપયોગ ઘટે તે સમાજના હિતમાં જણાય છે.

■

‘કેસરી દળનો નાયક’ : રાષ્ટ્રીયતાનું ધગધગતું પ્રતીક

અકરમ ડૈરૈયા

ગાંધીજીએ સ્પષ્ટપણે માન્યું હતું કે અસ્પૃશ્યતા, અજ્ઞાનતા, નિરક્ષરતા, અંધશ્રદ્ધા અને સામંતશાહીના કારણે ગુલામીના બંધનમાં જીવી રહેલાં ગામડાંઓની દશા સુધારવી હોય, તો સૌને એકતાના તાંતણે અને સંવેદનાના સૂત્રે બાંધવું આવશ્યક છે. સમાજના આ રોગોને સારી રીતે ઓળખી લીધેલા ગાંધીજીએ સ્વતંત્રતા મેળવવા માટે સૌને એક જૂથ થવાની હાકલ કરી. ઈ.સ. ૧૯૨૦ થી ૧૯૩૦ દરમિયાન તેમના વિચારો અને આંદોલનો ખૂબ પ્રભાવશાળી રહ્યા હતા. તેમણે અખંડ અને સ્વતંત્ર ભારતનું સ્વપ્ન રજૂ કરીને દેશવાસીઓને જાતિ, કોમ અને ભેદભાવ ભૂલીને ભારત દેશ માટે એક થવાનો સંદેશ આપ્યો હતો. ગાંધીજીના આ આહ્વાનને તત્કાલીન સાહિત્યકારોએ હૃદયપૂર્વક સ્વીકાર્યું. તેમનું પણ દૃઢ માનવું હતું કે સમાજના અંતિમ સ્તર સુધી પહોંચવા માટે સાહિત્યમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રીય સંવેદના અભિવ્યક્ત થવી આવશ્યક છે. ગાંધીજીના આ પડકારને કાવ્યક્ષેત્રે ઝીલતા મેઘાણી, ઉમાશંકર જોશી, સુન્દરમ્ અને સ્નેહરશ્મિ જેવા કવિઓએ તેમના સર્જનમાં રાષ્ટ્રપ્રેમને વ્યક્ત કર્યો. તેવી જ રીતે કથાસાહિત્ય અને નવલકથાના ક્ષેત્રમાં ઝવેરચંદ મેઘાણી, કનૈયાલાલ મુનશી, દર્શક અને રમણલાલ દેસાઈ જેવા નવલકથાકારોએ રાષ્ટ્રીય ભાવનાઓને રજૂ કરી. વાર્તાસાહિત્યમાં ધૂમકેતુ, દ્વિરેફ, સુન્દરમ્, મેઘાણી, ઉમાશંકર જોશી તથા સ્નેહરશ્મિ જેવા વાર્તાકારોએ પોતાની વાર્તાઓમાં રાષ્ટ્રપ્રેમની ઊંડાણપૂર્વક અભિવ્યક્તિ રજૂ કરી હતી. રાષ્ટ્રીય સંવેદનાથી ઓતપ્રોત આ કૃતિઓ લોકોએ ઉત્સાહપૂર્વક સ્વીકારી, જેના પરિણામે સમગ્ર સમાજ અને દેશમાં રાષ્ટ્રપ્રેમનું મજબૂત મોજું ઊઠ્યું.

ધૂમકેતુની રાષ્ટ્રીય સંવેદના વ્યક્ત કરતી વાર્તાઓ પર નજર કરીએ ત્યારે **‘કેસરી દળનો નાયક’** ખાસ કરીને ઉલ્લેખનીય બને છે. સ્વાતંત્ર્યસંગ્રામના યુગની રાષ્ટ્રીય ચેતનાને ઝળહળતી રીતે ઉજાગર કરતી પ્રભાવશાળી વાર્તા એટલે **‘કેસરી દળનો નાયક’**. ગાંધીજી સ્વાતંત્ર્યસંગ્રામના મહાનાયક હોવાથી તેમનો પ્રભાવ જીવનના દરેક ક્ષેત્રે સ્પષ્ટપણે અનુભવાય છે. તે સમયના દૃઢનિશ્ચયી યુવાનો ભારતમાતાની મુક્તિ માટે જીવન અર્પણ કરવામાં ગૌરવ અનુભવતા. તેઓ છાતી તાણીને ગોળી ઝીલી લેતા અને દેશને પરાધીનતાથી મુક્ત કરવાનું સ્વપ્ન હૃદયમાં ધરાવતા. અનેક યુવાનો ધરપકડ ભોગવી જેલવાસ સહન કરતા, તો કેટલાકને ફાંસીની સજા પણ મળતી, છતાં તેઓ પોતાના ધ્યેયથી વિખૂટા પડતા નથી. ધૂમકેતુની **‘કેસરી દળનો નાયક’** આઝાદી પહેલાંના તે જુસ્સા, ત્યાગ અને રાષ્ટ્રપ્રેમનું કલાત્મક આલેખન કરતી અવિસ્મરણીય ટૂંકી વાર્તા છે.

આ વાર્તામાં સ્વાતંત્ર્યસંગ્રામની લડતમાં પકડાયેલા સ્વાતંત્ર્યવીરો સામે અદાલતમાં કેસ ચલાવીને કઠોર સજાઓ ફરમાવવામાં આવે છે – કેટલાકને ચાબુકના ફટકા, તો કેટલાકને ફાંસીની સજા. એ જ સમયે મૅજિસ્ટ્રેટનો નાનો દીકરો શંકર રમતમાં જોડાય છે, જેને કારણે પિતા મૅજિસ્ટ્રેટ ચિંતિત થાય છે કે, "આ છોકરો એક દિવસ ગોળીથી વીંધાઈ જશે." સલ્તનત ઉખેડવા તત્પર યુવાનોની ધરપકડ કરવામાં આવે છે અને પોલીસ ભરેલી બંદૂકો સાથે પેટ્રોલિંગ કરે છે. પકડાયેલા સ્વાતંત્ર્યવીરોની પૂછપરછ દરમિયાન મૅજિસ્ટ્રેટ એક સુંદર, યુવાન ક્રાંતિકારીને પોતાના બચાવમાં કંઈક કહેવા માટે કહે છે, પરંતુ તે યુવાન બચાવ માટે અસ્વીકાર કરે છે. હંમેશાં આવા કેસો પછી સ્વાતંત્ર્યવીરો 'ઇન્કલાબ ઝિંદાબાદ'ના નારા લગાવતા, પરંતુ આ વખતે કોઈએ નારો ન લગાવતાં, નાનો શંકર શાબાશી મેળવવાની આશાએ ઊંચા સ્વરે 'ઇન્કલાબ ઝિંદાબાદ' બોલે છે. આવા નારા લગાવનારા પર પણ સજા થતી હોવાથી મૅજિસ્ટ્રેટ લછમનસિંહને આદેશ આપે છેઃ "ઈસ છોકરે કો ઘર ભેજો, લેકિન ઉસકે ગુના કી સજા પાંચ ફટકા લગાને ચાહીએ." નવ વર્ષની નીચેના બાળકના ગુનાહિત વર્તન માટે તેનાં મા-બાપને દંડ આપવામાં આવતો હોવાથી મૅજિસ્ટ્રેટ પોતે જ પોતાના દીકરાની વતી પોતાને પાંચ ફટકા મારવાની ફરજ પાડે છે.

અપરાધીની પાછળ સિપાઈ ચાલે ત્યારે 'ઇન્કલાબ ઝિંદાબાદ'ના નારા લગાવતા. આથી શંકર પણ 'ઇન્કલાબ ઝિંદાબાદ'નો નારો લગાવે છે. કોર્ટમાં હાજર જનમેદની આ નારાને ઝીલે છે. કોર્ટમાં સ્વાતંત્ર્યવીરોની જુબાની લેવામાં આવે છે. એમાં સ્વાતંત્ર્યવીરોની ખુમારીનાં દર્શન થાય છે. અપરાધીને નામ પૂછવામાં આવતાં ખુમારીભર્યા જવાબો અપાય છે. તે સંદર્ભે વાર્તાકાર લખે છે : **'મારું નામ ઇન્કિલાબ. બાપનું નામ ઝિંદાબાદ, વતન જ્યાં જ્યાં અન્યાય હોય ત્યાં, ઉંમર યૌવન અને ધંધો જૂના ખખડધજ છાંયો ન આપે તેવાં ઝાડવાં પાડવાનો' (તણખામંડળ સંયુક્ત આવૃત્તિ-૨૦૧૭ ધૂમકેતુ પૃ.૩૭૨)**

તો કોર્ટમાં પોલીસને જે પ્રશ્નો પૂછવામાં આવે છે એ સંવાદમાંથી સ્વાતંત્ર્ય સમયના વાતાવરણની ઝલક અને પોલીસની આપખુદશાહીનો ખ્યાલ આવે છે. જેમ કે....

'તમે સખ્તાઈ વાપરેલી?'

'ના. અમે જરૂર જેટલું જ બળ વાપરેલું.'

'તોફાન શી રીતે થાય છે??'

'લોકોના ઉશ્કેરાવાથી.'

'લોકો ક્યારે ઉશ્કેરાય છે?'

'આવા નાખુશ દેખાવો જોવાથી.'

'આવા નાખુશ દેખાવો કોણ કરે છે?' (તણખામંડળ સંયુક્ત આવૃત્તિ-૨૦૧૭-ધૂમકેતુ પૃ.૩૭૨)

જેવા સંવાદોમાં યુવાનોમાં રહેલ રાષ્ટ્રીય ચેતનાનું પ્રગટીકરણ થતું જોવા મળે છે.

વાર્તાના બીજા ખંડમાં દૃશ્યોનું ગાઢ પ્રતીકાત્મક વલણ જોવા મળે છે. જુવાન અપરાધીને મળેલી સજા માત્ર ન્યાયિક પ્રક્રિયાનો ભાગ નથી, પરંતુ બ્રિટિશ શાસનના દમનચક્રનું પ્રતિનિધિત્વ કરે છે. મૅજિસ્ટ્રેટ, જે ન્યાયનો રક્ષક માનવો જોઈએ, તે પોતે

જ ચિંતાગ્રસ્ત અને અંતરાત્માના સંઘર્ષમાં દેખાય છે. તેની પત્નીના હૃદયમાં વિદ્રોહી જુવાનોની કરુણાવસ્થાથી હલચલ થાય છે, જ્યારે મૅજિસ્ટ્રેટ પોતાનો છોકરો 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના નારા લગાવતો જોઈ ભયભીત થઈ જાય છે. અહીં લેખક સ્પષ્ટ કરે છે કે આ આંદોલન માત્ર બહાર જ નહીં, પરંતુ શાસક વર્ગના ઘરમાં પણ પ્રવેશી ગયું છે. લછમનસિંહનું પાત્ર બ્રિટિશ શાસન હેઠળ ફરજ બજાવતું હોવા છતાં અંતરમાં ધગધગતા રાષ્ટ્રપ્રેમનું પ્રતિબિંબ છે. તેના ખિસ્સામાંથી દેખાતું તિલક મહારાજ અને શિવાજીનું ચાંદ એ છુપાયેલા જુસ્સાનો સંકેત છે. આ સૂચવે છે કે સિપાહી હોવા છતાં તે હૃદયથી સ્વાતંત્ર્યસંગ્રામનો સાથી છે. ઝુલ્ફાંવાળા યુવાનનું પાત્ર આઝાદી માટેના બલિદાનનું જીવંત પ્રતીક બને છે. તેની તરફથી શંકરને મોકલાયેલું ગુલાબ માત્ર એક ફૂલ નથી, પરંતુ સ્વાતંત્ર્યની મશાલને એક પેઢીથી બીજી પેઢીને સોંપવાનો સંકેત છે. ગુલાબનું નરમ પ્રતીક દમનકારી શાસનની કઠોરતા સામે આશા અને આદર્શનો પ્રકાશ બનીને ઊભરાય છે.

મૅજિસ્ટ્રેટના છોકરાના નિર્દોષ શબ્દો – "હું મોટો થઈને ઇન્કિલાબ ઝિંદાબાદ કરીશ, પછી મારા બાપા મને સજા કરશે" – બાળસ્વભાવનું રમકડું નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમના ભવિષ્યનું આગમન છે. બાળકના મોંથી નીકળેલા આ નારા દર્શાવે છે કે સ્વાતંત્ર્યચેતના હવે નવી પેઢીના લોહીમાં વહે છે. મૅજિસ્ટ્રેટનો ભય – "આ છોકરો દસ વર્ષ પછી ગોળીએ વીંધાશે" – એ હકીકતનો બોધક છે કે સ્વાતંત્ર્ય માટેનું બલિદાન અનિવાર્ય છે. અંતે, ગુલાબનું ફૂલ, કોર્ટના નારા, લછમનસિંહના ચાંદ, ઝુલ્ફાંવાળા યુવાનની સજા અને મૅજિસ્ટ્રેટના છોકરાના શબ્દો – બધું મળી વાર્તામાં સ્વાતંત્ર્યની જ્યોતિને ઉજાગર કરે છે. આ કૃતિ સ્પષ્ટ સંદેશ આપે છે કે સ્વાતંત્ર્યની મશાલ કોઈ એક પેઢીની સંપત્તિ નથી, પરંતુ સતત બલિદાનથી પેઢીથી પેઢીમાં જીવંત રહેતી રાષ્ટ્રીય વારસાગાથા છે.

આ વાર્તાની વિશેષતા એ છે કે તે માત્ર એક ઐતિહાસિક ઘટના કે સ્વાતંત્ર્ય-સંગ્રામના વીરોનું મહિમાગાન નથી કરતી, પરંતુ સામાન્ય માણસોના જીવનમાં આઝાદીની ઝંખનાને કેવી રીતે ઊંડે સુધી સ્પર્શી ગઈ છે તે દર્શાવે છે. નાનકડો શંકર, જે કદાચ સ્વાતંત્ર્યના અર્થને સંપૂર્ણ રીતે સમજતો નથી, પરંતુ તેના હોઠેથી નીકળેલો નારો દર્શાવે છે કે રાષ્ટ્રીય ચેતના પેઢી દર પેઢી વહેતી રહે છે. મૅજિસ્ટ્રેટના આંતરિક સંકટ, તેની પત્નીની કરુણા, સિપાહીની છુપાયેલી ભાવના અને યુવાનોની ખુમારી—આ મળીને એક સમગ્ર માનવીય ચિત્ર રચે છે. **'કેસરી દળનો નાયક'** એ સાબિત કરે છે કે સાહિત્ય માત્ર મનોરંજન કે ઐતિહાસિક દસ્તાવેજ નથી, પરંતુ સામાજિક પરિવર્તનનું એક સશક્ત સાધન છે. ધૂમકેતુએ સ્વાતંત્ર્યસંગ્રામની આગને માનવીય કરુણાથી ભીંજવીને તેને વાચકના હૃદય સુધી પહોંચાડેલી છે. આ વાર્તા વાચકને વિચારવા મજબૂર કરે છે કે દમન અને અન્યાય સામે લડવા માટે માત્ર બાહ્ય હથિયારો નહીં, પરંતુ હિંમત, એકતા અને આશાની જ્યોત જરૂરી છે.

ગુજરાતી ટૂંકી વાર્તા પરંપરામાં આ રચના એક અવિસ્મરણીય સ્થાને છે. તે રાષ્ટ્રીય ચેતના સાથે જ માનવીય મૂલ્યો, કુટુંબજન્ય સંબંધો અને ભાવિ પેઢી માટેની આશાને પણ સ્પર્શે છે. શંકરને મળેલું ગુલાબ માત્ર એક બાળકને અપાયેલ ભેટ નથી, પરંતુ તે સમગ્ર પેઢીને સોંપાયેલી જવાબદારી અને આઝાદીની મશાલ છે. આ રીતે ધૂમકેતુની **'કેસરી**

દળનો નાયક' વાચકના મનમાં દેશપ્રેમ, બલિદાન અને આશાવાદની ઊંડે ઊતરી જતી અસર છોડી જાય છે.

આમ, 'કેસરી દળનો નાયક' વાર્તામાં સર્જકે સ્વાતંત્ર્યસંગ્રામના સમયની રાષ્ટ્રીય ચેતનાનું કલાત્મક આલેખન કર્યું છે. ધૂમકેતુની ટૂંકી વાર્તા **'કેસરી દળનો નાયક'** સ્વાતંત્ર્યસંગ્રામના સમયની રાષ્ટ્રીય ચેતના, માનવીય ભાવનાઓ અને દેશપ્રેમને કલાત્મક રીતે રજૂ કરતી એક પ્રભાવશાળી ટૂંકી વાર્તા છે. ગાંધીયુગના આંદોલનોના પરિપ્રેક્ષ્યમાં રચાયેલી આ વાર્તા માત્ર ઐતિહાસિક પરિસ્થિતિનું ચિત્રણ નથી કરતી, પરંતુ તે સમયના સમાજના મનોભાવો, લોકોની અંદર દબાયેલ ક્રાંતિભાવના અને ભવિષ્યની પેઢીમાં પ્રસરી રહેલી આશાને સ્પષ્ટ કરે છે. આ રચના વાચકને માત્ર સ્વાતંત્ર્ય માટેના સંઘર્ષની સાક્ષી નહીં બનાવે, પણ તેને લાગણીશીલ સ્તરે સ્પર્શે છે.

સંદર્ભસૂચિ :

૧. તણખામંડળ (સંયુક્ત આવૃત્તિ) ધૂમકેતુ ૨૦૧૭.

૨. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-૪ ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૧.

■

> સંબંધે મને જાગ્રત રાખ્યો. ધાર્મિક વાચનને સારુ જે નવરાશ મને પ્રિટોરિયામાં મળી ગઈ તે તો હવે અશક્ય હતી, પણ જે કંઈ વખત બચતો તેનો ઉપયોગ હું તેવા વાંચનમાં કરતો. મારો પત્રવ્યવહાર જારી હતો. રાયચંદભાઈ મને દોરી રહ્યા હતા. કોઈ મિત્રે મને નર્મદાશંકરનું 'ધર્મવિચાર' પુસ્તક મોકલ્યું. તેની પ્રસ્તાવના મને મદદરૂપ થઈ પડી. નર્મદાશંકરના વિલાસી જીવનની વાતો મેં સાંભળી હતી. તેમના જીવનમાં થયેલ ફેરફારના પ્રસ્તાવનામાં કરેલા વર્ણને મને આકર્ષ્યો, ને તેથી તે પુસ્તક પ્રત્યે મને આદર થયો. હું તે ધ્યાનપૂર્વક વાંચી ગયો. મૅક્સમૂલરનું પુસ્તક 'હિંદુસ્તાન શું શીખવે છે?' એ મેં બહુ રસપૂર્વક વાંચ્યું. થિયૉસૉફિકલ સોસાયટીએ પ્રગટ કરેલ ઉપનિષદનું ભાષાંતર વાંચ્યું. મારો હિંદુ ધર્મ પ્રત્યે આદર વધ્યો. તેની ખૂબી હું સમજવા લાગ્યો. પણ બીજા ધર્મો પ્રત્યે મને અભાવ ન થયો. વૉશિંગ્ટન અરવિંગકૃત મહમદનું ચરિત્ર અને કાર્લાઇલની મહમદસ્તુતિ વાંચ્યાં. પેગંબર પ્રત્યે મારું માન વધ્યું. 'જરથુષ્ટ્રનાં વચનો' નામનું પુસ્તક પણ વાંચ્યું.
>
> **– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

વદાડ : કચ્છની પૃષ્ઠભૂમિ પર રચાયેલી એક સંવેદનશીલ કથા

કિશનસિંહ પરમાર

કચ્છના નખત્રાણા તાલુકાના અંતરિયાળ ગામ ખીરસરામાં સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા હંસરાજ સાંખલા પાસેથી આપણને 'છોરાંવછોઈ', 'મનબંધણ', 'વેડાંભૂત' જેવી નવલકથાઓ મળી ચૂકી છે. તાજેતરમાં પ્રકાશિત થયેલી એમની ચોથી નવલકથા 'વદાડ' અગાઉની ત્રણેય નવલકથા કરતાં અલગ તરી આવે છે. અહીં આ નવલકથાને કથાવસ્તુ, પાત્રાલેખન, ભાષા અને પરિવેશ સંદર્ભે મૂલવવાનો ઉપક્રમ છે.

'વદાડ' કચ્છની પૃષ્ઠભૂમિ પર રચાયેલી એક સંવેદનશીલ કથા છે. લેખકની અગાઉની નવલકથાઓની જેમ આ નવલકથાનું કથાવસ્તુ પણ સામાજિક છે, પરંતુ અહીં એની ધરી જુદી છે.

કથાની નાયિકા કેસરનાં લગ્ન કાંતિ સાથે નક્કી થયેલાં છે. અખાત્રીજના દિવસે લગ્ન લેવાવાનાં છે. પરંતુ લગ્નના થોડા સમય પહેલાં જ કેસરના મામાજીનું અકસ્માતે અવસાન થતાં લગ્ન એક વર્ષ માટે પાછું ઠેલાય છે. આ સમાચારથી નિરાશ થયેલી કેસરને તેની સખી કુંવર મેળામાં લઈ જાય છે, જ્યાં કેસર અજાણતાં જ એક પ્રભાવશાળી યુવાન તરફ આકર્ષાય છે, જે બીજું કોઈ નહીં પણ તેનો ભાવિ પતિ કાંતિ જ હોય છે. કાંતિના મામાની વાડીમાં કુંવરની હાજરીમાં બંનેની પ્રથમ મુલાકાત થાય છે, જ્યાં કેસર ભેટમાં 'કાંતિ'ને માંગે છે. કાંતિ સામાજિક મર્યાદાઓ અને પોતાના કાકાની ના હોવા છતાં, કેસરને આપેલું વચન પાળવા નાગપરની જાનમાં જાય છે. ત્યાં રાત્રે લગ્નવિધિ વખતે કુંવરની મદદથી બંને છૂપી રીતે મળે છે અને કુંવર મજાકમાં તેમનો હસ્તમેળાપ કરાવી એક વર્ષ પછીનાં સાચાં લગ્નની રાહ જોવાનું કહે છે.

પરંતુ આ ગાળામાં ગોસ્વામી માસ્તર દ્વારા થયેલી અયોગ્ય હરકતને કારણે કેસર વિશે સમાજમાં ખોટી વાત ફેલાય છે. પરિણામે કાંતિના દાદા (મુખીબાપા) સગાઈ ફોક કરી નાખે છે. સમાજમાં બદનામી થવાને કારણે મોટી ઉંમર સુધી કેસરનું કોઈ માગું આવતું નથી, જેથી ચિંતિત માતા-પિતાને અંધારામાં રાખીને નાગજી કોટવાળ દ્વારા કેસરનાં લગ્ન બીજી જ્ઞાતિના આધેડ પુરુષ-મગન સાથે કરાવી દેવામાં આવે છે. લગ્ન પતી ગયા પછી સત્ય સામે આવતાં કેસરના પગ નીચેથી જમીન સરકી જાય છે, પણ લોકલાજ અને સામાજિક પ્રતિષ્ઠાને કારણે પિયર પાછા જવું અશક્ય હોવાથી તે વાસ્તવિકતા સ્વીકારી પતિ સાથે મુંબઈ રહેવા જાય છે.

આગળ જતાં કાંતિ પણ મુંબઈ આવે છે. દરમિયાન, કાંતિ સાથે ચારધામની યાત્રાએ ગયેલી તેની પત્ની શાન્તાનું અકસ્માતે ખીણમાં પડવાથી મૃત્યુ થાય છે. ગામલોકો આ દુર્ઘટનાને કાંતિ અને કેસરના જૂના સંબંધો સાથે જોડીને કાવતરાનું રૂપ આપે છે અને એવી અફવા ફેલાવે છે કે કાંતિએ કેસરને પામવા માટે જ શાન્તાને ખીણમાં ધક્કો માર્યો હશે. આ વાત જાણી કેસરની સખી કુંવર અને તેની માતા ગોમતી પણ કેસર પર રોષે ભરાય છે, જેનાથી માનસિક રીતે ભાંગી પડેલી કેસર આત્મહત્યા સુધીનો વિચાર કરી બેસે છે.

નવલકથાના ઉત્તરાર્ધમાં મુંબઈ ગયેલી કુંવર કાંતિની ગંભીર હાલત જુએ છે ત્યારે તેને કેસર પર શંકા કરવા બદલ પસ્તાવો થાય છે. બીજી તરફ, શાન્તાની વિદાય બાદ કાંતિ પણ ભૂતકાળને યાદ કરી અપરાધભાવ અનુભવે છે. જ્યારે કેસરને ખબર પડે છે કે શાન્તાનું મૃત્યુ માત્ર એક અકસ્માત હતો, ત્યારે તેના દિલમાં કાંતિ પ્રત્યે નફરતને બદલે કરુણા જાગે છે. આ સમયે કુંવર અને ભીમજી – બંનેના પુનર્લગ્નનો પ્રસ્તાવ મૂકે છે, જેમાં શાન્તાનાં પિયરિયાં અને કેસરનાં માતા-પિતા પણ રાજી થાય છે. પચીસ વર્ષ પહેલાં જે મુખીબાપાએ સગાઈ તોડાવી હતી, તેમને પણ પોતાની ભૂલ સમજાતાં તેઓ હવે આ બંનેનું મિલન કરાવવા આતુર બને છે.

એ જ અરસામાં કેસરને એકલી મૂકીને આશ્રમમાં જતા રહેલા તેના પતિ મગનનો પત્ર આવે છે, જેમાં તે પોતાની ભૂલોની માફી માંગી કેસરને તમામ બંધનોમાંથી મુક્ત કરી સુખી જીવનના આશીર્વાદ આપે છે, જેનાથી કેસરના મનનો ભાર હળવો થાય છે. અંતમાં, કાંતિ પોતાની માનતા પૂરી કરવા કચ્છ આવે છે, જ્યાં ઉમિયા માતાજીના મંદિરે કેસર અને કાંતિનું ભાવપૂર્ણ પુનઃમિલન થાય છે. કાંતિ હજી ચાલી શકતો ન હોવાથી કેસર તેને મંદિરનાં પગથિયાં ચડવામાં ટેકો આપે છે. મુખીબાપા અને સૌની હાજરીમાં કેસર મનોમન કાંતિને પોતાના આરાધ્ય દેવ સ્વીકારી તેની સેવા કરવાનું નક્કી કરે છે ત્યાં નવલકથા પૂરી થાય છે.

આમ, 'વદાડ' માત્ર બે યુવા હૈયાંની પ્રેમકથા નથી, પણ એ કચ્છની સંસ્કૃતિ, સામાજિક રીત-રિવાજો, મર્યાદાઓ અને વચનપાલન(વદાડ)નું એક દસ્તાવેજીકરણ છે.

લેખકે અહીં પાત્રોના મનોભાવો અને ગ્રામીણ વાતાવરણને સચોટ રીતે આલેખ્યું છે. નવલકથાનાં દરેક પાત્રોમાં કચ્છી લોકજીવન અને માનવીય સંવેદનાઓ ભારોભાર ગૂંથાયેલી છે. લેખકે પોતાની આગવી સૂઝથી બધાં પાત્રોને સતત ધબકતાં રાખ્યાં છે.

કેસર આ નવલકથાની નાયિકા છે. પતિથી છેતરાઈ હોવા છતાં તે તેના પ્રત્યે ધિક્કાર રાખવાને બદલે, પોતાના નસીબનો સ્વીકાર કરીને એક આદર્શ પત્ની તરીકે જીવન જીવવાનું નક્કી કરે છે. કેસરનું પાત્ર અહીં એક સાધારણ યુવતીમાંથી ઊઠીને એક એવી નારીનું પ્રતિનિધિત્વ કરે છે કે જે છળકપટનો ભોગ બનવા છતાં મર્યાદા અને સંસ્કાર છોડતી નથી. લેખકે ખરા અર્થમાં કેસરના પાત્ર દ્વારા ભારતીય નારીની વેદનાને વાચા આપી છે.

કાંતિ આ નવલકથાનો નાયક છે, જે તેના વ્યક્તિત્વથી અને ખાસ કરીને તેના 'વદાડ'(વચન)થી વાચકોનાં દિલ જીતી લે છે. ગોરો, ખડતલ અને પાણીદાર મૂછો ધરાવતો કાંતિ એક આદર્શ ગ્રામીણ યુવાન તરીકે ઊપસી આવે છે. તે ભણેલો-ગણેલો હોવા છતાં

ગ્રામીણ સંસ્કૃતિથી રંગાયેલો છે. મેળામાં કેસરને મળ્યા પછી તે વચન આપે છે કે તે નાગપરની જાનમાં આવશે. પોતાના કાકાના વિરોધ છતાં અને સામાજિક લોકાપવાદની પરવા કર્યા વગર તે વચન પાળવા નાગપર જાય છે. આ બાબત તેના મક્કમ મનોબળ અને કેસર પ્રત્યેના સાચા પ્રેમની પ્રતીતિ કરાવે છે.

કુંવર કેસરની પરમ સખી અને જોગેસરના મુખીની દીકરી છે. કથાના પ્રવાહને ગતિ આપવામાં અને નાયક-નાયિકાના મિલનમાં તેની પાયાની ભૂમિકા છે. કુંવર સ્વભાવે ચપળ, વાતોડી અને રમૂજી છે. તે કેસરને પજવવાની એક પણ તક જતી કરતી નથી. મેળામાં કાંતિને ઓળખી કાઢવો અને પછી વાડીમાં તેમની મુલાકાત ગોઠવવી એ તેના પાત્રની કોઠાસૂઝ દર્શાવે છે. કુંવરનું પાત્ર કથામાં હાસ્ય અને હળવાશ બંને પીરસે છે.

મગન કેસરનો પતિ છે. જે કેસર સાથે છળ કર્યા પછી મનોમન પસ્તાય છે અને પીડાય છે. જોકે અંતે આશ્રમમાંથી આવેલા તેના પત્ર પરથી તે ઉદાત્ત નાયકની જેમ આપણી સમક્ષ ઊભરી આવે છે.

નવલકથામાં કાંતિના દાદા-મુખીબાપા અને કેસરના મામાજી જેવાં પાત્રો દ્વારા લેખકે કચ્છી સમાજની મર્યાદાઓ અને સંસ્કારોનું આલેખન કર્યું છે. કાંતિના કાકા સામાજિક પ્રતિષ્ઠા અને મર્યાદાના આગ્રહી છે. કાંતિ જ્યારે સગાઈ થઈ ગઈ હોય તેવા ગામની જાનમાં જવા જીદ કરે છે, ત્યારે તેઓ તેને રોકે છે. તેઓ માને છે કે વડીલોની આજ્ઞાનું પાલન એ જ સાચી ખાનદાની છે. તેમનો વિરોધ કાંતિ પ્રત્યેના દ્વેષથી નહીં, પણ સમાજની લોકલાજના ડરથી છે.

આ નવલકથાનાં પાત્રો કચ્છી સંસ્કૃતિનાં સાચાં પ્રતિનિધિ છે. લેખક પાત્રોના માનસશાસ્ત્રીય પાસાંઓને કુશળતાપૂર્વક સ્પર્શ્યા છે. કેસરની પ્રતીક્ષા, કાંતિની વચનબદ્ધતા અને કુંવરની નિર્મળ મૈત્રી દ્વારા લેખકે આ પાત્રોને વાચકોના હૃદયમાં કાયમી સ્થાન અપાવ્યું છે.

આ નવલકથાનો પરિવેશ કચ્છી સંસ્કૃતિ, ગ્રામીણ વાતાવરણ અને લોકજીવનના અસલ રંગોથી રંગાયેલો છે. અહીં પરિવેશ માત્ર પૃષ્ઠભૂમિ તરીકે નથી આવતો, પરંતુ કથાના એક પાત્રની જેમ ઊભરી આવે છે. નવલકથાનો મુખ્ય પરિવેશ કચ્છની ધરતી અને ત્યાંના ગ્રામીણ જીવન પર આધારિત છે. પરંતુ લેખકે ચૈત્ર-વૈશાખની ગરમી, ખેતરની વાડીઓ, આંબા-લીમડાના ઝાડ અને ગ્રામીણ મેળાઓનું જે જીવંત વર્ણન કર્યું છે એ કાબિલ-એ-દાદ છે.

નાયક કાંતિના મામાની વાડીનું વર્ણન અત્યંત રમણીય છે. ત્યાં આંબા અને જાંબુનાં વૃક્ષો, લીમડાના મોરની સુગંધ અને બાજરીના 'ચારિયાં' (ઢોરના ચાર માટે વાવેલી બાજરી) દ્વારા લેખકે કચ્છી ગ્રામીણ પ્રકૃતિનો અહેસાસ કરાવ્યો છે.

કચ્છના રૂઢિચુસ્ત છતાં સંસ્કારી સમાજનું પ્રતિબિંબ અહીં ઝિલાયું છે. જે નવલકથામાં સામાજિક પરિવેશ બાંધવામાં મદદરૂપ થાય છે. કથામાં અખાત્રીજનાં લગ્નનું મહત્ત્વ, મૃત્યુ પ્રસંગે લગ્ન પાછું ઠેલાવાની પરંપરા અને 'ખારી-મીઠીની ગોઠ' (રિવાજ મુજબનો લાગો) જેવા સ્થાનિક રિવાજો, વડીલોની આમન્યા જાળવવી અને તેમની સામે દલીલ ન કરવી વગેરે પ્રસંગો નવલકથાનો સાંસ્કૃતિક પરિવેશ ઘડે છે. નવલકથાનો પ્રારંભ

મેળાના પરિવેશથી થાય છે. જેમાં ગ્રામીણ મેળાનું ઉત્સાહભર્યું વાતાવરણ, પાવાના સૂર, ચગડોળ, બંગડી-ચૂડીની રેંકડીઓ અને માણસોની ભીડ – આ બધું કથાને નવી ઊંચાઈએ લઈ જાય છે.

લેખકે અહીં કચ્છી બોલીના શબ્દોનો છૂટથી ઉપયોગ કર્યો છે. જેમ કે, 'રયાણ' (સુખદુઃખની વાતો), 'ઓડું' (નજીક), 'ચચરાટી' (વેદના કે પીડા), 'લકાડવા' (છુપાવવા) વગેરે. આ શબ્દો વાચકને સીધા જ કચ્છના લોકપરિવેશમાં લઈ જાય છે.

કુંવરના દાદાની 'બેઠક'નું વર્ણન, જે બે બારણાંવાળી છે અને જ્યાં 'ટમટમિયું' (દીવો) પીળો પ્રકાશ વેરે છે, તે તત્કાલીન ગ્રામીણ ઘરોની સ્થાપત્યકલા અને સાદગી દર્શાવે છે.

આ નવલકથાની ભાષા સાહિત્યિક દૃષ્ટિએ સમૃદ્ધ છે. નવલકથામાં શુદ્ધ ગુજરાતીની સાથે કચ્છી છાંટવાળી લોકબોલીનો સચોટ પ્રયોગ અહીં થયો છે, જેમ કે –

'હરખી રયાણ' (સુખ-દુઃખની વાતો), 'ઓળખો રી' (ઓળખો છો), અને 'હોવે' (હા) (પૃ. ૪-૫) જેવા શબ્દો દ્વારા ગ્રામીણ પરિવેશ જીવંત થાય છે. વડીલોની આમન્યા માટે વપરાતો 'ભલે' શબ્દ સંસ્કાર અને મર્યાદાનું પ્રતીક બનીને આવે છે.

આ ઉપરાંત લેખકે નાયક-નાયિકાના મનોભાવોને વર્ણવવા માટે સુંદર રૂપકોનો ઉપયોગ કર્યો છે; જેમ કે, કેસરના હૈયામાં જાગતા લગ્નના ઉત્સાહ માટે 'ઉમંગનું પૂર' જેવું રૂપક વાપર્યું છે તો કાંતિ અને કેસરની મુલાકાત વખતે લીમડાના મોરની વર્ષાને લેખકે 'મુલાકાતનાં વધામણાં રૂપે પુષ્પવર્ષા' તરીકે આલેખી છે, એ જ રીતે કેસરની મનઃસ્થિતિને ઘેરી બનાવવા યોજેલી આ ઉપમા, 'આકાશમાં વસૂકી ગયેલી ગાય-ભેંસ જેવાં વાદળાં બંધાતાં વિખરાતાં હતાં.' (પૃ. ૯૫) કેવી ભાવસભર છે!

પાત્રોની આંતરિક ગડમથલ અને શારીરિક પ્રતિક્રિયાઓને લેખકે અત્યંત બારીકાઈથી શબ્દસ્થ કરી છે. નાયકની 'પાણીદાર મૂછો' અને 'છટાદાર ચાલ'નું વર્ણન નાયિકાની આંખે કરાવ્યું છે. તો કેસર માટે 'આરસની પૂતળી' જેવી ઉપમા વાપરીને તેના લાવણ્યને અંકિત કર્યું છે.

નવલકથાની ભાષા તળપદી કચ્છી લહેકાવાળી ગુજરાતી છે. સંવાદોમાં 'હઈયેં', 'તૈયેં', 'ખપે', 'હખ્ખર' જેવા શબ્દોનો ઉપયોગ થયો છે જે કથામાં પ્રાણ પૂરે છે. લેખકની વર્ણનશૈલી ભાવવાહી છે, ખાસ કરીને પાત્રોના આંતરિક મનોભાવો અને કુદરતી વાતાવરણના વર્ણનમાં તેમની ભાષા ખૂબ જ અસરકારક બની છે.

અહીં લેખકે કચ્છી તળપદી બોલીનો જે વિનિયોગ કર્યો છે, તે વાચકને સીધો જ કથાના પ્રવાહમાં ખેંચી જાય છે. પાત્રોના સંવાદોમાં જે લહેકો છે તે કચ્છની માટીની મહેક આપે છે. પાત્રો જે રીતે એકબીજા સાથે વાત કરે છે તેમાં ગ્રામીણ સહજતા જોવા મળે છે. જેમ કે કુંવર અને કેસર વચ્ચેના સંવાદોમાં મૈત્રીની જે મીઠાશ છે તે ઉત્તમ છે. કુંવર જ્યારે કેસરને ખીજવે છે ત્યારે તે શુદ્ધ કચ્છી લહેકામાં કહે છેઃ 'હાચી વાત હે. હમણાં બાર મહિના નીકળી જશે. ખબરે નઈ પડે એમ અખાત્રીજ આવી જશે!'. વાડીમાં જ્યારે કાંતિ ભેટ માંગવાનું કહે છે, ત્યારે કેસરનો જવાબ તેના સમર્પણને દર્શાવે છેઃ 'લ્યો તમને આખેઆખા માગું રી! તમને પામીશ એટલે એમાં મારું બધું આખેઆખું સ્વર્ગ મળી જશે

મને!' આ સંવાદ નવલકથાના સૌથી ભાવુક અને સુંદર સંવાદોમાંનો એક છે. બંને વચ્ચેના મૌન અને આંખોની ભાષાને પણ લેખકે સંવાદ જેવી જ અસરકારક બનાવી છેઃ 'કહેવું તો ઘણુંયે હે પણ આટલી વારમાં ઘ્રો નઈ થાય!' (પૃ. ૧૧)

કુંવરના પાત્ર દ્વારા કથામાં જે હળવાશ ઉમેરાઈ છે તે તેના સંવાદોને આભારી છે. કાંતિને જોઈને કુંવર જે રીતે કેસરની મજાક ઉડાવે છે તે જોવા જેવી છેઃ 'જધ્ધી... ઈતાં મારા બનેવી હે!' અને 'પછી જિંદગીભર જોવું જ હે ને! પછી થોડી લકાડી હકનારી હે?' (પૃ. ૬-૭)

અહીં જ્યારે સામાજિક મર્યાદાઓની વાત આવે છે, ત્યારે સંવાદો મક્કમ બને છે. કાંતિ અને તેના કાકા વચ્ચેની દલીલોમાં પેઢીગત અંતર અને વિચારોનો સંઘર્ષ દેખાય છે. કાંતિ કહે છેઃ 'હું મારા હાહરાને ઘરે થોડો જાઉં ર્યો?' (પૃ. ૧૨) તેના કાકાનો સત્તાવાહી સ્વર સમાજની બીક દર્શાવે છેઃ 'જો ગામમાં ક્યાંય તારી એલફેલ વાતો હંભળાશે તો મારા જેવો ભૂંડો કોઈ નઈ થાય, એટલું યાદ રાખજે!' (પૃ. ૧૩)

નવલકથાના સંવાદો ટૂંકા, ધારદાર અને પાત્રના સ્વભાવને અનુરૂપ છે. તે કથાના પ્રવાહને ક્યાંય અટકવા દેતા નથી અને વાચકને સતત જકડી રાખે છે. કચ્છી શબ્દો જેવા કે 'હોવે', 'છટ્ટારી', 'રયાણ' વગેરેનો પ્રયોગ સંવાદોને વધુ પ્રભાવશાળી બનાવે છે.

આમ, 'વદાડ' એની કથાવસ્તુ, પાત્રો, ભાષા અને પરિવેશ સંદર્ભે વાચકોને ગમી જાય એવી નવલકથા બની છે. છતાં મારે એક વાત લેખકને પાસે બેસાડીને કરવી છે, આ નવલકથાનાં મુખ્ય પાત્રો - કેસર અને કાંતિ અતિશય આદર્શવાદી જણાય છે; જો તેમાં થોડી માનવીય નબળાઈઓ ઉમેરાઈ હોત તો તે વધુ વાસ્તવિક લાગત. બીજું અહીં કચ્છી બોલી અને પ્રાદેશિક શબ્દોનો ઉપયોગ સરસ રીતે થયો છે, પરંતુ સામાન્ય ગુજરાતી વાચક માટે આ શબ્દો સમજવા થોડા અઘરા પડી જાય છે. વળી કચ્છનો પરિવેશ, મેળા અને રીતરિવાજોનું વર્ણન ઉત્તમ થયું છે, પરંતુ સમયના સંદર્ભમાં આ કથા કયા કાળખંડમાં ઘટે છે તેની સ્પષ્ટતા થવી જોઈતી હતી.

જોકે આવી થોડી મર્યાદાઓને નજરઅંદાજ કરીએ તો હંસરાજ સાંખલાની 'વદાડ' સામાજિક વાસ્તવિકતાને ઉજાગર કરતી સ-રસ નવલકથા બની છે એમાં બેમત નથી. વાંચશો તો ઓર મજા આવશે. અસ્તુ..!

'વદાડ' : લે. હંસરાજ સાંખલા, પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, પ્રથમ આવૃત્તિ : ૨૦૨૬, મૂલ્ય : રૂ. ૫૫૦.

■

આ કરની સામે સખત લડત મંડાઈ. જો નાતાલ ઇંડિયન કૉંગ્રેસ તરફથી મુદ્દલ પોકાર ન થયો હોત તો વાઇસરૉય કદાચ ૨૫ પાઉંડ પણ કબૂલ કરત. પાઉંડ ૨૫ના પાઉંડ ૩ થયા, તે પણ કૉંગ્રેસની હિલચાલનો જ પ્રતાપ હોવાનો પૂરો સંભવ છે. પણ આ કલ્પનામાં મારી ભલે ભૂલ થતી હોય. એવો ભલે સંભવ હોય કે હિંદી સરકારે ૨૫ પાઉંડની વાતનો પ્રથમથી જ ઇન્કાર કર્યો હોય, ને ભલે તે કૉંગ્રેસના વિરોધ વિના પણ પાઉંડ ૩નો જ કર સ્વીકારત. તોયે તે હિંદુસ્તાનના હિતનો ભંગ તો હતો જ. હિંદુસ્તાનના હિતરક્ષક તરીકે આવો અમાનુષી કર વાઇસરૉયે કદી કબૂલ કરવો નહોતો જોઈતો.

- 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

વાર્તાકાર વિજય સોની

હીરેન્દ્ર પંડ્યા

વાર્તાકાર વિજય સોની પોતાની કેફિયતમાં સલમાન રશ્દીને ટાંકતાં નોંધે છે, 'કવિતા રિવૉલ્વરની બુલેટને રોકી નહીં શકે કે વાર્તા કોઈ બૉમ્બ ડિફ્યૂઝ નહીં કરી શકે તેમ છતાં કવિતા કે વાર્તા વડે તમારું સત્ય ગાઈ શકો છો અને જુઠ્ઠાણાંઓને ઉઘાડાં પાડી શકો છો.'

વિજયભાઈની વાર્તાઓ કોઈક દાતણ વેચનારી અમીના અને રૂખીની નિઃસ્વાર્થ મૈત્રી બતાવી શકે છે. જવનિકા ઉર્ફે જેકના માતૃત્વના ધબકારને સંભળાવી શકે છે. કબૂતરોને પણ બોલતાં કરી શકે છે અને માણસને ચકલી બનાવી શકે છે. તેમની પાસેથી બે વાર્તાસંગ્રહ મળે છે. પ્રથમ સંગ્રહ 'વૃદ્ધ રંગાટી બજાર' (ઈ.૨૦૧૯) અને બીજો સંગ્રહ 'માણેકચોકની ચકલી' (ઈ.૨૦૨૫). પ્રથમ સંગ્રહમાં બાર અને બીજામાં અગિયાર એમ કુલ ત્રેવીસ વાર્તાઓ છે.

બંને સંગ્રહની વાર્તાઓને એકસાથે વાંચીએ તો ખ્યાલ આવે કે, આ સર્જક બીજા સંગ્રહમાં પ્રથમ સંગ્રહ કરતાં કેટલા જુદી રીતે પ્રગટ થયા છે. કથકની તટસ્થતા અને તેનો સહાનુભૂતિપૂર્ણ સ્વર તેમની વિશેષતા છે. પ્રથમ સંગ્રહની બારેય વાર્તામાં સર્વજ્ઞ કથક છે, જ્યારે બીજા સંગ્રહની સાતેક વાર્તાઓમાં 'હું'નું કથનકેન્દ્ર છે. પ્રથમ સંગ્રહની વાર્તાઓનો પરિવેશ મહદ્અંશે શહેરની ચાલી, વાસ, હાઉસિંગ બોર્ડ અને ઝૂંપડપટ્ટીનો છે. બીજા સંગ્રહની વાર્તાઓમાં સોની બજાર અને દુકાનોનો પરિવેશ ધ્યાન ખેંચે છે. શહેરનો ગરીબ મુસ્લિમ સમાજ તેના પોતીકા રૂપરંગ સાથે 'સાંકડી ગલીમાં ઘર', 'ટેકરો' અને 'તડકી' જેવી વાર્તાઓમાં આલેખાયો છે. કથક પ્રકૃતિ, વિષયવસ્તુ અને પાત્રનાં સંવેદનોને પરસ્પર સાંકળી લે છે તેથી પ્રકૃતિનાં વર્ણનો તેમની વાર્તાનું અંતરંગ તત્ત્વ બની જાય છે.

'સાંકડી ગલીમાં ઘર', 'વૃદ્ધ રંગાટી બજાર' અને 'ત્રીજું બટન' – ત્રણેય વાર્તાઓની પાર્શ્વભૂમાં કોમી રમખાણો છે. ત્રણેયમાં મુખ્ય પાત્ર સ્ત્રી છે, પરંતુ 'ત્રીજું બટન'માં બે બાબત – જે ખૂબ અગત્યની છે – એ છે કથકની પસંદગી અને બજાર. ધર્મની ભીંત ઓળંગી ગયેલી અમીના અને રૂખીની મિત્રતાની તથા ટોળાની હિંસ્રવૃત્તિની વાત 'સાંકડી ગલીમાં ઘર' વાર્તામાં છે. 'વૃદ્ધ રંગાટી બજાર'માં રમલીના પાત્ર વડે સ્ત્રીના પત્ની અને માતા તરીકેના દ્વંદ્વમાં માતૃત્વના વિજયની વાત કલાત્મક રીતે રજૂ થઈ છે. 'ત્રીજું બટન' વાર્તામાં સવારના આઠથી સાંજના આઠ સુધીનો કર્ફ્યૂ મુક્તિનો સમય છે. આ થોડા કલાકોની વાત 'હું' અને સર્વજ્ઞ કથક એમ બેવડા દૃષ્ટિકોણથી રજૂ થઈ છે. બંને કથકની

વાતનું કેન્દ્ર જીતુની અપરિણીત મોટી બહેન જવનિકા ઉર્ફે જેક છે. તોફાનોના કારણે થીજી ગયેલા રસ્તાના વર્ણનથી વાર્તાનો આરંભ થાય છે.

'પશુનાં ટોળાં જે નાગી તલવારો લઈને છાકટા બનીને આમતેમ ફરતાં હતાં એ થોડી વાર માટે ગાયબ થઈ ગયાં હતાં. હવા થીજી ગઈ હતી. મેં જાણે સગાની લાશ જોતો હોઉં એમ રસ્તો જોયો... રસ્તાની બંને બાજુએ લાલ ઈંટાળા હજીય પડ્યા હતા. ગટરોનાં ઢાંકણાં ગાયબ થઈ ગયાં હતાં. ખબર નહીં એ લોખંડનાં ઢાંકણાંઓ ક્યા માથાનું લોહી કાઢીને રગડતાં રગડતાં ક્યાંય પહોંચી ગયાં હશે?... મારી આંખ વહેલી ખૂલી ગઈ, સવારનું અજવાળું અહીંતહીં ચોંટી ગયું હતું.' (પૃ.૧૧)

આ આખું વર્ણન 'હું'ની આંખે થયું હોઈ તેની ભીતિ અને ગૂંગળામણ પણ અનુભવાય. કથક વાર્તાનું પાત્ર અને પ્રતિભાવક પણ છે. તે જીતુનો મિત્ર છે. જીતુ કથકને ઘરે આવવાનું કહે ત્યાંથી જ તેના મનમાં જેક રમવા માંડે.

'હું જેકના ગળચટ્ટા વિચારોમાં ખોવાઈ ગયો. એના ગુલાબી હોઠ મારી સામે તરવરવા લાગ્યા.' (પૃ.૧૨)

કથક જેકને તેની સફેદ છાતીને, ગુલાબી હોઠને ભૂખી નજરે જોતો દેખાય, પરંતુ એ નજર પાછળ તોફાનોનો ભય, ધંધા-પાણી ઠપ્પ થઈ ગયાની ગૂંગળામણ ને રમખાણોના ડરથી ભાગી છૂટવાની કથકની મથામણ પણ દેખાય. બારી બહારના બિકાળવા રસ્તાને જોઈને અનુભવેલા ફફડાટમાંથી છૂટવા કથક જેકના શરીરના વળાંકોમાં ખોવાઈ જાય છે. જાતીયતાના તીવ્રતમ વિચારો વડે ડર, ગભરામણ જેવી લાગણીઓને કથક દબાવી દે છે. વાર્તાના આરંભે આવતું ભેંકાર રસ્તાનું બિહામણું, લાંબું એવું વર્ણન પ્રથમ નજરે બિનજરૂરી જણાય, પરંતુ જીતુ સાથેના વાર્તાલાપ બાદ કથક જેકના વિચારોમાં ખોવાઈ જાય છે ત્યારે ખ્યાલ આવે કે આ વર્ણન કેટલું અગત્યનું છે.

જીતુથી ત્રણેક વર્ષ મોટી જેક ચાંદીની વીંટીઓની કારીગર છે. કાયમ શર્ટ-પૅન્ટ પહેરે છે અને વાળ છોકરાઓ જેવા રાખે છે. દુકાનેથી પાછા ફરતી વેળાએ જેક કથકના બાઇક પરથી ઊતરી જાય. ત્યાંથી સર્વજ્ઞ કથક વાતનો દોર સંભાળી લે. વાર્તાના અંતિમ પૃષ્ઠનું સર્વજ્ઞ કથક દ્વારા થયેલું સળગતા ઘરનું, તોફાની ટોળાનું વર્ણન જેકની વિવશતા, લાચારી, ભાભીનાં મહેણાં-ટોણાંથી ભાગી છૂટવાની ઇચ્છા અને ખાસ તો અધૂરી માતૃત્વની તીવ્રતમ ઝંખનાને સૂચવે છે.

વાર્તા વાંચીએ ત્યારે કથકની ફેરબદલ તો નજરે ચઢે જ છે, પણ સાથે એ પણ ધ્યાનમાં આવે કે કથક નથી જેકને મનાવવા જતો, નથી કથક જેકની પાછળ જતો કે નથી આલ્ફામેલની જેમ ટોળાની સામે કૂદી પડતો. 'કબીરસિંહ', 'ઍનિમલ', 'ધુરંધર' અને હમણાં રજૂ થયેલી 'પેડ્ડી' જેવી ફિલ્મોમાં આલ્ફામેલની વણઝાર જોવા મળે છે. અહીં તો જેક સળગતા ઘરમાં કૂદી જાય છે. જ્યારે જીતુનો મિત્ર તો તોફાનો વચ્ચે પણ જેકને એકલી મૂકીને ભાગી છૂટે છે. જેકની છાતીમાં કરુણા, સંવેદના છે અને કથકની છાતી? ભીરુ પુરુષ કથકની ભૂખી આંખે દેખાતી જેકની સફેદ છાતીના ઉભારથી શરૂ થતી વાર્તા સર્વજ્ઞ કથકની સમભાવશીલ દૃષ્ટિ એ ઉભારની ભીતર રહેલા સંવેદનશીલ હૃદયના ધબકાર સુજ્ઞ ભાવકને સંભળાવે છે ત્યાં વાર્તા પૂરી થાય છે.

'રુસ્તમે ઈસનપુર' તથા 'અનારકલી અને સ્કોચ' – આ બંને વાર્તામાં અમદાવાદી ભાષા અને સંવાદોની તડાફડી આસ્વાદ્ય છે. બંને વાર્તામાં મિત્રો છે, વ્હિસ્કીની બૉટલ છે અને વાતોના તડાકા છે. આ દેખીતી સરળતા છેતરામણી છે. 'અનારકલી અને સ્કોચ'માં વાર્તાકથક 'હું' ત્રણ સ્કોચની બૉટલ ખાસ મિત્રો રઘુ અને જય સાથે પીવા બેસે છે. વાર્તાની સંકલના જોવા જેવી છે. કથક સ્કોચની પાર્ટી માટે રઘુને મળે અને જયને બોલાવવાની વાત કરે ત્યાંથી વાર્તા શરૂ થાય. રઘુ રોજ કથકને ફોન કરે. રઘુ અને કથકની વાતચીતમાં જય અને તેની પત્ની નીતાનું પાત્ર ઊઘડતું આવે. આ વાતચીત પણ કેવી? વાચકને જિજ્ઞાસા જન્માવે. જયની પત્નીનું રિક્ષાવાળા જોડે શી રીતે અફેર થયું હશે? જયને ખબર હશે? રઘુ તો પત્નીને કાબૂમાં રાખી ન શકનાર જયને 'પાવલી' પણ કહી દે. આરંભની આ વાતચીતમાં પ્રચલિત મર્દાનગીના ખ્યાલો જોવા મળે. બે ધોલ મારી દેવાની, પત્નીને કાબૂમાં રાખવાની એવી રઘુની ટિપ્પણીઓ અને તેની વિરોધે નીતાનો એક જ સવાલ અને જયની અકથ્ય વેદના. અહીં પણ કથકની ફેરબદલ જોવા જેવી છે. રિક્ષાવાળા સાથે પત્ની ભાગી ગઈ હતી એ પ્રસંગ જયના મુખે જ કહેવાય ત્યારે ભાવકને આંચકો લાગે. અહીં ન મળેલા પ્રેમની વેદના છે. એવો ડૂમો કે જે નીટ પીધા પછી જ વ્યક્ત થઈ શકે છે. સર્જકે વાર્તાના આરંભથી એકથી વધુ વાર આકાશમાંની અપ્સરાઓનો ઉલ્લેખ કર્યો છે. એ ઉલ્લેખ વાર્તાના હાર્દને ઘૂંટે છે. અહીં દારૂ એ મોજમસ્તી નહીં, પણ એક પ્રેમ ઝંખતા પુરુષની વેદનાને અને તેની હાલત જોઈ મૂંગા થઈ જતા મિત્રોની અવસ્થાને સૂચવે છે.

'રતનપોળ-શેઠની પોળ'માં પહેલી વાર બજાર જોવા મળે છે. આ બજાર પછી તો 'ત્રીજું બટન', 'ખડગપુરનો છોકરો', 'માણેકચોકની ચકલી', '૭૦૨, રતન ચેમ્બર', 'કેવું હતું નહીં?' જેવી વાર્તાઓમાં વધારે સંકુલતાથી આવે છે. 'રતનપોળ-શેઠની પોળ'માં પોતાની લટકાળી ચાલ વડે રતનપોળના સોનીઓને વર્ષોથી કેરી વેચતી નીરૂએ પુત્રના લગ્ન માટે શેઠને ત્યાં બુટિયાં ગીરવે મૂકી ઉધાર રૂપિયા લીધા છે. છોકરો તો વહુ અને નાના દીકરાને મૂકીને ભાગી ગયો છે. આજે રૂપિયા ન ચૂકવે તો શેઠ બુટિયાં પડાવી લેશે એ વાતે નીરૂ મૂંઝાય છે. નીરૂ સાથે પહેલી વાર બજારમાં આવેલી વહુ આમાંનું કશું જાણતી નથી. શેઠની ખોરી દાનતને જાણતી નીરૂ લાચારીવશ વહુને ત્યાં રોકી પોતે નીકળી જાય છે. અહીં પેલું 'બજાર' અને તેનો વિકરાળ પંજો અનુભવાય. બુટિયાંની અવેજીમાં વહુની આબરૂ છે. રૂપિયાની ઉઘરાણીના બહાને છેડતી કરવા જતાં શેઠને વહુ હથોડો ફટકારીને, સાસુનાં બુટિયાં પણ સેરવી લઈને નીરૂ પાસે પહોંચી જાય છે. સાસુ-વહુનો વિલક્ષણ સંબંધ અને 'સિસ્ટરહુડ'ની ભાવના વાર્તાનું જમા પાસું છે.

જોકે, અહીં એક બીજી વાત પણ નોંધવાનું મન થાય. અમીનાનો વર સલીમ ('સાંકડી ગલીમાં ઘર') તેને છોડીને ગયો છે. રમલીનો કનુ હુલ્લડખોર('વૃદ્ધ રંગાટી બજાર') બની ગયો છે. નીરૂનો દીકરો પણ ઘર છોડીને ભાગી ગયો છે. જેક ('ત્રીજું બટન') સળગતા ઘરમાં બાળકને બચાવવા કૂદી પડે છે. મોના ('રુસ્તમે ઈસનપુર') પતિને મિત્રો સાથે મોજમજા કરવા હસતા મુખે વિદાય આપે અને ઘરની ચિંતા ન કરવા કહે. લાગે છે કે વિજય સોની આલ્ફા ફિમેલનું એક નવું વિશ્વ રચી રહ્યા છે. એમનાં સ્ત્રીપાત્રો જીવનના સંઘર્ષથી ભાગી છૂટતાં નથી. હા, પુરુષપાત્રો ભીરુ, ડરપોક, શંકાશીલ, નાની નાની ચાલાકીઓ કરતાં જોવા મળે છે.

'બ્લૅક ઍન્ડ ગ્રે', 'કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ' અને 'ખડગપુરનો છોકરો' – આ ત્રણેય વાર્તાઓમાં સંવાદોની તડાફડી નથી. વર્ણન અને પરિવેશથી આ વાર્તાઓ પામવાની રહે છે. વિજય સોનીની વાર્તાકાર તરીકેની એક જુદી જ બાજુ અહીં ઊઘડે છે. 'બ્લૅક ઍન્ડ ગ્રે' પ્રમાણમાં વિશેષ સંકુલ વાર્તા છે. અમેરિકામાં ચૌદ વર્ષથી ગેરકાયદેસર રહેતી કથાનાયિકા મીરાં શુક્રવારે સાંજે તેની સખી શીતલ ઉર્ફે સ્ટેલાને મળે અને સ્ટેલા તેને નિગ્રો ટ્રાય કરવા કહે ત્યાંથી વાર્તા શરૂ થાય છે. સર્જકે મૂકેલા સૂક્ષ્મ સંકેતો સમજીએ તો મીરાંનું પાત્ર સમજાય. બે યાંત્રિક જાતીય સંબંધ અને પતિની માંદગી તથા મીરાંની થીજી ગયેલી સંવેદનાઓની સહોપસ્થિતિથી સર્જકે કમાલ કરી છે. મીરાંની શારીરિક-માનસિક વૃત્તિઓને સૂચવતું બરફવાળું ધુમ્મસભર્યું વિદેશનું વાતાવરણ, અમદાવાદના ઉનાળાનો ઉકળાટ અને તેથીયે આગળ ચૌદ વર્ષથી બંધ ફ્લૅટનું વર્ણન તો ચૌદ વર્ષથી જાતીય રીતે અતૃપ્ત મીરાંનું જ પ્રતીક બની રહે છે.

બ્લૅક કૉફીની કડક સુગંધ, નિગ્રોના પરસેવાની ગંધ, ન ધોવાયેલાં કપડાંની વાસ, ડુંગરના પસીનાની ગંધ, ધૂળ અને તાજા વીર્યની ગંધ – આ બધી ગંધ મીરાં અનુભવે છે, માણવા મથે છે. અંતે ઍંઠવાડની વાસથી બચવા નાકે રૂમાલ દાબે છે, ત્યાં મીરાંમાં આવતું પરિવર્તન જોઈ શકાય. ચૌદ વર્ષથી બંધ અવાવરું ફ્લૅટ જેવું જીવન જીવનારી મીરાં ચૌદ વર્ષ બાદ ઉપરાઉપરી બે સંબંધ બાંધી એ એકલતામાંથી ભાગી છૂટવા મથે. અહીં રતિ એ મુખ્ય ભાવ નહીં, પણ એકલતા, ખાલીપો, વર્ષોનો થાક, ભાર, ઉદાસીનતા, પતિથી વિચ્છેદ આ યાંત્રિક જાતીય સંબંધો સૂચવે છે. શારીરિક રીતે લકવાગ્રસ્ત પતિ અને આંતરિક રીતે લાગણીઓ, સંવેદનાઓથી કપાયેલી મીરાં બંનેની સ્થિતિ એકસમાન છે.

'ખડગપુરનો છોકરો' વાર્તામાં એક નાનકડા ગામમાં મુક્તપણે રહેલો ચૌદેક વર્ષનો છોકરો વસ્તીથી ઊભરાતા અને પૈસાની ભાષામાં જ વાત કરતા શહેરમાં આવી પહોંચે અને કેવી ગૂંગળામણ અનુભવે તેની વાત મુખર થયા વિના રજૂ થઈ છે. સર્વજ્ઞ કથક હોવા છતાં બજારનું, દુકાનનું, તપનની વહુની હિંસક જાતીયવૃત્તિનું – એ બધાંનું વર્ણન છોકરાના દૃષ્ટિકોણથી થયું છે. બે વારના જાતીય શોષણને કારણે અંદર સુધી ફફડી ગયેલો છોકરો શોષણની ભીતિમાત્રથી શેઠના ત્રણ વર્ષના છોકરા પર હાથ ઉપાડી બેસે ત્યાં છોકરાની ગૂંગળામણ, વિશ્વાસઘાતની અનુભૂતિ વિસ્ફોટ રૂપે બહાર આવે.

ખડગપુરના પ્લૅટફૉર્મથી શરૂ થતી વાર્તા અમદાવાદના પ્લૅટફૉર્મ પર પૂરી થાય છે. અમદાવાદ આવવા માટે પ્લૅટફૉર્મ પર ઊભેલો છોકરો માને યાદ કરી રહ્યો છે. છ માસ પહેલાં છોકરાની મા કોઈકની સાથે ભાગી ગઈ હતી. આ વાતે તે બાપ પર મનોમન ખિજાય છે. વાર્તાના આરંભે આવતું આ વર્ણન જુઓ.

'છોકરાનું ધ્યાન ન હતું. એને એની સાઇકલ, ઘરમાં વારંવાર આવી જતું કૂતરું, એના ભાઈબંધો, નદીનો કિનારો, ભીના રસ્તાઓ – એ બધું યાદ આવતું હતું... છોકરાના મનમાં ખટાશ વ્યાપી ગઈ. એની મા છ મહિના પહેલાં કોઈકની સાથે ભાગી ગઈ હતી. એ પછી બાપ-દીકરા માટે આકરું થઈ પડ્યું હતું. ગામમાં બધાં એની સામે આંગળી કરતાં. છોકરાની સામે વારંવાર એની માનો ચહેરો આવી જતો. એને હતું કે એ અમદાવાદ જાય છે તો એની મા એને મળવા જરૂર આવશે. એણે બાપ સામે જોયું. બાપ નીચું જોઈ ગયો.' (પૃ. ૩૮)

આની સામે અમદાવાદના ભીડભાડવાળા રસ્તાઓ, સાંકડી અંધારી દુકાન અને તપનની વહુના વર્તનનો વિરોધાભાસ સરખાવવા જેવો છે. વાર્તાના અંતે ટ્રેનની રાહ જોતો છોકરો એક અજાણ્યા નાના બાળકને પોતાના ખોળામાં બેસીને રમવા દે છે. શેઠાણી બળજબરીથી છોકરા સાથે સંબંધ બાંધે છે ત્યાં વિજય સોનીનો સંયમ અને પાત્ર નિરૂપણની ખૂબી જોવા જેવી છે. ફ્રોઇડની થિયરી જાણનારા કોઈક લેખક આ પ્રસંગે છોકરો પણ તૃપ્તિ અનુભવતો હોય એવું વિધાન કરી બેસે, પણ સર્જક એવું કરતા નથી. તેઓ પાત્રને પોતાની રીતે વર્તવા દે છે. આ છોકરો પૈસા કમાવા માટે જઈ રહ્યો છે ત્યારે પણ સ્ટેશન પર તેની આંખ માને ખોળી રહી છે. શેઠાણી પાસે તેને માની હૂંફ નહીં પણ પીડા મળે છે. આવો છોકરો જો એ ક્ષણે આનંદ અનુભવતો બતાવે તો ત્યાં જ પાત્ર તૂટી જાય. વિજય સોનીની 'મમ સત્યમ્' વાર્તાના પિતા વિનુભાઈ પાત્રોને પણ પોતાની મરજીથી ચલાવનારા છે. સદ્‌ભાગ્યે વિજય સોની વિનુભાઈ જેવા નથી. નહીં તો ખડગપુરનો છોકરો કંઈક બીજું જ બની ગયો હોત.

'માણેકચોકની ચકલી' વાર્તામાં મૅજિક રિયાલિઝમ વડે જીવનની વરવી વાસ્તવિકતાનું આલેખન થયું છે. 'હું'નું કથનકેન્દ્ર ધરાવતી આ વાર્તામાં કથકનો મોટો ભાઈ ચાર દિવસ માટે બહારગામ ગયો છે. કથક દુકાને એકલો બેસીને કામ કરી રહ્યો છે. મોબાઇલના વાઇબ્રેશનથી તેનું ધ્યાન ભંગ થાય અને સોનાનો રવો ટેબલ પરથી જ ઊછળીને દુકાનમાં ક્યાંક ખોવાઈ જાય. જો રવો નહીં મળે તો 'મોટો બજાવશે' એ વિચારે ડરતો કથક જુએ કે ઠાકુરનો ફોન છે. કનુ ઠાકુરના બાનાની રકમ દબાવીને બેઠો છે. કથક કનુને સમજાવે કે ઠાકુરને પૈસા આપી દે. કનુ નાગો થઈને ઊભો રહે. અકળાયેલો ઠાકુર અભિમંત્રિત જળ છાંટી કનુને ચકલી બનાવી દે. આ જોઈને કથક ઠાકોરને પૂછે છે મારો રવો મળી જાય એવો કોઈ મંત્ર છે?

વાર્તાકથક વાર્તા કહેતાં કહેતાં અવારનવાર ફિલૉસૉફીસભર વિધાનો પણ બોલતો જોવા મળે છે.

'ઠેર ઠેર કાટના ડાઘ દેખાતા હતા. મને થયું કે જીવનને જ કાટ ચડી ગયો હોય ત્યાં એરણનું શું? મને આવી રીતે ઘણી વાર રોજિંદા જીવનમાંથી ફિલૉસૉફી તારવી લેવાના હુમલા આવતા.' (પૃ.૪૯)

'જીવન એક સંગ્રામ છે. એક જફા છે. પછી થયું કે આ ફિલૉસૉફીનો હુમલો છે એટલે વિચાર ઝાટકી નાખ્યો.' (પૃ.૫૧)

આ વિધાનોની સામે રવો ખોવાઈ જતાં અને ઠાકોરને ધમકાવતા કથકની વાણી સાવ સામા છેડે પહોંચી જાય છે.

'મેં બીજાના પૈસા લાવી આપવાની ગધેડી પકડી છે?' (પૃ.૫૦)

'બહુ ચા પીવાની ચળ હોય તો ચા લઈને જ અવાય ને? તારા બાપા અહીં કંઈ મૂકી ગયા છે?' (પૃ.૫૨)

આવો જ વિરોધાભાસ ઠાકુરના સંવાદોમાં પણ જોવા મળે છે. એક તરફ ગાળો બોલતો, તમાકુ ચાવતો ઠાકુર બીજી તરફ ભગવાનમાં દૃઢ શ્રદ્ધા ધરાવે છે. પૈસા માટે વિનંતી કરતા ઠાકુરની શબ્દપસંદગી અને અકળાઈને જાદુથી કનુને ચકલી બનાવી દેતો ઠાકુર બંને

સામસામા છેડાની વ્યક્તિ લાગે. વાર્તામાં કનુના પાત્રમાં આવો વિરોધાભાસ જોવા મળતો નથી. પ્રથમ નજરે પાત્રમાં આવો વિસંવાદ ખૂંચે, પરંતુ અહીં સર્જકે સભાનપણે આ રીતનું આલેખન કર્યું છે. કથક અને ઠાકુરની શાહમૃગવૃત્તિ તેમની ખોખલી ફિલૉસૉફીભરી વાણી વડે ઊપસાવી છે. કથક, કનુ અને ઠાકોર ત્રણેયને જોડતું તત્ત્વ પૈસો, બજાર છે. કથકને ચિંતા આઠ હજારનો સોનાનો રવો ખોવાઈ ગયાની છે. તેથી જ ઠાકુર સાથે પણ તે તોછડું વર્તન કરી બેસે છે. ઠાકુર પોતાની વ્યથા વર્ણવે ત્યારે પણ કથકના મનમાં તો રવાના જ વિચારો ચાલતા હોય છે; એટલું જ નહીં, વાર્તાના અંતે ઠાકુર કનુને ચકલી બનાવી દે છે ત્યારે કથક આઘાત પામવાના બદલે ઠાકુરને પૂછે છે કે રવો શોધી કાઢવાનો કોઈ મંત્ર છે? વ્યવસાયે સોની એવા વિજયભાઈ બજાર વચ્ચે બેસીને પોતાની આસપાસના જગતને જુએ છે અને સમભાવપૂર્ણ દૃષ્ટિથી આલેખે છે. તેથી સ્વાભાવિક છે કે આ વાર્તામાં પણ મૅજિક રિયાલિઝમ વડે વાસ્તવને જ તાગવામાં આવ્યું હોય. વાર્તાના અંતે નથી ઠાકુરને પૈસા મળતા કે નથી કથકને રવો મળતો. પાત્રોના સંવાદોમાં પણ જોવા મળતો વિરોધાભાસ એ બજારનું જ વાસ્તવ છે.

બંને વાર્તાસંગ્રહોમાંથી પસાર થઈએ તો ખ્યાલ આવે કે, જે રીતે ઉત્તમ ગડા અને હરીશ નાગ્રેચાની વાર્તાઓમાં મહાનગરી મુંબઈ અને તેની ઉપભોક્તાવાદી મૂડીવાદી માનસિકતા જોવા મળે છે એ જ રીતે વિજય સોનીની વાર્તાઓમાં અમદાવાદનું બજાર – ખાસ તો સોની બજાર અને મૂડીવાદી માનસિકતાનું ચિત્રણ થયું છે. બીજા સંગ્રહમાં તો આ 'બજાર' એક પાત્ર જ બની જાય છે. '૭૦૨, રતન ચેમ્બર'નો મોટા ભાઈથી ગભરાતો કથક એવો નાનો ભાઈ હોય કે 'માણેકચોકની ચકલી'ના કથક અને ઠાકુર હોય, 'ગંજુની દ્રૌપદી'નો ગંજુ અને તેની પત્ની હોય કે ખડગપુરનો નિર્દોષ છોકરો અને તપન, તપનની વહુ હોય – આ બધાં જ પાત્રનાં વાણી-વર્તનને નિયંત્રિત કરતું અદૃશ્ય પરિબળ બજાર છે. વિજયભાઈને કહેવાનું મન થાય કે આગામી વાર્તાઓમાં માત્ર સોની બજાર જ નહીં પણ આપણી આખી સામાજિક સંરચનામાં પ્રવેશી ગયેલા બજારને, ફેડરિક જેમ્સન જેની વાત 'પરવર્તી મૂડીવાદનો સાંસ્કૃતિક તર્ક' કહીને કરે છે, એ બજારને, એ મૂડીવાદને તેની સંકુલતાઓ સાથે આલેખે.

સંદર્ભ :

૧. 'વૃદ્ધ રંગાટી બજાર', વિજય સોની, રંગદ્વાર પ્રકાશન, ઈ. ૨૦૧૯.

૨. 'માણેકચોકની ચકલી', વિજય સોની, ડિવાઇન પબ્લિકેશન, ઈ. ૨૦૨૫.

■

મુંબઈથી વગર રોકતે રાજકોટ ગયો ને એક ચોપાનિયું લખવાની તૈયારી કરી. ચોપાનિયું લખવામાં ને છાપવામાં લગભગ મહિનો થઈ ગયો. એને લીલું પૂઠું કરાવ્યું હતું. તેથી પાછળથી એ 'લીલા ચોપાનિયા' તરીકે પ્રસિદ્ધિ પામ્યું. તેમાં દક્ષિણ આફ્રિકાના હિંદીઓની સ્થિતિનો ચિતાર મેં ઇરાદાપૂર્વક હળવો કર્યો હતો. નાતાલમાંનાં બે ચોપાનિયાં, જેનો ઇશારો હું આગળ કરી ગયો છું, તેમાં મેં જે ભાષા વાપરી હતી તેનાથી અહીં હળવી વાપરી, કેમ કે હું જાણતો હતો કે નાનું દુઃખ પણ દૂરથી જોતાં મોટું જણાય છે.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

ગુંદાવાડીની માર્કેટમાં એક માણસ

પૂર્વી એન. ઉપાધ્યાય

ગુંદાવાડી—જૂના રાજકોટનું ધબકતું હૃદય. શહેરે સમય સાથે પોતાનું રૂપ અનેક વાર બદલ્યું છે; નવી બજારો ઊભી થઈ, ચળકતાં શૉપિંગ કૉમ્પ્લેક્સની ભરમારે ખરીદીની રીત બદલી નાખી, છતાં ગુંદાવાડીએ પોતાની ઓળખ ક્યારેય ગુમાવી નથી. આજે પણ એ માત્ર બજાર નથી, પરંતુ શહેરની પોતીકી સ્મૃતિનો એક જીવંત ખંડ છે.

અહીં પ્રવેશતાં જ લાગે કે જીવનને પોતાની બધી ઇન્દ્રિયો એકસાથે ખોલી દીધી હોય. સાંકડી ગલીઓ એકબીજાને એવી રીતે વીંટળાયેલી કે જાણીતો પણ સહેલાઈથી રસ્તો ભૂલી જાય. ગલીના દરેક વળાંકે એક નવું દૃશ્ય દેખા દે — ક્યાંક દુકાનદારના ઘોઘરા અવાજમાં ગ્રાહકોને સાદ પડતો હોય, ક્યાંક ભાવતાલ કરતી સ્ત્રીનો આગ્રહ હવામાં તરતો હોય; કોઈ વૃદ્ધ કંપતા હાથે છૂટા પૈસા ગણી રહ્યો હોય, તો કોઈ બાળક ઢગલામાંથી ગબડી પડેલા લીંબુ પાછળ દોડતું હોય. માથા પર ટોપલું જાળવીને ચાલતી સ્ત્રીઓનો લય, સાંજ પડતાં ખભેખભા અથડાતી-કુટાતી ભીડ અને એની વચ્ચે પણ પોતાનો રસ્તો શોધી લેતું જીવન — આ બધું મળીને ગુંદાવાડીને માત્ર બજાર નહીં, એક અવિરત ચાલતો રંગમંચ બનાવી દે છે.

આ બજારનું સૌંદર્ય તેની વ્યવસ્થામાં નથી; તેની અસ્તવ્યસ્તતામાં છે. અહીં રંગો બોલે છે, સુગંધો યાદોને જગાડે છે અને અવાજો વર્ષો પછી પણ મનમાં ગુંજતા રહે છે. ક્યારેક મને લાગે છે કે ગુંદાવાડી કોઈ સ્થળ નથી, પરંતુ રોજિંદા જીવનનું એક વિશાળ કૅન્વાસ છે, જેના પર અસંખ્ય અજાણ્યા લોકો દરરોજ પોતાના અસ્તિત્વની નાની-મોટી રેખાઓ દોરી જાય છે.

આ કૅન્વાસ પર મારા પપ્પાએ પણ પોતાની પીંછીના થોડા શાંત, છતાં અવિસ્મરણીય લસરકા દોર્યા છે. ગુંદાવાડીની શાકભાજી માર્કેટ સાથે જોડાયેલી તેમની કેટલીક સ્મૃતિઓ મારી ટોપલીમાં ગોઠવાયેલી લીલી ભાજી જેટલી જ તાજી છે.

પપ્પા માટે ગુંદાવાડીની શાકભાજી માર્કેટ માત્ર ખરીદીનું સ્થળ નહોતું; એ તેમની સામાહિક જીવનવિધિનો એક અનિવાર્ય ભાગ હતી. અઠવાડિયામાં એકાદ-બે વાર ત્યાં જવાનો જાણે કોઈ વણલખ્યો નિયમ હતો. ઘરમાં જેમ રવિવારની સવાર યજ્ઞના ધૂમ્રસેર અને મંત્રોના સ્વરથી શરૂ થતી, તેમ આ દિવસો તાજા શાકભાજીની સુગંધથી શરૂ થતા. બંને ક્રિયાઓનું સ્વરૂપ જુદું હતું, પરંતુ તેમની એકાગ્રતા એક જ હતી. યજ્ઞકુંડ પાસે બેઠેલા પપ્પા અને શાકભાજીના થડા આગળ ઊભેલા પપ્પામાં મને ક્યારેય કોઈ ખાસ તફાવત

લાગ્યો નહોતો. બંને ક્રિયાઓ તેઓ સમાન શ્રદ્ધા, સમાન ધીરજ અને સમાન નિષ્ઠા સાથે કરતા.

ક્યારેક તેઓ એકલા જતા, તો ક્યારેક અમારાં ત્રણ ભાઈબહેનોમાંથી કોઈને સાથે લઈ જતા. મોટી બહેને તેમની પાસેથી તાજી શાકભાજી ઓળખવાની દૃષ્ટિ વારસામાં મેળવી લીધી છે. મોટા ભાઈએ તેમની આ સામાહિક પરંપરા જીવંત રાખી છે. મારી પાસે, કદાચ, એવો કોઈ વારસો આવ્યો નથી. આજે પણ હું પાકા રીંગણ અને કાચા રીંગણ વચ્ચેનો તફાવત તરત પારખી શકતી નથી. શાકભાજી પસંદ કરવાની કળા કરતાં, પપ્પાને જોવાનો આનંદ જ મને વધુ મળ્યો હતો.

મારી જવાબદારી બહુ નાની હતી—તેમની પાછળ પાછળ ચાલવાની, શાકભાજી ખરીદેલી થેલીઓ ઉપાડવાની અને જ્યાં તેઓ થોભે ત્યાં થોભી જવાની. એ દિવસોમાં મને લાગતું કે હું માત્ર તેમની સાથે બજારમાં ફરી રહી છું. આજે સમજાય છે કે હું બજારમાં નહોતી ફરતી; હું એક માણસની નજરને ધીમે ધીમે ઓળખી રહી હતી. એવી નજર, જે શાકભાજીમાં તાજગી શોધતી હતી અને માણસોમાં પ્રામાણિકતા.

શાકમાર્કેટ એક લાંબી, સાંકડી ગલીમાં પથરાયેલી હતી. એક બાજુ હરોળબંધ થડા; બીજી બાજુ વચ્ચે વચ્ચે ફૂટતી નાની ગલીઓ. દરેક ગલી જાણે પોતાની અંદર એક અલગ જ જીવન સાચવીને બેઠી હોય. ક્યાંક કોઈ બાળક રમતું હોય, ક્યાંક ઘરના ઉંબરે બેઠેલી વૃદ્ધા શાક સમારતી હોય, તો ક્યાંક અંદરથી વાસણોના ખખડાટ સંભળાતા હોય. બજાર અને રહેણાક અહીં એકબીજાથી અલગ નહોતાં; બંને એક જ જીવના બે શ્વાસ હતાં.

જે વેપારીઓ પાસે થોડી વધુ સાધનસામગ્રી હતી, તેમણે ઈંટ અને સિમેન્ટના નાનકડા ઓટલાઓ પર પોતાની દુકાન ઊભી કરી હતી. બાકીના લોકો શણના કોથળા, જૂની ચાદર કે ઊંધાં કરેલાં ખોખાં પર પોતાનો વેપાર ગોઠવતા. પરંતુ પપ્પાની નજરમાં આ ભેદનું કોઈ મૂલ્ય નહોતું. તેઓ ક્યારેય થડાની ઊંચાઈથી પ્રભાવિત થતા નહોતા; તેમની દૃષ્ટિ હંમેશાં થડાની પાછળ બેઠેલા માણસ સુધી પહોંચતી.

બજારમાં પ્રવેશતાંની સાથે જ તેમની ચાલ ધીમી થઈ જતી. ઉતાવળ જાણે બજારના દરવાજા બહાર જ મૂકી આવતા હોય એમ. તેઓ દરેક થડા સામે થોડી ક્ષણ ઊભા રહેતા, શાકભાજી પર નજર ફેરવતા, રંગ, આકાર અને તાજગી જાણે આંખોથી જ સ્પર્શતા. હું કંટાળાથી પગ બદલતી ઊભી રહું, તો હળવેથી કહેતા, “રીંગણ તેના ડીંટિયાથી ઓળખાય; દૂધી તેની કોમળતાથી; ભાજી તેનાં પાંદડાંના શ્વાસથી.” ત્યારે આ શબ્દો મને માત્ર સૂચનાઓ લાગતા. આજે સમજાય છે કે તેઓ શાકભાજી ઓળખવાની રીત નહોતા શીખવતા; વસ્તુઓને ધ્યાનથી જોવાની રીત શીખવતા હતા. મારા હાથમાંથી પસંદ થયેલું શાક ભાગ્યે જ તેમની મંજૂરી પામતું. તે વખતે થોડી નિરાશા થતી. આજે લાગે છે કે એ નિરાશા કરતાં પણ મોટી ભેટ મને મળી હતી — એક એવી સ્મૃતિ, જે વર્ષો પછી પણ તાજપથી ભરેલ ભાજીની સુગંધ જેમ મનમાં અખંડિત રહી છે.

ધીમે ધીમે મને સમજાવા લાગ્યું કે પપ્પા બજારમાં શાકભાજી ખરીદવા જેટલા જ લોકો પાસે જવા પણ આવતા હતા. અમુક થડા પાસે પહોંચતાં તેમના ચહેરા પર એક ઓળખાણનું સ્મિત આવી જતું. સામે બેઠેલો શાકવાળો પણ કંઈ ખાસ બોલ્યા વિના થોડો

સરકી બેસે, જાણે કોઈ મનગમતો મહેમાન આવ્યો હોય. આ ઓળખાણ ક્યારે બંધાઈ હશે તેની મને ક્યારેય ખબર પડી નહીં. કદાચ તે વર્ષોની લેવડદેવડમાંથી જન્મી હશે; કદાચ કોઈ શબ્દ વગર અપાયેલા વિશ્વાસમાંથી. કેટલાક સંબંધોને કોઈ આરંભ હોતો નથી. તે માત્ર ધીમે ધીમે ગોચર થાય.

પપ્પા હંમેશાં ભાવ પૂછતા, પણ ભાવતાલ બહુ ઓછો કરતા. જો ભાવ વાજબી લાગે તો વાત ત્યાં જ પૂરી થઈ જતી. જો ક્યાંક ભાવમાં અતિશયોક્તિ જણાય, તો તેઓ કોઈ રકઝક કર્યા વિના આગળ વધી જતા. તેમના મૌનમાં પણ એક ભાષા હતી. ઘણી વાર બે-ચાર ડગલાં આગળ વધ્યા ન હોય ત્યાં પાછળથી અવાજ આવતો, "સાહેબ, આવો... જેટલું બને એટલું રાખી દઈએ." આ દૃશ્ય મેં ઘણી વાર જોયું છે. તે વખતે મને લાગતું કે આ તો બજારનો રોજનો વ્યવહાર હશે. આજે વિચારું છું તો સમજાય છે કે વ્યવહાર માત્ર પૈસાનો નહોતો. એ વિશ્વાસનો પણ હતો. કેટલાક થડા એવા પણ હતા જ્યાંથી પપ્પા ક્યારેય કંઈ ખરીદતા નહોતા. શાકભાજી સારી હોય તોપણ નહીં. એક વાર મેં પૂછ્યું હતું, "અહીંથી કેમ નથી લેતા?"

તેમણે શાક તરફ જોયા વિના જ કહ્યું, "બેઈમાન છે."

બસ, આટલું જ.

એ વખતે આ ઉત્તર મને અધૂરો લાગ્યો હતો. બેઈમાની શાકમાં ક્યાં દેખાતી હશે? વર્ષો પછી સમજાયું કે તેઓ શાકભાજી કરતાં માણસને વધુ વાંચતા હતા. આંખ વસ્તુની ગુણવત્તા ઓળખી લે છે; અનુભવ - માણસની.

તેમના મનગમતા શાકવાળા પાસે એક અલિખિત અધિકાર તેમને મળેલો હતો. તેઓ ઢગલાની વચ્ચેથી ભીંડા, ટીંડોળાં કે કાકડી હાથમાં લઈ એક પછી એક તપાસતા. કોઈ ઉતાવળ નહીં. જાણે પસંદગી કરતાં પહેલાં દરેક શાકને થોડો સમય આપવો જરૂરી હોય. સામે બેઠેલો વેપારી પણ એ દરમિયાન બીજા ગ્રાહકોને સંભાળતો રહે, પણ વચ્ચે વચ્ચે તેમની પસંદગીમાં જોડાઈ જાય. બંને વચ્ચે બહુ વાતચીત થતી નહોતી, છતાં બંનેને એકબીજાની રીતની ખબર હતી. વિશ્વાસનો અવાજ કદાચ આવો જ હોય—ધીમો, નિરાડંબર અને લગભગ અશ્રાવ્ય.

પપ્પા માટે થડાની ભવ્યતા ક્યારેય મહત્ત્વની નહોતી. સિમેન્ટના ઓટલા પર બેઠેલો વેપારી હોય કે શણના કોથળા પર થોડું શાક ગોઠવીને બેઠેલી કોઈ વૃદ્ધ સ્ત્રી—તેમની નજર બંને સુધી સરખી પહોંચતી. કોથમીર, મરચાં, ફુદીનો કે લીંબુ તેઓ ઘણી વાર એવા જ નાના વેપારીઓ પાસેથી લેતા. ખાસ કરીને જો કોઈ સ્ત્રી અથવા નાનકડી છોકરી થોડુંઘણું શાક લઈને બેઠી હોય, તો ત્યાંથી કંઈક ખરીદ્યા વિના તેઓ આગળ વધતા નહીં. ઘરે આવીને ક્યારેક મમ્મી કહેતાં, "આટલું બધું શા માટે લઈ આવ્યા?" તેઓ કોઈ ખુલાસો કરતા નહીં. માત્ર હળવું સ્મિત કરતા. એ સ્મિતમાં કોઈ જિદ્દ નહોતી; કદાચ પોતાના નિર્ણય વિશેનો નીરવ વિશ્વાસ હતો. તે વખતે મને લાગતું કે આ તેમની એક ટેવ હશે. આજે લાગે છે કે કદાચ તેઓ વસ્તુ ખરીદતાં પહેલાં માણસનો દિવસ થોડો હળવો કરી દેવા ઇચ્છતા હશે. પણ આ અર્થ મને આજે દેખાય છે. તેમણે ક્યારેય પોતે એવો કોઈ અર્થ સમજાવ્યો નહોતો.

શાકમાર્કેટની એ જ ગલીમાં થોડા કુંભારો પણ બેસતા. બજારના કોલાહલમાં તેમનું અસ્તિત્વ સહેલાઈથી નજર ચૂકી જાય એવું. માટલાં, કૂંડાં, કોડિયાં અને તાવડીઓ—જાણે સમયની બહારની વસ્તુઓ. લોકો ત્યાં બહુ ઓછા અટકતા. શાકભાજીના લીલા રંગોની વચ્ચે આ લાલભૂરી માટીનો રંગ કંઈક એકલો લાગતો.

હનુમાનજીના નાના મંદિરની સામે, રસ્તાની કોરે, એક છોકરી બેસતી. ઉંમર દસ-અગિયાર વર્ષથી વધુ નહીં હોય. તેની આસપાસ ગોઠવેલી બાર-પંદર તાવડીઓ અને તે તેમની વચ્ચે પગ વાળીને શાંતિથી બેઠી રહેતી. બજારની ભીડ તેના સુધી પહોંચતી હતી, પણ જાણે તેને સ્પર્શતી નહોતી. શાકમાર્કેટમાં જતાં પહેલાં પપ્પા એક નાની દુકાને અટકતા. વેફર બિસ્કિટનું એક પૅકેટ લેતા. પછી સીધા એ છોકરી પાસે જતા.

“બાર તાવડી ગણીને બાંધી રાખજે. વળતાં લઈ જઈશ.”

એટલું કહી બિસ્કિટનું પૅકેટ તેની પાસે મૂકી દેતા. પછી ખિસ્સામાંથી રબરબૅન્ડથી બાંધેલા રૂપિયા કાઢીને તેના હાથમાં મૂકી દેતા. કોઈ ભાવ પૂછવાનો નહીં. કોઈ સમજાવટ નહીં. કોઈ વધારાની વાત પણ નહીં. પછી અમે શાકભાજીની ગલીમાં આગળ વધી જતાં. આ બધું એટલી સહજતાથી બનતું કે જાણે તેમાં કંઈ વિશેષ હતું જ નહીં. ઘણી વાર મને વિચાર આવતો—ઘરમાં વર્ષભર ચાલે એટલી તાવડીઓ તો પહેલેથી જ હતી. છતાં દર વખતે બાર તાવડીઓ શા માટે? એક દિવસ મમ્મીએ હસતાં કહ્યું પણ હતું, “હવે તો તાવડીની દુકાન જ ખોલવાની બાકી રહી.” પપ્પા પણ હળવેકથી હસ્યા હતા. કોઈ જવાબ આપ્યો નહીં.

ઘરે આવ્યા પછી એ તાવડીઓ કબાટમાં લાંબા સમય સુધી પડેલી રહેતી પણ નહીં. બે પડોશમાં જતી. એક કામવાળી બહેનને મળતી. કોઈ સગું આવે તો તેની સાથે એકાદ નીકળી જતી. બાકી રહેતી તાવડીઓ કોઈ યોગ્ય પ્રસંગની રાહ જોતી. ત્યારે મને લાગતું કે આ પપ્પાની એક વિચિત્ર ટેવ છે. આજે એ દૃશ્ય યાદ આવે છે ત્યારે તાવડીઓ યાદ નથી આવતી. યાદ આવે છે એ છોકરીનો નિર્વિકાર ચહેરો. પપ્પાના હાથમાંથી તેના હાથમાં શાંતિથી સરકતા રૂપિયા અને બંને વચ્ચે થતો એવો વ્યવહાર, જેમાં ઉપકારનો ભાર નહોતો, દયાનો દેખાડો નહોતો, આભારની અપેક્ષા પણ નહોતી. વર્ષો પછી સમજાયું કે માણસને મદદ કરવાની સૌથી શાંત રીત કદાચ એ જ હોય છે, જેમાં મદદ મેળવનારનું ગૌરવ જરાય ઓછું ન થાય. પપ્પાએ આ વિશે ક્યારેય એક શબ્દ કહ્યો નહોતો. એટલે જ કદાચ આજે પણ એ દૃશ્ય મારા મનમાં બોલ્યા વિના સંભળાય છે.

ઘેર પાછાં ફરતાં જાણે દિવસનો બીજો અંક શરૂ થતો.

ડાઇનિંગ ટેબલ પર એક પછી એક થેલીઓ ખાલી થતી. થોડી જ વારમાં આખું ટેબલ રંગોથી ભરાઈ જતું—લીલી ભાજી, જાંબલી રીંગણ, લાલ ટામેટાં, પીળાં લીંબુ, સફેદ મૂળા, કોથમીરની સુગંધ અને ભીની માટીની આછેરી ગંધ. થોડા સમય પહેલાં જે બધું ગુંદાવાડીની ગલીકૂંચીઓમાં વિખરાયેલું હતું, તે હવે અમારા ઘરની વચ્ચે આવીને શાંતિથી ગોઠવાઈ જતું.

પછી મમ્મી અને પપ્પાનું એક નિઃશબ્દ સહકાર્ય શરૂ થતું. કોઈ શાક ધોવાતું, કોઈ છાંટી રાખવામાં આવતું, કોઈ છાપા પર સૂકવાતું, તો કોઈ અલગ થેલીઓમાં ગોઠવાઈ

જતું. બંને વચ્ચે બહુ વાતો થતી નહોતી. વર્ષોના સહવાસે કદાચ શબ્દોની ઘણી જરૂરિયાત ઓછી કરી દીધી હતી. એકબીજાનો હાથ ક્યાં આગળ વધશે અને કયું કામ કોણ કરશે, તેની જાણે અલગથી યાદ અપાવવાની જરૂર જ પડતી નહોતી. હું ઘણી વાર દૂર ઊભી રહીને આ બધું જોયા કરતી. ત્યારે આ બધું રોજનું જ લાગતું.

આજે સમજાય છે કે ઘરમાં માત્ર શાકભાજી ગોઠવાતું નહોતું. કોઈ અજાણી રીતે દિવસ પણ ગોઠવાઈ જતો અને ઊજવાઈ જતો.

હવે વર્ષો વીતી ગયાં...

ગુંદાવાડી આજે ખાસ બદલાઈ નથી. કદાચ થોડા નવા થડા ઊભા થયા હશે. એ શાકવાળાઓમાંથી કેટલાય ચહેરા સમયની ભીડમાં ઓગળી ગયા હશે. હનુમાનજીના મંદિર સામે તાવડીઓ લઈને બેઠેલી એ બાળકી ક્યાં હશે, તેની તો કલ્પના પણ કરી શકાતી નથી. પણ સ્મૃતિની એક ગલી એવી હોય છે જ્યાં બજાર બંધ થતાં નથી.

હું આજે પણ કોઈ શાકમાર્કેટમાં જાઉં છું ત્યારે અનાયાસ કોઈ માણસને ભીંડા એક પછી એક હાથમાં લઈને તપાસતા જોઉં, કે કોઈ વૃદ્ધ શાકવાળાને ભાવ કર્યા વગર પૈસા આપતો ગ્રાહક દેખાઈ જાય, કે તાવડી કે એવી કોઈ બિનમહત્ત્વની વસ્તુ વેચતી રસ્તાની કોરે બેઠેલી બાળકી નજરે ચડે—અને અચાનક ગુંદાવાડી મારી અંદર ફરી વસવા લાગે. મને હવે એ બજાર પહેલાં જેવું યાદ નથી આવતું. મને યાદ આવે છે એક ચાલ—ધીમી, નિરાંતભરી; એક હાથ—શાકભાજીને સ્પર્શતો, પછી એટલી જ સહજતાથી થોડા રૂપિયા કોઈના હાથમાં મૂકી દેતો. અને પછી ધીમે ધીમે આગળ વધી જતો.

કદાચ કેટલીક સ્મૃતિઓનું આયુષ્ય એટલા માટે લાંબું હોય છે કે તેમાં કોઈ અસાધારણ ઘટના નથી હોતી. માત્ર એક માણસ પોતાની રીતે જીવતો હોય છે અને વર્ષો પછી સમજાય છે કે જીવન ઘણી વાર એવી જ સામાન્ય ક્ષણોમાં પોતાનો સૌથી શાંત અર્થ લખી જતું હોય છે.

■

હવે હું દક્ષિણ આફ્રિકામાં ત્રણ વરસ રહી ચૂક્યો હતો. લોકોને હું ઓળખતો થયો હતો. તેઓ મને ઓળખતા થયા હતા. સને ૧૮૯૬ની સાલમાં મેં છ માસને સારુ દેશ જવાની પરવાનગી માગી. મેં જોયું કે મારે દક્ષિણ આફ્રિકામાં લાંબી મુદ્દત રહેવું જોઈશે. મારી વકીલાત ઠીક ચાલતી હતી એમ કહેવાય. જાહેર કામમાં મારી હાજરીની જરૂર લોકો જોતા હતા. હું પણ જોતો હતો. તેથી મેં દક્ષિણ આફ્રિકામાં કુટુંબ સહિત રહેવાનો નિશ્ચય કર્યો અને તે સારુ દેશ જઈ આવવું દુરસ્ત ધાર્યું. વળી, જો દેશ જાઉં તો કંઈક જાહેર કામ થઈ શકે એમ મેં જોયું. દેશમાં લોકમત કેળવી આ પ્રશ્નમાં વધારે રસ ઉત્પન્ન કરાય એમ જણાયું. ત્રણ પાઉંડનો કર ભરનીંગળ હતું. તે નાબૂદ ન થાય ત્યાં લગી શાંતિ હોય નહીં.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

ગુજરાતી હાસ્યકારોના ગ્રૂપફોટોમાં લાઁગ કોટ પહેરીને બેઠેલા એકમાત્ર લેખક : જ્યોતીન્દ્ર દવે

દીપક મહેતા

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો શ્રેષ્ઠ કવિ કોણ એવા સવાલના જવાબ રૂપે આપણી સામે એક કરતાં વધુ નામ આવે. શ્રેષ્ઠ નવલકથાકાર કોણ, શ્રેષ્ઠ વાર્તાકાર કોણ એવા પ્રશ્નોના જવાબ અંગે પણ એકમતી સધાવી મુશ્કેલ. પણ ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ હાસ્યકાર કોણ એવા સવાલનો માત્ર એક જ જવાબ હોઈ શકે : જ્યોતીન્દ્રભાઈ દવે. ૧૯૦૧ના ઑક્ટોબરની ૨૧મી તારીખે હરિહરશંકર દવે અને ધનવિદ્યાગૌરીને ઘરે જ્યોતીન્દ્રભાઈનો જન્મ થયો. તે પહેલાં જન્મેલો કોઈ ગુજરાતી હાસ્યકાર જ્યોતીન્દ્રભાઈની બરોબરી કરી શકે તેમ નથી અને ૧૯૮૦ના સપ્ટેમ્બરની ૧૦મી તારીખે જ્યોતીન્દ્રભાઈનું અવસાન થયું તે પછી પણ આજ સુધીમાં તેમની બરોબરી કરી શકે એવો બીજો કોઈ હાસ્ય-લેખક આપણી ભાષાએ જોયો-જાણ્યો નથી. જ્યોતીન્દ્રભાઈ આપણી ભાષાના અપૂર્વ હાસ્યકાર જ નહીં, અદ્વિતીય હાસ્યકાર પણ છે. આવા એક અનન્ય લેખકના જન્મને આ વર્ષે ૨૧મી ઑક્ટોબરે સવા સો વર્ષ થશે.

જ્યોતીન્દ્રભાઈ માંડ બે વર્ષના હતા ત્યારે એમના પિતાનું અવસાન થયું. એટલે ઉછેર થયો મોસાળમાં - માતાના પિતા છબીલારામ દીક્ષિતને ત્યાં. અગાઉ જ્યાં ઘોડા બાંધવાનો તબેલો હતો ત્યાં શરૂ થયેલી ગંગુ મહેતાની ગામઠી શાળામાં ભણતા ત્યારે જ કડક શારીરિક શિક્ષા કરતા માસ્તર અંગે જોડકણાં કરતા. પછી સુરતની નાનપરાની સાર્વજનિક હાઈસ્કૂલમાં દાખલ થયા અને ૧૯૧૯માં મૅટ્રિક થયા. સુરતની જ એમ.ટી. બી. કૉલેજમાંથી ૧૯૨૩માં સંસ્કૃત અને ગુજરાતી સાથે બી.એ. થયા અને એક વર્ષ માટે ફેલો નિમાયા. ૧૯૨૫માં સંસ્કૃત-ગુજરાતી સાથે એમ.એ. થયા અને ૧૯૨૬થી જ્યોતીન્દ્રભાઈના જીવનની દિશા અને દશા બદલાઈ.

૧૯૨૬માં કનૈયાલાલ મુનશીના સહાયક તરીકે કામ કરવા જ્યોતીન્દ્રભાઈ મુંબઈ આવી વસ્યા. ત્યારબાદ સુરત અને કચ્છમાં સાત-આઠ વર્ષ ગાળ્યાં તે બાદ કરતાં જ્યોતીન્દ્રભાઈ મુંબઈના થઈને રહ્યા. તેમના જીવનનો પાયો નખાયો સુરતમાં, પણ ઇમારત ચણાઈ તે તો મુંબઈમાં. મુનશીના જ આગ્રહથી ૧૯૩૦ના જૂનની ચોથી તારીખે મુંબઈ સરકારની ઓરિએન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં શ્રી જહાંગીર સંજાણાના મદદનીશ તરીકે જોડાયા અને સંજાણાની નિવૃત્તિ પછી જ્યોતીન્દ્રભાઈ ઓરિએન્ટલ ટ્રાન્સલેટર બન્યા. ૧૯૫૬માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી થોડાં વર્ષ મુંબઈની કે. જે. સોમૈયા કૉલેજ તથા એમ. વી. કૉલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૬૬-૬૯ના ગાળામાં

માંડવી, કચ્છની શૂરજી વલ્લભદાસ કૉલેજના આચાર્ય બન્યા. ત્યારબાદ ફરી મુંબઈ આવ્યા તે ૧૯૮૦ના સપ્ટેમ્બરની ૧૦મીએ કંબાલા હિલ હૉસ્પિટલમાં અવસાન થયું ત્યાં સુધી મુંબઈમાં જ ઠરીઠામ થઈ રહ્યા. તેમને રણજિતરામ તથા નર્મદ ચંદ્રકો મળ્યા હતા અને ૧૯૬૬માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા.

કુટુંબમાં જ્યોતીન્દ્રભાઈનું હુલામણું નામ કીકાભાઈ હતું અને તેમનાં માતાનું લાડકું નામ હતું ઝીણીબહેન. માતા પાસેથી વારસામાં જ્યોતીન્દ્રભાઈને અત્યંત ઝીણી નજર મળી હતી તેમ ઝીણો દેહ પણ મળ્યો હતો. જ્યોતીન્દ્રભાઈના ગાઢ મિત્ર ધનસુખલાલ મહેતા બંનેની પહેલી મુલાકાત અંગે કહે છે : "એ રૂમમાં એક બહુ મોટું ટેબલ પડી રહેતું અને કોઈ કોઈ માણસો એ ટેબલ પાછળ બેસી ચૂક્યા હતા. મેં અંદર જઈને એ નવા, તદ્દન અપરિચિત, જ્યોતીન્દ્રભાઈ દવેને જોવાનો યત્ન કર્યો. પહેલે યત્ને તો મને લાગ્યું કે રૂમ ખાલી છે. બીજે કે ત્રીજે યત્ને મેં એક બહુ નાના અંગવાળા પુરુષને પેલા બહુ મોટા ટેબલ પાછળ એક ખુરશીમાં બેઠેલ જોયો.' ધનસુખલાલ પાસેથી જ એમની આકૃતિનો અણસાર પણ મેળવીએઃ "એડગર એલન પોના અંડાકૃતિ મસ્તકની યાદ કરાવે એવા એમના માથા ઉપરથી વાળ મોટા પ્રમાણમાં ખરી ગયા હતા અને માથે ટાલ જેવું દૃષ્ટિગોચર થતું હતું. વિશાળ કપાળ, તીક્ષ્ણ નાસિકા, કદના પ્રમાણમાં સહેજ મોટા કાન, ઉપસેલી આંખો અને ઉપર સાદામાં સાદું ચશ્માંનું ફ્રેમ, ગાલમાં ખાડા, ચીક બોન્સ ઉપસેલ, લાંબું ગળું અને ગળાનો આગળ તરી આવતો હડિયો, સાદામાં સાદા પોષાકે ઢાંકેલું એમનું નેવું રતલનું શરીર, ગોરો વર્ણ અને નીરોગી સ્વચ્છ ત્વચા. વર્ણન ઉપરથી કોઈ એ વ્યક્તિને કદરૂપી ગણાવે. પણ એમને જોયા પછી કોણ જાણે શાથી, કોઈ પણ માણસ એમને કદરૂપા ન કહી શકે.'

અભ્યાસકાળ દરમિયાન જ્યોતીન્દ્રભાઈનો 'લૉટરીનું પરિણામ' નામનો લેખ કૉલેજના મૅગેઝિનમાં છપાયો હતો. બી.એ. થયા તે પહેલાં જ સુરતનાં દૈનિક-સામયિકમાં લેખો લખતા થયા હતા. મિત્રમંડળમાં 'કવિ' તરીકે ઓળખાતા. ગણતરીનાં મંગલાષ્ટક, કાવ્ય, પ્રતિકાવ્ય, પાદપૂર્તિ તેમના પષ્ટિપૂર્તિ ગ્રંથમાં પણ પ્રગટ થયાં છે. ૧૯૨૮માં પ્રગટ થયેલ પ્રથમ પુસ્તક વિષપાન ઐતિહાસિક જ નહીં, કરુણરસથી ભરપૂર નાટક છે. પણ ગુજરાતી સાહિત્યને લૉટરીના પરિણામમાં જંગી ઇનામ લાગ્યું તે તો જ્યોતીન્દ્રભાઈએ હાસ્યલેખો લખવાનું શરૂ કર્યું ત્યારથી. 'ગુજરાત' સામયિકમાં મુનશીના સહાયક તરીકે જોડાયા પછી જ્યોતીન્દ્રભાઈએ પોતાનું નામ જાહેર કર્યા વગર 'ગુમાની નોંધપોથી'ના લેખો લખવાનું શરૂ કર્યું અને ગુજરાતને તેનો અદ્વિતીય હાસ્યકાર મળી ગયો. ૧૯૨૭માં 'ગુજરાત'માં જ્યોતીન્દ્રભાઈએ શરૂ કરેલ 'ગુમાની નોંધપોથી' અનેક રીતે વિલક્ષણ છે. તેમાં લેખકે સમકાલીન ઘટનાઓને હાસ્ય-વ્યંગની દૃષ્ટિએ જોયેલી. ક્યારેક વાતને વળ ચડાવી, અત્યુક્તિ કરીને બહેલાવવામાં જ્યોતીન્દ્રભાઈ અહીં પૂરા સફળ થયા છે. એ જમાનામાં 'ગુમાની નોંધપોથી', 'ગુજરાત'નું એક વિશિષ્ટ અંગ બની રહેલી. આ નોંધપોથી અંગે 'ગુજરાત'ના તંત્રીએ લખેલી નોંધમાં કહેલું : 'રા. ગુમા ગુજરાતના ઉકરડામાંથી અમને મળી આવેલું એક મહામૂલું રત્ન છે અને તેથીયે અધિક મૂલ્યવાન એ ગુમ પણ મહાન વિચારકની નોંધપોથી છે. મહાનુભાવની નોંધપોથીમાંથી આજના બળતા પ્રશ્નો ઉપર ખૂબ જ ઠંડું પાણી નખાશે.'

૧૯૩૧માં 'રંગતરંગ'નો પહેલો ભાગ પ્રગટ થયો ત્યારથી માંડીને જ્યોતીન્દ્રભાઈના અવસાન પછી કૃષ્ણવીર દીક્ષિત સંપાદિત 'વાઙ્મયચિંતન' પુસ્તક ૧૯૮૪માં પ્રગટ થયું ત્યાં સુધીમાં જ્યોતીન્દ્રભાઈનાં પચ્ચીસ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. તેમાંનાં મોટા ભાગનાં હાસ્યલેખોનાં છે. પોતે જ સંપાદિત કરેલું પ્રતિનિધિ રચનાઓનું સંકલન 'જ્યોતીન્દ્ર તરંગ' ૧૯૭૬માં પ્રગટ થયું ત્યારથી આજ સુધીમાં જ્યોતીન્દ્રભાઈના હાસ્યલેખોનાં અનેક સંકલનો પ્રગટ થયાં છે. એક વિનોદ ભટ્ટે જ એકલે હાથે જુદા જુદા પ્રકાશકો માટે ત્રણ સંકલનો તો તૈયાર કર્યાં જ છે. છતાં પુસ્તક પ્રકાશનની બાબતમાં જ્યોતીન્દ્રભાઈ ઝાઝા નસીબદાર નહોતા. એક તો પુસ્તક પ્રકાશન અંગે તેમની પોતાની ઉદાસીનતા બલ્કે કહો કે એ અંગેની આળસ. તો બીજી બાજુ જ્યોતીન્દ્રભાઈનાં લખાણોને પૂરો ન્યાય આપીને તેમનાં પુસ્તકો સતત પ્રજા સામે મૂકતા રહે તેવા પ્રકાશક પણ તેમને ન મળ્યા. વળી સામયિકોમાં પ્રગટ થયેલા લેખો એકઠા કરીને, ગોઠવીને પુસ્તક રૂપે પ્રગટ કરવાની 'ખટપટ' જ્યોતીન્દ્રભાઈએ મોટે ભાગે તો તેમના પ્રકાશકને જ કરવા દીધેલી.

લગભગ દરેક લેખકને ક્યારેક ને ક્યારેક કોઈ પત્રકાર, સંપાદક, કૉલમલેખક દ્વારા એક સવાલ તો પુછાતો જ હોય છે : તમે શા માટે લખો છો? આવા સવાલનો જવાબ આપતાં જ્યોતીન્દ્રભાઈએ કહેલું : "હું શા માટે લખું છું તે, સાચું કહું તો હું પોતે જ બરાબર જાણતો નથી. મોટા ભાગના માણસો જે કારણસર પરણી જાય છે તે જ કારણસર હું લખું છું – મોટે ભાગે દેખાદેખીથી ને કંઈક અંશે અન્યોના આગ્રહને લીધે. આરંભમાં લખવાનું મન થતું. સમર્થ લેખકોનાં લખાણો વાંચીને મને પણ કંઈક લખી નાખવાની ઇચ્છા થતી અને એમ દેખાદેખીને કારણે મેં લખવાનો આરંભ કર્યો. પણ હવે લખવાનું ખાસ મન ભાગ્યે જ થાય છે. હમણાં તો લખવું પડે છે – ગયે જન્મે દેવું કર્યું હોય અને આ જન્મે એ ભરપાઈ કરવા લેણદારો તકાદો કર્યા જ કરતા હોય – એટલે લખ્યા વગર ચાલતું નથી. નથી લખતો ત્યારે ઘણી વાર કેટલાક ને કેટલીક વાર ઘણા પૂછે છે : હમણાં લખતા કેમ નથી? તેવા માણસોને જવાબ દેવાની તકલીફમાંથી બચવા ખાતર લખું છું. શક્તિ, નિપુણતા ને અભ્યાસ એ ત્રણને સાહિત્યસર્જનની પ્રવૃત્તિના હેતુ તરીકે મમ્મટે ગણાવ્યાં છે ને તેમાં શક્તિને પ્રથમ સ્થાન આપ્યું છે. મારી બાબતમાં લખવાનું મુખ્ય કારણ શક્તિ નહીં પણ અશક્તિ છે. તમારા જેવા 'માંગણાં'ને ના પાડવાની અશક્તિને લીધે હું લખું છું."

લેખનના સાતત્યમાંથી આવેલું પહેલું પરિણામ તે જ્યોતીન્દ્રભાઈના હાસ્યલેખોની ઘણી મોટી સંખ્યા. આટલી મોટી સંખ્યામાં સતત લખતા રહેનાર કોઈ પણ લેખકનાં બધાં લખાણો એકસરખી ઊંચી કક્ષાનાં ન હોઈ શકે, જ્યોતીન્દ્રભાઈનાં પણ નથી. પણ બીજી બાજુ જેમાં તેમની હાસ્યલેખક તરીકે તેજસ્વિતાના બે-ચાર ચમકારા પણ જોવા મળતા ન હોય તેવા લેખો પણ તેમણે ભાગ્યે જ લખ્યા છે. આટલા સાતત્યપૂર્વક લખનારનાં લખાણોમાં એક ને એક વાત કે વિચારનું પુનરાવર્તન ન જ થાય એવું પણ ભાગ્યે જ બને. જ્યોતીન્દ્રભાઈના લેખોમાં પણ પુનરાવર્તનો છે જ અને આ હકીકતથી તેઓ પોતે પણ સભાન હતા. એ અંગે તેઓ કહે છે : "કેટલીક વેળા અગાઉ એકાદ લેખમાં આવી ગયેલા વિચારો હું બીજા લેખોમાં પણ, અગાઉ આ વિષે મેં લખ્યું છે તે ભૂલી જઈને પ્રગટ કરું છું, અને આ કારણે મારાં લખાણોમાં પુનરુક્તિ ને પિષ્ટપેષણ, સહેલાઈથી દૂર, થઈ

શકે એમ હોવા છતાં, દાખલ થઈ જાય છે.' આવી પુનરુક્તિઓને બાજુએ મૂક્યા પછી પણ પહેલી વાત એ ધ્યાનમાં આવે છે કે જ્યોતીન્દ્રભાઈના હાસ્યરસની સૃષ્ટિ વિશાળ છે, એમાં વૈવિધ્ય છે. પોતાના માથા પરની ટાલથી માંડીને દુનિયાના હાલ સુધીના કોઈ પણ વિષય પર એ લખી શકે છે. આપણી આસપાસ રહેલી અસંગતિઓ તો આપણા ધ્યાનમાં તરત આવે છે અને આપણે તેના પર હસીએ પણ છીએ, પણ આપણી પોતાની અંદર રહેલી અસંગતિઓ આપણા ધ્યાનમાં ભાગ્યે જ આવે છે. આપણે કેવા છીએ, બીજાને કેવા લાગીએ છીએ એ આપણે પોતે જાણી શકતા નથી. જ્યોતીન્દ્રભાઈ પોતાના લેખો દ્વારા આપણી બહારની અને આપણી અંદરની અસંગતિઓથી આપણને સભાન કરીને હસાવે છે અને હસાવીને સભાન કરે છે. તેમના બધા લેખોની ચકાસણી કરવામાં આવે તો તરત ખ્યાલ આવશે કે જ્યોતીન્દ્રભાઈએ અન્યોને નિમિત્ત બનાવીને જેટલું હાસ્ય નિષ્પન્ન કર્યું છે તેટલું જ પોતાની જાતને નિમિત્ત બનાવીને પણ નિપજાવ્યું છે.

એક હાસ્યરસિક રૂપાંતરિત નાટક અને ધનસુખલાલ મહેતા સાથે મળીને લખેલી એક હાસ્યરસિક નવલકથાને બાદ કરતાં જ્યોતીન્દ્રભાઈએ હાસ્ય માટે લેખ-નિબંધનું એકમાત્ર સ્વરૂપ જ અપનાવ્યું. પણ આ રીતે અપનાવેલા પ્રકારમાં તેમણે શક્ય તેટલું વૈવિધ્ય સાધવાનો પ્રયત્ન કર્યો છે. ટુચકા, વાર્તા, સંવાદ, પદ્ય, પત્ર, ડાયરી વગેરે તરકીબોનો યથાયોગ્ય ઉપયોગ તેમણે કર્યો છે. સંસ્કૃતપ્રચુર, શિષ્ટસાહિત્યિક, બોલચાલની વાગ્મિતાવાળી, બાળકની, સ્ત્રીઓની, વહોરા, પારસી વગેરેની તેમ સુરતની, સૌરાષ્ટ્રની એમ જુદા જુદા લોકો અને પ્રદેશોની બોલીનો પણ તેઓ કુશળતાપૂર્વક ઉપયોગ કરી જાણે છે. એમના કેટલાક પુરોગામી અને સમકાલીન લેખકોની ભાષાલઢણોની પેરડી પણ તેઓ આબાદ રીતે કરી જાણે છે. રામપ્રસાદ બક્ષીએ કહ્યું છે તેમ "સામાન્ય દૃષ્ટિને જેમાં હાસ્યપ્રેરક કંઈ ન જણાતું હોય તેવા પ્રસંગોનું પણ એઓ જ્યારે હાસ્યપ્રેરક નિરૂપણ કરે છે ત્યારે હાસ્યરસ વસ્તુગત કે દ્રવ્યનિષ્ઠ નહીં પણ વાણીગત અને વક્તૃનિષ્ઠ હોય છે, એટલે કે હાસ્યનાં કારણો જ્યોતીન્દ્રે યોજેલી વાણીમાં, અનપેક્ષિત સાદૃશ્યકલ્પનામાં કે વિસ્મયકારક સંવાદલીલામાં રહેલાં હોય છે."

જ્યોતીન્દ્રભાઈના હાસ્યની એક આગવી વિશિષ્ટતા એ છે કે એ મોટે ભાગે બુદ્ધિપૂત અને તર્કનિષ્ઠ હોય છે. અલબત્ત, હાસ્ય નિષ્પન્ન કરવા માટે ઘણુંખરું તેઓ અવળી બુદ્ધિ, વિતર્ક કે અવળવાણીનો ઉપયોગ કરતા જણાય છે. પણ એમના તર્કછળની શૃંખલા એટલી તો દૃઢબંધ હોય છે કે જ્યોતીન્દ્રભાઈનો નિષ્કર્ષ થોડી વાર માટે તો વાચક સ્વીકારી લે. જ્યોતીન્દ્રભાઈમાં મધ્યકાલીન કવિ અખાનું આખાબોલાપણું છે, પણ એમાં કડવાશ નથી. તેમનામાં વિચારકનું ઊંડાણ છે, પણ અકારણ ગાંભીર્ય નથી. ફિલસૂફનું તાટસ્થ્ય છે, પણ તે સાથે નક્કર ધરતી પર રહીને વાસ્તવ દૃષ્ટિથી તેઓ વિચાર કરી શકે છે. મનુષ્યસ્વભાવની વિચિત્રતાઓની અને નિર્બળતાઓની તેઓ મજાક ઉડાવે છે, પણ તે સાથે પોતાની જાત પ્રત્યે પણ હસી શકે છે અને હસે છે. ઘણે ઠેકાણે તેમણે દૃષ્ટાન્તો આપ્યાં છે તે પોતાનાં જ. આથી તેમનું હાસ્ય નિર્મળ, નિર્દોષ અને આસ્વાદક બની રહે છે. ગગનવિહારી મહેતાએ કહ્યું છે તેમ "જ્યોતીન્દ્રભાઈ જિંદગીનો કીમિયો શોધવા ઘૂમતા નથી, જીવનનો કોયડો ઉકેલવા મથ્યા નથી. એમનો કીમિયો એ જ છે કે જિંદગીનો કીમિયો જ નથી, એનું રહસ્ય કોઈ ઉકેલી શકતું નથી. સંસારમાં અનેક વિટંબણા અને

ગોટાળા છે, નિર્બળતાઓ અને ગૂંચો છે, દંભ છે, અનેકવિધ મૂર્ખાઈ છે, બાલિશતા છે, તુચ્છ કલહો છે, નિરાશા છે. આ બધું છતાં સપ્રમાણ દૃષ્ટિએ જોઈએ તો જીવન વિનોદપૂર્ણ છે, આહ્લાદજનક છે, હાસ્યાસ્પદ પણ છે. જીવન જીવન છે એ હાસ્યકારની આંખે જ્યોતીન્દ્રભાઈ સમજી ગયા છે.'

જ્યોતીન્દ્રભાઈના બુદ્ધિપૂત અને તર્કનિષ્ઠ હાસ્યને પીઠબળ મળ્યું છે તે તેમની બહુશ્રુતતા તરફથી – માત્ર વિવિધ ભાષા-સાહિત્ય જ નહીં પણ સૌંદર્યશાસ્ત્ર, સંગીત, આયુર્વેદ, ઇતિહાસ, મનોવિજ્ઞાન, રાજકારણ, સમાજશાસ્ત્ર, એમ અનેક જુદાં જુદાં ક્ષેત્રોની જાણકારી અને માહિતી તેઓ પોતાના લેખોમાં હસતાંરમતાં સેરવી દે છે. તેમના જેવી વર્સેટિલિટી આપણા બીજા કોઈ હાસ્યકારમાં ભાગ્યે જ જોવા મળશે. જ્યોતીન્દ્રભાઈની આ વર્સેટિલિટીનાં મૂળ તેમના અદમ્ય વાચનશોખમાં રહેલાં છે. પોતાના વાચનશોખ અંગે જ્યોતીન્દ્રભાઈએ જ કહ્યું છે, 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી' એમ ફક્ત ઊધઈ કહી શકે, પરંતુ કલાપીએ એમ પોતાને માટે કહ્યું છે અને મને પણ એવી ઇચ્છા તો થાય છે – જોકે એ બની શકે તેમ નથી એ જાણું છું. વાંચવાનું મને લગભગ ગાંડપણ છે, લગભગ દુર્વ્યસન કહેવાય એવી એ ટેવ પડી ગઈ છે, સૂતાં પહેલાં કંઈ ને કંઈ તો વાંચવું જ જોઈએ. એક વખત હું પરગામ ગયો હતો. ત્યાં વાંચવા માટે મને કંઈ ન મળ્યું ત્યારે દેશી હિસાબની ચોપડી એક નાનકડા બાળક પાસેથી લઈને, સૂતાં પહેલાં મારે એ વાંચવા બેસવું પડ્યું હતું." વિનોદ ભટ્ટે કહ્યું છે તેમ "જ્યોતીન્દ્રભાઈમાં રહેલા પંડિતે તેમને હાસ્યના સર્વોચ્ચ સ્થાને બેસાડ્યા છે. તેમનામાં પડેલો પંડિત કે પહેલો હાસ્યકાર? તેમનામાં રહેલા પંડિત અને હાસ્યકાર વચ્ચે દ્વંદ્વયુદ્ધ થાય તો પહેલા જ રાઉન્ડમાં પેલો પંડિત હાસ્યકારને ચીત કરી દે. હાસ્યરસ તેમના લોહીમાં હતો અને પાંડિત્ય તેમણે અભ્યાસ વડે પ્રાપ્ત કર્યું."

જ્યોતીન્દ્રભાઈએ માત્ર એક જ હાસ્યપ્રધાન નવલકથા લખી અને તે પણ પરમ મિત્ર ધનસુખલાલ મહેતા સાથે ભાગીદારીમાં. ૧૯૩૬માં પુસ્તક રૂપે 'અમે બધાં' પ્રગટ થઈ તે પહેલાં તેના હપતાવાર પ્રકાશનની શરૂઆત મુનશીના 'ગુજરાત'માં થઈ હતી. પણ પહેલાં પાંચ પ્રકરણ છપાયા પછી એકાએક 'ગુજરાત' બંધ થયું એટલે વિજયરાજ વૈદ્યે પોતાના 'કૌમુદી'માં તેને એકડે એકથી હપતાવાર પ્રગટ કરી. 'અમે બધાં'ના આમુખમાં કનૈયાલાલ મુનશીએ કહ્યું છે તેમ "શ્રી ધનસુખલાલ અને જ્યોતીન્દ્રભાઈના વિનોદરસનો પ્રકાર તદ્દન જુદો છે. તેનો આધાર વસ્તુસ્થિતિ પર નથી. કર્તાઓની વિનોદલક્ષી દૃષ્ટિ સર્ચલાઇટની માફક જીવનના સર્વસામાન્ય પ્રસંગો પર પ્રકાશ પાડે છે. એમનાં પાત્રો વાસ્તવિક છે – રોજ સાથે રહીએ છીએ તેવાં. એમના પ્રસંગો સામાન્ય છે. આપણે રોજ એવાનો અનુભવ કરીએ છીએ. પણ એમની દૃષ્ટિનો મીઠો, મમતાભર્યો પણ સચોટ પ્રકાશ તેને એવી રીતે રજૂ કરે છે કે આપણે તે પાત્ર ને પ્રસંગને જુદી જ રીતે જોઈએ છીએ." આ નવલકથામાં કોઈ વ્યક્તિ નાયકપદે નથી, કારણ 'અમે બધાં'ના નાયકપદે તો લેખકોએ ગઈ કાલના સુરતના જીવનને જ સ્થાપ્યું છે. ધનસુખલાલ અને જ્યોતીન્દ્રભાઈ બંને મૂળ સુરતના વતની. બંનેની જિંદગીનાં કેટલાંક વર્ષો સુરતમાં જ વીતેલાં. પણ 'અમે બધાં' લખાઈ તે પહેલાં જ બંને સુરત છોડી મુંબઈમાં સ્થાયી થયેલા. એટલે હકીકતમાં 'અમે બધાં' લેખકોના વતન ઝુરાપાની કથા છે. એ ઝુરાપો તેમણે આંસુ કે નિસાસા

દ્વારા નહીં પણ હાસ્ય દ્વારા પ્રગટ કર્યો છે એ આ નવલકથાની વિશિષ્ટતા છે. આપણે ત્યાં હાસ્યપ્રધાન નવલકથાઓ જ પ્રમાણમાં ઓછી લખાઈ છે પણ જેટલી લખાઈ છે તેમાં રમણભાઈ નીલકંઠની 'ભદ્રંભદ્ર'ને સર્વોત્તમ ગણવાનો ચાલ આપણા વિવેચકોએ પાડ્યો છે. 'ભદ્રંભદ્ર'માં કેટલેક સ્થળે બેનમૂન હાસ્ય જોવા મળે છે એની ના નહીં, પણ ચોક્કસ વ્યક્તિઓ તરફ કરાયેલા કેટલાક બિલો ધ બેલ્ટ અંગત પ્રહારો, રૂઢિવાદીઓની ક્રૂર ઠેકડી, પોતે સુધારક હોવાનું ઝનૂની ભાન, ઉત્તરાર્ધનું બિનજરૂરી લંબાણ વગેરે કારણોને લીધે રમણભાઈની આ કૃતિ સળંગ કલાકૃતિ બનતાં રહી ગઈ છે. જ્યારે 'અમે બધાં'નો હાસ્યરસ સુરત પાસે વહેતી તાપી નદીના પ્રવાહ જેવો કંઈક મંથર, પણ વિશાળ પટવાળો અને બારમાસી છે. જો કોઈ એક જ ગુજરાતી હાસ્યરસિક નવલકથાની પસંદગી કરવાની હોય તો આ લખનાર તો અચૂક 'અમે બધાં'ની જ પસંદગી કરે.

જ્યોતીન્દ્રભાઈ મુંબઈની ગુજરાતી રંગભૂમિ સાથે વર્ષો સુધી ખૂબ નિકટતાથી સંકળાયેલા રહ્યા હતા. છતાં એક 'વડ અને ટેટા'ને બાદ કરતાં તેમની પાસેથી બીજું કોઈ નાટક આપણને મળ્યું નહીં અને આ નાટક પણ સર્વાંશે મૌલિક કૃતિ નથી. તો બીજી બાજુ તે મોલિયેરના 'માઈઝર'નો અનુવાદ કે રૂપાંતર પણ નથી. 'વડ અને ટેટા' હકીકતમાં મોલિયેરના નાટકનું અનુસર્જન છે. કંજૂસ કુંદનલાલ એ આ નાટકનું મુખ્ય પાત્ર છે. જયંત-તરલા અને શેખર-માલતીનાં પ્રેમપ્રકરણો પણ આડકથા જેવાં બની રહે છે. કુંદનલાલનું પાત્ર લગભગ ઠઠ્ઠાચિત્ર જેવું બન્યું છે. જ્યોતીન્દ્રભાઈની વક્રદૃષ્ટિનો ઠીક ઠીક લાભ આ ઠઠ્ઠાચિત્રને મળ્યો છે. જ્યોતીન્દ્રભાઈ પાસેથી વધુ નાટકો મળ્યાં હોત તો આપણા હાસ્યસાહિત્ય તેમ જ નાટ્યસાહિત્ય બંનેને લાભ થાત.

બળવંતરાય ઠાકોર જેવા દુરારાધ્ય વિવેચકે પૂરેપૂરી ગંભીરતા સાથે જ્યોતીન્દ્રભાઈ માટે કહેલું કે આ છોકરો ખિખિયારા કરાવે છે એને બદલે જો ગંભીર થઈને કહ્યું કામ કરે તો એક 'યુનિક સ્કૉલર' તરીકે બહાર આવે એટલી એનામાં શક્તિ છે. ૧૯૬૪માં પ્રગટ થયેલ ષષ્ટિપૂર્તિ ગ્રંથ 'વાઙ્મયવિહાર'ની પ્રસ્તાવનામાં રામપ્રસાદ બક્ષીએ પણ આ અંગે ટકોર કરેલી. આ ષષ્ટિપૂર્તિ ગ્રંથમાં જ જ્યોતીન્દ્રભાઈએ લખેલા કાકાસાહેબ કાલેલકર, કનૈયાલાલ મુનશી, બળવંતરાય ઠાકોર, રા. વિ. પાઠક, ઉમાશંકર જોશી, સુન્દરમ્, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ધનસુખલાલ મહેતા, ચન્દ્રવદન મહેતા, વિજયરાય વૈદ્ય વગેરે લેખકોના પરિચયલેખો છપાયા છે. ઠેઠ ૧૯૩૪માં તેમણે એ વર્ષે પ્રગટ થયેલાં પુસ્તકોની વાર્ષિક સમીક્ષા પણ કરેલી.

પણ જ્યોતીન્દ્રભાઈમાં રહેલો પંડિત સોળે કળાએ ખીલી ઊઠ્યો તે તો ૧૯૫૭માં તેમણે મુંબઈ યુનિવર્સિટીના કૉન્વોકેશન હૉલમાં રસશાસ્ત્ર વિષે પાંચ વ્યાખ્યાનો આપ્યાં ત્યારે. આ પાંચ દિવસ જ્યોતીન્દ્રભાઈનો હાસ્યકાર કરતાં સાવ જુદો જ ચહેરો જોવા મળેલો. પણ કમનસીબે આ વ્યાખ્યાનો જ્યોતીન્દ્રભાઈએ પોતે ક્યારેય લખી નાખ્યાં નહીં, અનેક લોકોએ વારંવાર ઉઘરાણી કરી હોવા છતાં. કૃષ્ણવીર દીક્ષિતે લીધેલી પાંચે વ્યાખ્યાનોની વિસ્તૃત નોંધ જ્યોતીન્દ્રભાઈના અવસાન પછી ૧૯૮૪માં પ્રગટ થયેલા 'વાઙ્મયચિંતન' પુસ્તકમાં સંગ્રહાઈ છે. કૃષ્ણવીર દીક્ષિત સંપાદિત આ પુસ્તકમાં નાટક, કાવ્ય અને સાહિત્યની તાત્ત્વિક વિચારણા કરતા જ્યોતીન્દ્રભાઈના બીજા ૧૯ જેટલા

લેખો પણ સમાવાયા છે. આ બધા લેખો વાંચતાં જ્યોતીન્દ્રભાઈમાં રહેલ એક પરિપક્વ અને પ્રજ્ઞાવાન વિવેચકનો આપણને અણસારો મળી રહે છે. જ્યોતીન્દ્રભાઈએ 'મુંબઈ સમાચાર'માં આત્મકથનાત્મક લેખો (અલબત્ત, હાસ્યપ્રધાન) લખવાનું શરૂ કરેલું. પણ ૧૫ લેખો પ્રગટ થયા પછી એ લેખમાળા એકાએક બંધ થઈ ગઈ. જ્યોતીન્દ્રભાઈના અવસાન પછી આર. કે. ભાવસારે આ ૧૫ લેખો 'વ્યતીતને વાગોળું છું' નામથી પુસ્તકાકારે પ્રગટ કર્યા હતા. તેની પ્રસ્તાવનાને તેમણે 'આત્મચરિત્રકાર જ્યોતીન્દ્ર દવે' એવું મથાળું આપ્યું છે. પણ હકીકતમાં અહીં પ્રગટ થયેલા લેખોમાં જ્યોતીન્દ્રભાઈએ પોતાના બાલ્યકાળના કેટલાક પ્રસંગોનું રમૂજી આલેખન કર્યું છે. પણ આ પુસ્તકને તેમના 'આત્મચરિત્ર' તરીકે ઓળખાવી શકાય તેમ નથી.

જ્યોતીન્દ્રભાઈ એમના જમાનાના અત્યંત લોકપ્રિય એવા એક વક્તા અને સંચાલક પણ હતા. બાળમંદિરથી માંડીને યુનિવર્સિટી સુધીના સંચાલકો જ્યોતીન્દ્રભાઈને ભાષણ કરવા બોલાવતા. કવિસંમેલનો, મુશાયરા, ચર્ચાસભા, મોક ટ્રાયલ, પરિસંવાદ, ચર્ચાસત્ર વગેરે જ્યોતીન્દ્રભાઈના સંચાલન વગર અધૂરાં ગણાતાં. આથી આ બધાંના આયોજકો જ્યોતીન્દ્રભાઈને આમંત્રતા અને પોતાની સ્વભાવગત નબળાઈને કારણે જ્યોતીન્દ્રભાઈ આમાંથી કોઈને ભાગ્યે જ ના પાડતા. એમને બોલતા સાંભળતી વખતે ઘણી વાર લાગતું કે બોલવાથી એમને પોતાને પણ એક જાતનો આનંદદાયક કેફ ચડતો હોવો જોઈએ. 'વક્તા તરીકે તમને વધારે ફાવે છે કે લેખક તરીકે' એવા પ્રશ્નના જવાબમાં જ્યોતીન્દ્રભાઈએ એક વાર કહેલું : "વક્તા તરીકે, કારણ કે લખવા કરતાં બોલવાનું હું પાંચસાત વર્ષ વહેલો શીખ્યો હતો. તે પછી પણ લખવા કરતાં બોલવાનો અભ્યાસ મેં વધારે રાખ્યો છે, એટલે બોલવાના કામમાં સહેજે વધારે સફળતા મળી શકે છે. ઉપરાંત બોલતી વેળા મને શ્રમ પડે છે, તો શ્રોતાઓને સાંભળવાનો શ્રમ પડે છે એ હું નજરે જોઈ શકું છું, અને આ કાર્યથી હું એકલો જ હેરાન થતો નથી એવો સંતોષ અનુભવી શકું છું. લખતી વેળા મને મહેનત પડે છે પણ એ લખેલું વાંચવાની કોઈ મહેનત લેશે કે નહીં તેની મને ખબર પડતી નથી. છોકરીને 'સાપનો ભારો' ગણવામાં આવે છે, કારણ કે તેને સાચવવી પડે છે તથા સારો વર શોધી કાઢીને એને પરણાવવી પડે છે ને તે પછી જમાઈની મરજી સાચવવા કંઈ કંઈ મહેનત કરવી પડે છે. છોકરા માટે તેવું કશું હોતું નથી. તે જ પ્રમાણે બોલવાના કાર્યને છોકરા સાથે ને લખવાની ક્રિયાને છોકરી સાથે સરખાવી શકાય. ભાષણ કર્યા પછી મને કોઈ ચિંતા રહેતી નથી, એ પતી ગયું એટલે બસ."

જ્યોતીન્દ્રભાઈમાં રહેલી હાજરજવાબીપણાની અદ્‌ભુત શક્તિનો પરિચય તેમનાં વક્તવ્યોમાં હંમેશ થતો. તેઓ પ્રવચન કરતા હોય કે પછી મુશાયરા કે કવિસંમેલનનું સંચાલન કરતા હોય ત્યારે શ્રોતાઓ પર છવાઈ જતા. હાસ્યની ઓથે સાચી અને કડવી વાત કહી દેવાની તેમની સૂઝ અને શક્તિ પણ વારંવાર પ્રગટ થતી. આવા બે-ત્રણ પ્રસંગો યાદ આવે છે. મુંબઈમાં ગોવર્ધનરામ ત્રિપાઠીની જન્મશતાબ્દી ઊજવાઈ ત્યારે પ્રમાણમાં નાનો એવો બ્લેવેટ્સ્કી હૉલ પણ માંડ અડધો ભરાયેલો. એ જોઈને જ્યોતીન્દ્રભાઈએ પોતાના પ્રવચનમાં કહેલું કે "આજે આટલા ઓછા લોકો હાજર છે એનું મને દુઃખ નથી, આટલા પણ હાજર છે એનું દુઃખ છે. કારણ જે મોટી સંખ્યાના લોકો આજે અહીં નથી આવ્યા તે બધા અત્યારે ઘરે બેસીને ગોવર્ધનરામની નવલકથા 'સરસ્વતીચંદ્ર' વાંચતા હશે".

મુંબઈ યુનિવર્સિટીને આશ્રયે પંડિત ઓમકારનાથ ઠાકુરે ભારતીય સંગીત પર પાંચ વ્યાખ્યાન આપેલાં. એક દિવસના વ્યાખ્યાનમાં તેમણે સંગીતની શક્તિ વિષે વાત કરતાં કૉન્વોકેશન હૉલમાં લટકતા તોતિંગ ઝુમ્મરને બતાવીને કહ્યું કે હું જો ફલાણો રાગ બે કલાક સુધી ગાઉં તો આ ઝુમ્મર ડોલવા લાગે. ત્યારે પ્રમુખસ્થાનેથી બોલતાં જ્યોતીન્દ્રભાઈએ પંડિતજીના કદાવર દેહ તરફ નજર ઠેરવીને કહેલું કે 'મને આજે ખબર પડી કે પંડિતજી કરતાં હું વધુ શક્તિશાળી છું. કારણ જે કામ કરતાં પંડિતજીને બે કલાક થાય તે કામ હું અડધી મિનિટમાં કરી શકું તેમ છું. હાથમાં લાકડી લઈને ઝુમ્મરને અડકાડું તો તે તરત ડોલવા લાગે'. પછી તરત તેમણે ઉમેર્યું : 'સંગીતનું ખરું કામ ઝુમ્મરને ડોલાવવાનું નહીં પણ શ્રોતાઓનાં દિલને ડોલાવવાનું છે. તલવારથી દૂધીનું ડીચિયું કાપી તો શકાય, પણ તેમાં તલવારની કે તલવાર વાપરનારની શોભા નથી'. અલબત્ત, ક્યારેક સભામાં કે મુશાયરામાં જ્યોતીન્દ્રભાઈ બીજા વક્તાઓ કે કવિઓને ભોગે પણ શ્રોતાઓને હસાવતા ત્યારે તેમના હાજરજવાબીપણાનો થોડો દુરુપયોગ થતો લાગતો. એક મુશાયરામાં એક કવિએ પઠન શરૂ કર્યું: 'ખુશબો મૂકી જાય, પ્રિયા તવ ખુશબો મૂકી જાય.' બીજી પંક્તિ રજૂ થાય તે પહેલાં તો જ્યોતીન્દ્રભાઈ માઇક પરથી બોલ્યા : 'પ્રિયા વાલ ખાઈને આવી હશે.' બાકીનું કાવ્ય કવિએ માંડ માંડ પૂરું કર્યું.

પણ જ્યોતીન્દ્રભાઈએ હાસ્યનો દુરુપયોગ કર્યો હશે તેના કરતાં ઘણો વધારે દુરુપયોગ મુંબઈ અને ગુજરાતના લોકોએ જ્યોતીન્દ્રભાઈનો કર્યો હતો. નાનામોટા, સાચાખોટા કાર્યક્રમોમાં બાળમંદિરથી માંડીને શોકસભા સુધીના આયોજકો તેમને પોતાના કાર્યક્રમોમાં ઘસડી જતા. એક વાર તો સુરતની એક સંસ્થાએ એક જ કાર્યક્રમમાં જ્યોતીન્દ્રભાઈ અને તેમના ગાઢ મિત્ર ચન્દ્રવદન મહેતા બંનેને, પ્રમુખ તરીકે બોલાવેલા. બંને કાર્યક્રમમાં પહોંચ્યા ત્યારે જ સૌને આ વાતની ખબર પડી. પણ જ્યોતીન્દ્રભાઈ અને ચંદ્રવદને મામલો સાચવી લીધેલો. બે માઇક પરથી બંનેએ વારાફરતી એક એક વાક્ય બોલીને અધ્યક્ષીય પ્રવચન આપેલું! ભલે ગણ્યાગાંઠ્યા, પણ લોકપ્રિય વક્તાઓ આજે પોતાના ભાષણના મોંમાગ્યા દામ મેળવી શકે છે. એ વખતે એવો ચાલ નહોતો અને વળી જ્યોતીન્દ્રભાઈની નિરપેક્ષ વૃત્તિ આયોજકોને ફાવતી આવતી. જોકે આ બધા માટે માત્ર આયોજકોને જ દોષ દેવો યોગ્ય ન ગણાય. જ્યોતીન્દ્રભાઈએ પોતાનો દુરુપયોગ થઈ રહ્યો છે એની પૂરેપૂરી સભાનતા સાથે પણ એવો દુરુપયોગ થવા દીધો હતો. 'ના' પાડવાની પોતાની અશક્તિનો જ્યોતીન્દ્રભાઈએ ઘણી વાર એકરાર પણ કર્યો છે પણ આ અશક્તિ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન તેમણે ભાગ્યે જ કર્યો હશે.

આટઆટલું લખ્યું હોવા છતાં પોતાનાં લખાણો પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા જ્યોતીન્દ્રભાઈના મનમાં રહેતી. તેમણે કહેલું : 'કેદખાનામાં પુરાયેલી વ્યક્તિ બારી કે બાકોરામાંથી એકાદ ચિઠ્ઠી લખીને બહાર ફેંકી દે – જે કોઈના હાથમાં આવશે તે એ વાંચશે એવા ઉદ્દેશથી – તે જ પ્રમાણે પહેલાં તો હું લખી નાખું છું, ને પછી જેની માગણીને લીધે એ લખ્યું હોય તેને પ્રસિદ્ધિ માટે આપી દઉં છું. એ પછી જેના હાથમાં એ લખાણ આવી ચઢે તે વાંચે – અથવા ઘણુંખરું ન વાંચે – પણ એ કોણ વાંચે છે તેની મને હંમેશ ખબર પડતી નથી. એટલું જાણું છું કે દુનિયામાં કે હિન્દુસ્તાનમાં જ નહીં, પણ ખુદ ગુજરાતમાં પણ મારાં લખાણો વાંચનારા કરતાં ન વાંચનારાની સંખ્યા ઘણી જ

મોટી છે. એથી આગળ વધીને કહું તો મારા કુટુંબમાં પણ મારાં લખાણ ન વાંચનારાઓની સંખ્યા, વાંચનારા કરતાં મોટી છે. મારું પોતાનું નામ પણ પહેલા વર્ગમાં આવે છે.'

હાસ્ય એ ઘણી ગંભીર બાબત છે એ વાતની પ્રતીતિ જ્યોતીન્દ્રભાઈએ ગુજરાતી સાહિત્યમાં પહેલી વાર કરાવી. જ્યોતીન્દ્રભાઈ લગભગ આખી જિંદગી તબિયતે નાદુરસ્ત રહ્યા છતાં તેમનું સાહિત્ય તો તંદુરસ્ત રહ્યું છે. કટાક્ષ કે ઉપહાસનાં હથિયાર તેમના ભાથામાં ભાગ્યે જ જોવા મળે છે. શુદ્ધ, નિર્મળ, નિર્ડંખ અને નિર્દોષ પરિહાસને કારણે તેમને હાસ્યના અદ્વિતીય લેખક તરીકે પ્રસિદ્ધિ પણ મળી અને પ્રતિષ્ઠા પણ મળી. પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા બંને એકસાથે બહુ ઓછા લેખકોને મળતી હોય છે. જ્યોતીન્દ્રભાઈએ ટુચકા, પ્રતિકૃતિ, શ્લેષ, વ્યંગ, વક્રોક્તિ, શબ્દરમત, વ્યાજોક્તિ વગેરે હાસ્યનાં તમામ ઓજારો વાપરીને ઉત્તમ હાસ્યનું નિર્માણ કર્યું છે. એક વિવેચકે કહ્યું છે કે 'હાસ્યનિષ્પત્તિ કરવાની જો સો યુક્તિઓ હોય તો પ્રેમાનંદને એકસો એકની ખબર છે.' વિનોદ ભટ્ટે કહ્યું છે તેમ 'પ્રેમાનંદ માટે આ વિધાન સો ટકા સાચું હોય તો જ્યોતીન્દ્રભાઈ માટે એકસો ને એક ટકા સાચું છે.' તો ગુજરાતી સાહિત્યમાંના હાસ્યકાર જ્યોતીન્દ્રભાઈના સ્થાન વિષે હાસ્યલેખક ચિનુભાઈ પટવા 'ફિલસૂફ' કહે છે : "ગુજરાતી હાસ્યસાહિત્યમાં એમની કક્ષા એટલી ઊંચી છે કે તેમના પછી નંબર નાખવાના હોય તો વચમાં નવ આંકડા ખાલી મૂકી અગિયારમા નામથી હાસ્યલેખકની ગણતરી શરૂ કરવી પડે."

૧૯૮૦ના સપ્ટેમ્બરની ૧૧મીએ જ્યોતીન્દ્રભાઈનું અવસાન થયું તે પછીનાં વર્ષોમાં આપણે ત્યાં બોલાતા તેમ જ લખાતા શબ્દના પ્રચાર-પ્રસારની તકો અનેકગણી વધી છે. દૈનિકો-સામાહિકોની કૉલમોને કારણે હાસ્યરસિક લેખો-નિબંધો લખનારાંઓની સંખ્યા આજે ઘણી મોટી થઈ છે. ટૂંકી વાર્તાના લેખકો અંગે મેક્સિમ ગોર્કીએ કહેલું કે બધા વાર્તાકારો ગોગોલના 'ઓવરકોટ'માંથી ટપકી પડ્યા છે. ('ઓવરકોટ' એ ગોગોલની એક પ્રખ્યાત વાર્તાનું નામ છે.) જ્યોતીન્દ્રભાઈ ઓવરકોટ તો નહિ, પણ જાહેરમાં હંમેશાં 'લૉંગ કોટ' પહેરતા. એટલે તેમના અનુગામી હાસ્યલેખકો માટે આપણે કહી શકીએ કે એ બધા જ્યોતીન્દ્રભાઈના લૉંગ કોટમાંથી ટપકી પડ્યા છે. ગુજરાતી ભાષાના સર્વકાલીન હાસ્યકારોનો એક ગ્રૂપફોટો પાડવાનો હોય તો તેમાં લૉંગ કોટ પહેરીને બેસવાનું માન એક માત્ર જ્યોતીન્દ્રભાઈને જ મળે. બાકીના બધા હાસ્યકારોમાંથી કોઈએ હાફ કોટ, કોઈએ કફની-લેંઘો, અને થોડાકે તો હાફ પૅન્ટ પહેરીને, તેમનાથી થોડે દૂર ઊભા રહેવું પડે.

■

આમ મેં જુદા જુદા સંપ્રદાયોનું ઓછુંવત્તું જ્ઞાન મેળવ્યું. આત્મનિરીક્ષણ વધ્યું. જે વાંચવું ને પસંદ કરવું તેનો અમલ કરવો એ ટેવ દૃઢ થઈ, તેથી હિંદુ ધર્મમાં સૂચવેલી પ્રાણાયામ વિષેની કેટલીક ક્રિયાઓ, જેવી હું પુસ્તકમાંથી સમજી શક્યો તેવી, મેં શરૂ કરી. પણ મારો મેળ ન જામ્યો. હું તેમાં આગળ ન વધી શક્યો. હિંદુસ્તાન પાછો જાઉં ત્યારે તેનો અભ્યાસ કોઈ શિક્ષકની દેખરેખ નીચે કરવાનો ઇરાદો રાખ્યો. તે કદી પાર ન પડી શક્યો.

ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોનું વાચન વધારી મૂક્યું. તેનું 'ગૉસ્પેલ્સ ઇન બ્રીફ' (નવા કરારનો સાર), 'વૉટ ટુ ડુ' (ત્યારે શું કરીશું?) વગેરે પુસ્તકોએ મારા મન ઉપર ઊંડી છાપ પાડી. વિશ્વપ્રેમ મનુષ્યને ક્યાં લગી લઈ જઈ શકે છે એ હું વધારે ને વધારે સમજવા લાગ્યો.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

સિદ્ધ પિતાના પ્રસિદ્ધ પુત્ર

તુષાર શુક્લ



ગૌરાંગભાઈની ષષ્ટિપૂર્તિની ઉજવણી સમયે એમના પરિચયમાં આ વાક્ય કહેલું.

આમ તો એમનો પરિચય આપવાની જરૂર ન હોય તોપણ એમનું જીવન – સંગીતકાર અવિનાશ વ્યાસના પુત્ર – અને એમનું કવન – પાંચ દાયકાથી વધુ સમયના પટ પર એમના સ્વરાક્ષર–નો પરિચય ટૂંકમાં આપવો હોય તો આ વાક્ય યોગ્ય લાગ્યું. અવિનાશ વ્યાસ જાણીતા ગીતકાર, સંગીતકાર અને ગાયક (ગ્રામોફોન રેકૉર્ડ પર એમના અવાજમાં ગીત છે.) પણ ખરા. એ અર્થમાં એ વાગ્યેયકાર. એમણે કેવળ ગુજરાતી (અને હિંદી) ફિલ્મો માટે જ કામ નથી કર્યું. એમણે ગેરફિલ્મી ગીતો આપ્યાં, સંગીતિકા / નૃત્યનાટિકાઓ આપી. ગરબા અને ભક્તિરચનાઓ આપી. એમની સર્જકતાએ ગુજરાતી ગીત–સંગીતને સમૃદ્ધ કર્યું. એ યોગદાનને અનુલક્ષીને ભારત સરકારે એમને પદ્મશ્રીથી સન્માનિત કર્યા. ગુજરાતી ફિલ્મક્ષેત્રે જેટલી ફિલ્મો માટે શ્રેષ્ઠ સંગીતકારના ઍવૉર્ડથી નવાજવામાં આવ્યા.

વાચક, તમને એમ થાય કે વાત ગૌરાંગ વ્યાસને અંજલિ રૂપે કરવાની છે ત્યારે એમના પિતાનો આ પરિચય શા માટે? પણ એ જરૂરી છે કે જેથી કેવા વટવૃક્ષની છાયામાં ઊગીને એમને ગૌરવ થાય એવી ઓળખ રચવી એ કેટલું પડકારજનક હશે એની સ્પષ્ટતા રહે. સફળ પિતાના પુત્ર હોવું અને પિતાના જ ક્ષેત્રમાં કાર્યરત હોવું એ યોગાનુયોગ વિશે એક માન્યતા એવી હોય છે કે પુત્રને તો "તૈયાર ભાણે" બેસવાનું મળ્યું! અંગ્રેજીમાં જે Nepotism શબ્દ હવે વારંવાર આંખે ને કાને ચડે છે એ કહે છે કે આવા પુત્રને સંઘર્ષ કરવો નથી પડતો, સ્પર્ધા સહન કરવી નથી પડતી. પિતાની પ્રતિષ્ઠાનો જાદૂઈ સ્પર્શ બંધ તાળાં ખોલતો જાય ને પુત્ર કોઈ વ્યવધાન વગર આગળ વધતો જાય. આવું માનનારા પાસે એનાં કારણો હોય છે ને કેટલાંક સાચાં પણ હોય છે. પણ કલાના ક્ષેત્રમાં આવું લાંબું ચાલતું નથી. ટેકાથી સરકાર ચાલે પણ કલાકાર ન ચાલે. ભલામણચિઠ્ઠી કદાચ મંચ સુધી પહોંચાડે પણ અહીંથી આગળની સફર તો માત્ર ને માત્ર સ્વપ્રતિભાના બળે જ ખેડવી પડે. સ્વયંભૂ દાદ અને થાળી ફેરવીને ઉઘરાવેલી દાદનો ફેર એ કલાકાર તો જાણે જ. આવો પરપોટો ફૂટી જાય.

પ્રતિભાશાળી અને સફળ પિતાના પુત્ર હોવાનો એક બીજો ગેરલાભ પણ છે અને એ છે પુત્ર પાસેથી રખાતી અપેક્ષા. આપણે ત્યાં "મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે" કે "બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા" જેવાં અવલોકન પ્રચલિત છે. એ અપેક્ષા પુત્ર માટે પ્રોત્સાહક પણ બને અને પડકાર પણ. કેટલીક વાર એનું ભારણ પુત્રની મૌલિકતાને વિકસવા ન દે. ઊગતાં જ મૂરઝાઈ જવાય એમ બને.

આ વાત વિગતે એટલે કરી કે આ પૂર્વભૂમિકા સાથે ગૌરાંગ વ્યાસની સફરનો મહિમા વધારે સ્પષ્ટ થશે. પિતા અવિનાશ વ્યાસના જ કાર્યક્ષેત્રમાં પુત્ર ગૌરાંગ વ્યાસે પોતાની સજ્જતાથી પોતાની ઓળખ સિદ્ધ કરી. પિતા સિદ્ધ હતા, પુત્ર એ જ ક્ષેત્રે પોતાની સૂઝસમજને કારણે પ્ર - વિશેષ - સિદ્ધ સાબિત થયા.

નાનકડા ગૌરાંગ વ્યાસે પાંચ જ વર્ષની ઉંમરે સંકોચ સાથે પિતા સમક્ષ હાર્મોનિયમ પર "વૈષ્ણવજન તો.." ધૂન વગાડી ત્યારે પિતા સાનંદ આશ્ચર્ય પામ્યા અને મનોમન હરખાયા પણ. પિતાની પ્રસન્નતાના આશિષ પુત્રની આંગળી પકડીને જીવનભર પેટી પર દોડતા રહ્યા. તમે જો એમને અવિનાશભાઈનાં ગીત "હુતુતુતુતુ..." રજૂ કરતી વખતે "પેટી" વગાડતા જોયા / સંભળ્યા હોય તો ખાતરી થાય કે પિતાના આશીર્વાદે પુત્રની આંગળી કદી છોડી નહીં.

ગૌરાંગભાઈનો જન્મ અમદાવાદમાં ૨૪ નવેમ્બર, ૧૯૩૮ના રોજ ખાડિયામાં માતા વસુમતીબહેનના ખોળે થયો. માતા પણ બહુ જ મધુર ગાતાં. (અવિનાશભાઈનાં સ્વરાંકનની પહેલી ઓળખ વસુમતીબહેને ગાયેલા ગીત "મારી વેણીમાં ચાર ચાર ફૂલ"થી મળી.)

ગૌરાંગભાઈની શૈક્ષણિક કારકિર્દી જોઈએ તો એમણે મુંબઈની પોદાર હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લીધું અને ત્યારબાદ અમદાવાદની એન્જિનિયરિંગ કૉલેજમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા લીધો. વ્યાવસાયિક કારકિર્દી મુંબઈની ખંડેલવાલ એન્જિનિયરિંગ કંપનીથી શરૂ કરી. પણ એમનું મન એમને સંગીતક્ષેત્રે લઈ આવ્યું. આરંભમાં એ અવિનાશભાઈના સહાયક રહ્યા. એ પિતાને "ભઈ" કહેતા. ભાઈનાં ગીત-સંગીત સાંભળીને એ ઘડાયા. ગીતોના "સીટિંગ" સમયે પોતે ઢોલક વગાડતા. તાલ - સૂઝ એમની વિશેષતા રહી. એમનાં સ્વરાંકનોમાં આપણે એનો અનુભવ કરીએ છીએ. તમને જાણીને આનંદ થશે કે હિંદી ફિલ્મસંગીતના ક્ષેત્રે પણ એક ઠેકો GV (ગૌરાંગ વ્યાસ) ઠેકો તરીકે ઓળખાય છે. એક મુલાકાતમાં જાણીતા સંગીતકાર શ્રવણે આ જણાવ્યું હતું. (એક સમયે એ ગૌરાંગભાઈ સાથે "સીટિંગ" સમયે ઢોલક સંગત કરતા)

ગુજરાતી ચલચિત્ર 'લીલુડી ધરતી'માં પુરુષોત્તમ ઉપાધ્યાય સાથે તેઓ જોડાયા અને શ્રેષ્ઠ સંગીતકારનો સહિયારો ઍવૉર્ડ તેમણે મેળવ્યો હતો. આ પછી 'ઉપર ગગન વિશાળ'માં પણ તેમનું સહિયારું સંગીત હતું, જે વખણાયું. પિતાની સાથે 'જેસલ તોરલ'માં સહાયક તરીકે સંગીત આપ્યું, જેને લોકપ્રિયતા મળી હતી.

અવિનાશભાઈના એ સક્રિયતાના સુવર્ણકાળમાં એમણે ખુલ્લા કાન અને મોકળા મને જે અનુભવ લીધો એનો સ્વતંત્ર ઉપયોગ કરવાની તક મળી ફિલ્મ "લાખો ફુલાણી" સમયે. વર્ષ હતું ૧૯૭૬. ફિલ્મ નિર્માતાએ અવિનાશભાઈને કહ્યું કે અમે એક ફિલ્મ

બનાવી રહ્યા છીએ જેમાં સંગીતકાર તમે નહીં, તમારા દીકરાને લેવા માંગીએ છીએ. પિતાનું હૈયું હરખાયું અને એ ફિલ્મમાં ગીત પિતાએ લખ્યાં ને સંગીત પુત્રે આપ્યું.

આ ફિલ્મમાં પહેલી વાર સુખ્યાત પાર્શ્વગાયક કિશોર કુમારના અવાજમાં ગૌરાંગભાઈએ ગુજરાતી ગીત ગવરાવ્યું. પાર્શ્વગાયક પ્રફુલ્લ દવેને આ ફિલ્મમાં પ્રથમ વાર તેમણે તક આપી 'મણિયારો તે હલુ હલુ થઈ રે વીયો....' ગીત ગવડાવ્યું. હિન્દી ફિલ્મજગતના મશહૂર પાર્શ્વગાયકો આશા ભોંસલે, સુમન કલ્યાણપુર, મહેન્દ્ર કપૂર, પ્રીતિ સાગર, ભૂપેન્દરસિંઘ વગેરેના કંઠનો ગુજરાતી ચલચિત્રોમાં ઉપયોગ કર્યો. 'પારકી થાપણ'નું કન્યાવિદાય-ગીત 'દીકરી તો પારકી થાપણ કહેવાય' પાર્શ્વગાયિકા લતા મંગેશકર પાસેથી ગવડાવ્યું, જેની તરજ એટલી તો સરસ હતી કે લતાજીએ ગાયેલું એ ગીત લોકજીભે ચઢ્યું. ગૌરાંગભાઈ કહેતા કે લતાજી સાંજ પછી રેકૉર્ડિંગ ન કરે, પણ આ ગીત માટે એમણે સવારે જાણીતા સંગીતકારના રેકૉર્ડિંગને મોકૂફ રાખીને સાંજનો સમય આપ્યો ત્યારે સહુને નવાઈ લાગી હતી. ગૌરાંગભાઈ પણ ચિંતિત હતા. પણ લતાજીએ આવીને ગીત ગાયું અને એ ગીતે લોકપ્રિયતાનો ઈતિહાસ રચ્યો. એ ગીતના રેકૉર્ડિંગ વખતે લતાજીને આપવા યોગ્ય માનદેય બાબતે મૂંઝવણ હતી ત્યારે લતાજીએ એમનો અમૂલ્ય સ્વર વિનામૂલ્યે આપીને ગુજરાતી ગીતને ચિરંજીવ બનાવ્યું.

મંગેશકર પરિવાર સાથે એમનો સંબંધ જીવન પર્યંત રહ્યો. આશા ભોંસલેએ અવિનાશભાઈનાં ગીતોને ચિરંજીવ બનાવી દીધાં છે. એ ગૌરાંગભાઈને નાના ભાઈ માનતાં. અને અમદાવાદ આવેલાં ત્યારે ગૌરાંગભાઈના "લેમ્બ્રેટા" સ્કૂટર પર બેસીને ફરેલાં. એમણે ગૌરાંગભાઈને જ્યારે જરૂર પડે ત્યારે નિઃસંકોચ ગાવા બોલાવવાની છૂટ આપેલી.

ગૌરાંગભાઈના સ્વભાવમાં હાસ્ય છલકતું. એ કદી અકળાયેલા, ગુસ્સામાં ન દેખાય. ગીતના સ્વરાંકન અને રેકૉર્ડિંગ સમયે એમની સાથે સરસ સમય વીત્યો છે. ક્યારેક કોઈ કલાકાર જે તે સમયે રજૂઆતમાં અપેક્ષિત પ્રસ્તુતિ ન કરી શકે તોપણ ગૌરાંગભાઈ ન પોતે ચિડાય, ન એને નાસીપાસ થવા દે. સ્ટુડિયોમાં પારદર્શક કાચની એક બાજુ કલાકાર હોય ને સામે રેકૉર્ડિસ્ટ ને ગૌરાંગભાઈ હોય. રજૂઆતની મર્યાદા તરત પારખી લઈ એ કોઈ આગ્રહ ન રાખે, શક્ય હોય તે જરૂરી ફેરફાર પણ કરી દે.

એ શક્ય હોય તો આરંભમાં કવિ અને નિર્માતાને ભેગા કરવાનું ટાળે. કવિઓ "highly inflammable" - અતિ જ્વલનશીલ - ગણાય એટલે not to be loose shunted! નિર્માતાના ગમા-અણગમાને એ પોતે સમજી લે. પછી ગીત તૈયાર થાય ત્યારે એ બંને મળે ને સફળતા ઊજવાય! અલબત્ત કેટલાક નિર્માતા, દિગ્દર્શક સંગીતને સમજનારા પણ હોય. એ પોતે સંગીતકલાના ઉપાસક ન હોય, પણ અનુભવને કારણે ગીત "જામશે" કે કેમ એ જાણી શકે. એક અવલોકન હળવાશથી કહેતા કે એક નિર્માતાએ પોતાનો તર્ક રજૂ કરતાં કહેલું કે જે ગીત સાંભળતાં પગ હલવા માંડે ને એ ગીત લોકોને ગમે! આમ તો આ તર્કને પણ આધાર તો છે. રિધમિક સોંગ લોકોને પસંદ આવે છે એ સાચું પણ છે ને! શ્રોતાનું માથું ડોલાવવાનો આગ્રહ ન રાખવો! એમની આ હાસ્યરસની છાલકમાં અમે ખૂબ ભીંજાયા છીએ. આ અને આવા અનેક કિસ્સા ગૌરાંગભાઈએ આપેલી અનેક મુલાકાતોમાં ધ્વનિમુદ્રિત થઈને સચવાયેલા છે.

એમણે અવિનાશભાઈનાં ગીત સ્વરબદ્ધ કર્યાં છે. એમાં "હે આકાશ, તું અજવાળાનું ઘર" કે ... અને આ ચિરંજીવ રચના - આપણું પોતાનું breathless - એક પાટણ શહેરની નાર પદમણી - કે ભજનનો પરંપરાગત રંગ "હંસલો પીંજરે પુરાણો" કે શાસ્ત્રીય રાગનો ઉપયોગ કરીને "સાંજે ગુંજે રાગ ઘેરો બૈરાગી" વગેરે રચનાઓ સ્વરબદ્ધ કરી એમ અન્ય કવિઓનાં ૫૦૦ જેટલાં ગીત, ગઝલ, ગરબા, ભજન પણ સ્વરબદ્ધ કર્યાં છે. એમાં લોકસંગીતના ઢાળ પણ હોય અને શાસ્ત્રીય સંગીતની છાંટ પણ હોય. આમ છતાં એ રચનાનું "સુગમપણું" સચવાય એ બબત ધ્યાનમાં રાખતા. ગાયક પણ અનાવશ્યક "હરકત" કરે "જગ્યા લે" એ પસંદ ન કરતા. પણ કહેવું હોય તે હસીને કહી દેતા. એક કાર્યક્રમમાં અમે સાથે બેઠેલા. કલાકારે "પંખીડાને આ પિંજરું" એટલી હરકતો લઈને ગાયું કે ગૌરાંગભાઈએ કહ્યું કે આમણે તો પિંજરું આખું હચમચાવી નાંખ્યું! તો વળી એક કલાકારે સ્વરકારની ઉપસ્થિતિમાં "સાંવરિયો" ગીતની રજૂઆતમાં મૌલિકતા દેખાડવાનો અતિરેક કર્યો તો એમણે પૂછ્યું કે આ મારું જ સ્વરાંકન છે?

એમના પિતા અને ગુજરાતી ગીત-સંગીતને ચહેરો આપનાર પિતા અવિનાશ વ્યાસે પોતાની "સંગીત નીતિ"ની જે વ્યાખ્યા આપી છે - સુગમ શબ્દો, સુગમ સ્વર અને સુગમ વિચાર - એને અનુસરીને કામ કર્યું છે. ફિલ્મ માટે તો ગીતકાર situation song લખી આપે, સ્વરાંકન પર પણ લખે, પરંતુ સ્વતંત્ર રચના તો કવિની ઇચ્છા પ્રમાણે લખાયેલી હોય. એમાંથી સ્વરાંકન માટે પસંદ કરતી વખતે પણ આ "નીતિ" ધ્યાનમાં રાખતા.

ગુજરાતી ફિલ્મ માટે એમણે કેટલાંય ગીતો સ્વરાંકિત કર્યાં, એમાં કવિ રમેશ પારેખની ગીત રચના "સાંવરિયો" એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ છે. ફિલ્મ ગીત તરીકે આપણા પ્રશિષ્ટ કવિની ગીત કવિતા લીધી ત્યારે જ એમને જાણ હશે જ કે કવિ પોતાનાં ગીત પોતાને ગમતા ઢાળમાં ગાઈને રજૂ કરે છે. "સાંવરિયો" (ફિલ્મ : નસીબની બલિહારી)નું પણ એવું રૂપ છે જ. પણ ગૌરાંગભાઈએ કવિની ભાવનાનો આદર કરીને પોતાનું સ્વરાંકન સંભળાવ્યું ત્યારે પ્રસન્ન કવિએ પણ એના પર અનુમોદનની મહોર મારી એ ગૌરાંગભાઈની સૂઝ અને સક્ષ્મતાનો પરિચય છે. આજે પણ ગુજરાતી સુગમસંગીતની કોઈ પણ મહેફિલ આ ગીત વગર પૂરી નથી થતી.

તેમણે ૨૦૦૪ સુધીમાં લગભગ ૧૩૫ જેટલી ગુજરાતી ફિલ્મોમાં સંગીત આપ્યું છે. કેતન મહેતા દ્વારા નિર્મિત 'ભવની ભવાઈ'(૧૯૮૧)માં તેમનું સંગીત યાદગાર બની રહ્યું. ફિલ્મની સાથે તેમને પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું સન્માન પ્રાપ્ત થયું. ગુજરાતી ફિલ્મોમાં પ્રયોગશીલ-સંગીતકાર તરીકે તેમને સર્વાધિક કીર્તિ પ્રાપ્ત થઈ હતી. ગુજરાતી ફિલ્મોમાં શ્રેષ્ઠ સંગીત માટેના લગભગ ૧૧ પુરસ્કારો તેમને પ્રાપ્ત થયા હતા. ૨૦૨૨માં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે તેમને ગુજરાતી સંગીતમાં અભૂતપૂર્વ યોગદાન બદલ લાઇફટાઇમ એચીવમેન્ટ ઍવૉર્ડથી સન્માનિત કર્યા હતા. એમણે આંગળી પકડીને મારી પાસે સિનેમાનાં ગીત લખાવ્યાં. એને પારિતોષિક પણ મળ્યાં.

કવિ વિનોદ જોશી કહે છે કે ગીતનો લય એ કવિએ પ્રયોજેલું સંગીત છે અને સ્વરકાર એને ધ્યાનમાં રાખે તો ભાવક સમક્ષ કાવ્યાર્થને ઊઘડવામાં મદદરૂપ થાય.

ગૌરાંગભાઈ પણ રચનાને એના વજન ને વિરામચિહ્ન સાથે વાંચીને સમજવા મથતા. કવિનો પરિચય હોય તો એમને પણ મળે. ક્યાંક રચનામાં જ એનાં સ્વરાંકનની ચાવી મળી જાય. "ના જા ના જા સાજના" માં "ના"ની પુનરુક્તિને જે રીતે બહેલાવાય છે એ વાતાવરણ રચે છે. તો આદિલસાહેબની ગઝલ "દિલમાં કોઈની યાદનાં પગલાં રહી ગયાં" કે "શૂન્યતામાં પાનખર ફરતી"નું સ્વરાંકન સંગીતના જાણકાર ચાહકોની દાદ જીતી જાય છે. કવિ અનિલ જોશીનાં પ્રયોગશીલ ગીત પણ યાદ આવે છે – "સ્હેજ ટીપું અયડું ને હું તો દરિયો થૈ ગૈ", "હું તો ખાલી શકુંતલાની આંગળી" કે "ક્રાઉં, ક્રાંઉં કાગડાથી ખીચોખીચ લીમડામાં કીડીએ ખોંખારો ખાધો, તમને નથી ને કાંઈ વાંધો?" કે અશરફ ડબાવાલાની ગઝલ "સરવૈયાની ઐસી તૈસી" કે પન્ના નાયકના ગીત "હું તો તારી કે પ્રીતમાં પાગલ થઈ ગઈ" – સ્વરાંકન માટે રચનાની પસંદગીની યાદી જુઓ તો તમને ખ્યાલ આવે કે ગૌરાંગભાઈ નવી ગુજરાતી કવિતા સાથે પણ અનુસંધાન ધરાવતા હતા.

એમની સર્જકતાનો પરિચય "શ્રુતિ" વૃંદ દ્વારા "શ્રવણ માધુરી" LPમાં સુપેરે મળે છે. એ જ રીતે "સાગરનું સંગીત", એમની વૃંદગાન તૈયાર કરવાની શક્તિનો પરિચય કરાવે છે. "પરપોટો પાણીમાં મૂંઝાય, ઓ ખલાસી" (કવિ રમેશ પારેખ) સમૂહગીત અને વૃંદગાન વચ્ચેનો ટૅક્નિકલ ફેર જાણનાર એ પ્રયોગશીલતાને દાદ આપ્યા વગર ન રહે.

મારું એક ગીત છે – "ભીંજીએ ભીંજાઈએ વ્હાલમાં વરસાદમાં" એમાં એક પંક્તિ તાલ સાથેની રમતની મદદથી સરસ ખૂલે છે. "ના મજા મોસમની બગડે વ્યર્થના વિખવાદમાં" એમાં "ના મજા મોસમની બગડે"નો cut કમાલ કરે છે. મારું એક રમતિયાળ ગીત "છોકરીની આંખ મહીં ઊડતો ગુલાલ અને છોકરાની આંખ પિચકારી, સામસામે બારીઓમાં બેઠી વસંત, કહ્યું ફૂલોએ આંખ મિચકારી" એમની રિધમ-મસ્તીનું મોજીલું ઉદાહરણ છે.

પિતાની જેમ અંબાજીના અનન્ય ભક્ત ગૌરાંગભાઈ પણ માતાજીની ભક્તિ કરતા. ફિલ્મની સફળતા ખોડિયાર માતાના આશીર્વાદથી મળી એવી એમની દૃઢ શ્રદ્ધા. કેટલાક ગરબા એમનાં સ્વરાંકનમાં ગુંજે છે. એમની અનેક રચનામાં – સ્તુતિ અને ગરબા રૂપે – એ ભાવ અનુભવાય છે. શબ્દો અને સ્વરાંકનની મદદથી એ "દર્શન" શક્ય બને છે. ગરબો શેરીમાંથી મંચ પર આવ્યો ત્યારે ગરબામંડળોની માગણીને અનુલક્ષીને એમણે સ્વરાંકનમાં તાલનાં વૈવિધ્યનો જાદુ દેખાડ્યો છે. ગરબાના શો માતાજીનો ગરબો – દીવા, માંડવડી સાથે શરૂ થાય ને પછી એમાં બેડાં, ટિપ્પણી, રાસ તો આવે જ, પણ બીજીય કેટલીક સામગ્રી સાથે ગરબા આવે – એમાં સૂપડું ને સાંબેલું હોય, મંજીરા ને ખંજરી પણ હોય. આ વૈવિધ્યસભર ગરબાનાં ગીત એમનાં સ્વરાંકનમાં સાર્થક બનતાં.

નૃત્યનાટિકા, ટેલિવિઝન-શ્રેણીઓ અને ભજનસંગીતના ક્ષેત્રમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું. ૧૯૬૧માં અમદાવાદમાં ગુજરાતી સુગમસંગીતના પ્રચાર-પ્રસાર માટે સ્થપાયેલી 'શ્રુતિ' સંસ્થાના તેઓ રાહબર રહ્યા. એચ.એમ.વી.એ તેમના સંગીત-નિર્દેશન હેઠળ 'શ્રવણમાધુરી' અને 'સાગરનું સંગીત' રેકૉર્ડ્ઝ તૈયાર કરી હતી. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળની 'ગીત રે ગીત' શ્રેણીમાં પણ તેમનું સંગીત છે.

પૂર્ણ કદની નૃત્યનાટિકાના કથાપ્રવાહને અનુરૂપ સ્વરાંકન તો એ કરતા જ, પણ રેડિયો અને ટેલિવિઝન પર જાહેરખબરની રજૂઆત શરૂ થઈ ત્યારે સંગીતકાર માટે નવો પડકાર ઊભો થયો. એ હતા જિંગલ. નાનામાં નાનું કદ. જિંગલ હોય ૬૦ સેકન્ડનાં. એમાં જે તે ઉત્પાદનની વાત આવી જાય. એટલું જ નહીં, એને જરૂર પ્રમાણે ૩૦, ૨૦ અને ૧૦ સેકન્ડમાં પણ બદલી શકાય એ પણ જરૂરી. આ સમયે ગૌરાંગભાઈ સાથે કામ કરવાની ખૂબ તક મળી. હું જિંગલ લખું અને એ સ્વરબદ્ધ કરે. આગળ જણાવી એ શરતોનું પાલન કરીને પણ અસરકારક જિંગલ તૈયાર કરવામાં એમને હથોટી. સંગીતને આ રીતે "કાપકૂપ" કરીને પણ એની અસરકારકતા સાચવવામાં એમની સૂઝ વરતાતી.

આપણા આ લોકપ્રિય સંગીતકારે ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ૮૭ વર્ષની વયે ચિર વિદાય લીધી. શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, "તેમણે તેમના પિતા અવિનાશ વ્યાસની સમૃદ્ધ સંગીત પરંપરાને આગળ ધપાવીને ગુજરાતી સંગીતના ક્ષેત્રમાં પોતાના માટે એક અનોખું સ્થાન બનાવ્યું છે." વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, "ગૌરાંગ વ્યાસના નિધનથી ગુજરાત એક પ્રતિભાશાળી સર્જકની ખોટ અનુભવે છે અને ગુજરાતી સંગીતજગતમાં તેમનું અમૂલ્ય યોગદાન હંમેશાં યાદ રહેશે."

એમની સાથે માણેલી સફરની સ્મૃતિઓ હૈયે ઊભરાય છે. આવા સામર્થ્ય, આટલી સફળતા અને એ પછી પણ કેવી સરળતા, સહજતા. જરા સરખો ભાર ન અનુભવવા દે. વાતોમાં હાસ્યની છોળો ઊડે. આજે એ છોળ આંખ ભીંજવે છે.

અવિનાશભાઈની વિદાય પછી એક ગીત લખેલું –

શબદ સુરાહી સૂર છલોછલ
સભર અનલ હક માણ્યો રે
અજબ રસાયણ સૂરશબદનું
રાગવિરાગ સોહાયો રે
હે રસરાજ! તું નાદબ્રહ્મ અવ
ગહન પરમ પમરાયો રે!
અમર સદા અવિનાશ!

ગૌરાંગભાઈએ એને સ્વરબદ્ધ કર્યું છે અને "અમર સદા અવિનાશ" ગીત સંપુટમાં એનો સમાવેશ કર્યો છે. ગૌરાંગભાઈની વિદાયને પણ એક ગીત રૂપે અંજલિ –

ગુજરાતી સંગીતનો ચ્હેરો શોભે છે અવિનાશી
ગૌરાંગે એ કેશકલાપમાં ગૂંથ્યું ફૂલ સુવાસી

આજે સ્વર્ગમાં ગુણીજન સંગે ગાઈ રહ્યા હશે ફાગ એ ગુજરાતે ગુંજ્યો ગગનમાં ગૂર્જર સ્વર ગૌરાંગ સ્વર ગુંજે ગૌરાંગ, ગગનમાં સ્વર ગુંજે ગૌરાંગ.

■

ઇલા આરબ મહેતા [૧૬-૬-૧૯૩૮ થી ૬-૧૦-૨૦૨૬]

મીનલ દવે



વીસમી સદીના સાતમા આઠમા દાયકામાં આધુનિકતાના પ્રભાવથી મુક્ત રહીને ગુજરાતી સાહિત્યમાં પોતાની નોખી કેડી પાડનારાં સર્જકોમાં જેનું નામ આદરથી મૂકી શકાય એવાં ઇલા આરબ મહેતાએ ૬ ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ આપણા વચ્ચેથી વિદાય લીધી. પિતા ગુણવંતરાય આચાર્યના અવસાનને કારણે અધૂરી રહી ગયેલી નવલકથા પૂર્ણ કરવાની જવાબદારી ઇલાબહેનને ભાગે આવેલી. અને એને પરિણામે ગુજરાતી સાહિત્ય જગતમાં એમનો પ્રવેશ થયો. નવલકથા, ટૂંકી વાર્તા, પ્રવાસલેખન, પરિચયપુસ્તિકા લેખન અને સંપાદનના ક્ષેત્રે એમણે ત્રીસ જેટલાં પુસ્તકો આપ્યાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી તથા બીજી અનેક સંસ્થાઓ દ્વારા એમનું સર્જન પુરસ્કૃત તથા સન્માનિત થયું છે. એમની નવલકથા 'વાડ'નો રીટા કોઠારીએ અંગ્રેજી અનુવાદ કર્યો છે. એમની જાણીતી નવલકથા 'બત્રીસ પૂતળીની વેદના' દૂરદર્શન પર સિરિયલ રૂપે ઘણી લોકપ્રિય નીવડેલી.

ઇલા આરબ મહેતાનો જન્મ ૧૬ જૂન, ૧૯૩૮ના રોજ મુંબઈમાં થયેલો. પિતા ગુણવંતરાય આચાર્ય સાહિત્ય ઉપરાંત સિનેમા, પત્રકારત્વ અને પ્રકાશનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. શાળાનું થોડું શિક્ષણ વતન જામનગરમાં લીધેલું. બાળકના ભવિષ્ય માટે અને પોતાના સર્જન માટે ગુણવંતરાયે મુંબઈ સ્થિર થવાનો નિર્ણય કર્યો. પરિણામે ઇલાબહેન તથા નાનાં બહેન વર્ષા અડાલજાને મુંબઈના મોકળા અને કલા-સાહિત્યને પોષતા વાતાવરણનો લાભ મળ્યો. ઘરનું વાતાવરણ અત્યંત ઉદાર. માતા નીલાબહેન એ જમાનામાં તરવાનું શીખેલાં. પિતાએ પુત્રીઓ માટે રંગમંચના દરવાજા પણ ઉઘાડા રાખેલા. પરિણામે બન્ને બહેનો શાળા-કૉલેજના અભ્યાસ દરમિયાન નાટક, નૃત્યનાટિકા, ગરબા વગેરેમાં ભાગ લેતી. ઈ. ૧૯૫૮માં ગુજરાતી વિષય સાથે સ્નાતક અને ઈ. ૧૯૬૦માં અનુસ્નાતક થયાં પછી તેઓ રુઇયા કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયાં. ઈ. ૧૯૭૦થી મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીનું અધ્યાપન શરૂ કર્યું, તે નિવૃત્તિ સુધી ત્યાં જ પ્રવૃત્ત રહ્યાં. મુંબઈમાં જ ડૉ. આરબ મહેતા સાથે લગ્નથી જોડાઈને ઇલા આચાર્ય ઇલા આરબ મહેતા બન્યાં. અને એ રીતે ગુજરાતી સર્જક ધનસુખલાલ મહેતાના પરિવારનાં

સભ્ય બન્યાં. પિતૃપક્ષે અને પતિપક્ષેથી સાહિત્ય તથા જ્ઞાનસાધનાનું વાતાવરણ મળ્યું, જેનો લાભ ગુજરાતી સાહિત્યને મળ્યો છે.

પિતાની અધૂરી નવલકથા પૂર્ણ કર્યા પછી ઈલા આરબ મહેતાએ શરૂઆતમાં રહસ્યમય કથાવસ્તુ ધરાવતી જાસૂસી, હાસ્યપ્રધાન તથા સામાજિક નવલકથાઓ લખેલી. 'થીજેલો આકાર', 'ત્રિકોણની ત્રણ રેખાઓ', 'શબને નામ નથી હોતું' 'આવતી કાલનો સૂરજ', 'વારસદાર', 'એક હતા દીવાન બહાદુર' તેમની પ્રારંભના ગાળાની નોંધપાત્ર નવલકથાઓ છે. ઈ. ૧૯૮૨માં પ્રગટ થયેલ 'બત્રીસ પૂતળીની વેદના'થી ગુજરાતી સાહિત્યજગતને ઈલા આરબ મહેતાની ખરી સર્જકતાનો પરિચય થયો. સમાજમાં સ્ત્રીની સ્થિતિ, એના અધિકારોની થતી અવહેલના, કુટુંબમાં અને બહાર પણ ડગલે ને પગલે ખમવી પડતી અવગણના વગેરે વિશે સભાનતાથી લખાયેલી આ નવલકથા રચનારીતિની દૃષ્ટિએ પણ નોખી ભાત ધરાવે છે. શામળની સિંહાસન બત્રીસીમાં જેમ પૂતળીઓ એક પછી એક વાતો કરતી જાય છે, તે જ રીતે અહીં ગૃહિણી, કળાકાર, નોકરિયાત, ઉદ્યોગપતિની પત્ની, સંતાનવિહોણી નારી, અને નાટ્યલેખિકા પોતાના શોષણનો ચિતાર આપે છે. સ્ત્રીમંડળના ઉત્સવમાં ભજવાઈ રહેલાં નાટકોનાં સ્ત્રીપાત્રો પોતાના પાત્રની બહાર નીકળી જઈને આંતરજગતની ઓળખ આપે છે. નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર નાટકની લેખિકા અનુરાધા પણ એમની સાથે ભળી જઈને સ્ત્રીને સ્ત્રી તરીકે જ ઓળખવાની માગણી કરે છે. ચંદ્રકાન્ત ટોપીવાળા આ નવલકથાને 'ગુજરાતી ભાષાની પહેલી નારીલક્ષી નવલકથા' તરીકે ઓળખાવે છે.

'પાંચ પગલાં પૃથ્વી પર'માં એમણે સ્ત્રીમાં રહેલી સ્વતંત્ર વ્યક્તિને બહાર લાવવાની કોશિશ કરી છે, તો 'વાડ'માં ધર્મની વાડને ઓળંગીને પોતાની અલગ ઓળખ સ્થાપવા મથતી નાયિકાના સંઘર્ષને વણી લીધો છે. સમકાલીન જીવનમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર, સત્તાની સાઠમારી અને ખાડે ગયેલી વ્યવસ્થાની સામે ગાંધીમૂલ્યોથી જીવતો અને જિવાડવા મથતો માણસ એમણે 'વારસદાર' નવલકથામાં ઉપસાવ્યો છે. જ્યારે સામાજિક દૂષણો સામે ઝીંક ઝીલતા આદર્શવાદી અને સંવેદનશીલ તબીબની કથા 'બત્રીસ લક્ષણો'માં આલેખી છે. 'નાગપરીક્ષા' અને 'દરિયાનો માણસ' ખંડિત થતા દાંપત્યજીવનનું ચિત્ર ઊભું કરે છે.

પાછલાં વર્ષોમાં ઈલા આરબ મહેતાએ વળી 'ધ ન્યૂ લાઈફ', સમમાતૃકા અને 'શંબૂકાયણ' વિશિષ્ટ પ્રકારની નવલકથાઓ લખી છે. મહાભારતનાં સાત સ્ત્રીપાત્રોને કેન્દ્રમાં રાખીને લખાયેલ કથા 'સમમાતૃકા'માં પુરાણકથાનું નવું અર્થઘટન જોવા મળે છે. જ્યારે 'શંબૂકાયણ' જગતના પ્રથમ વિદ્રોહી પાત્ર શંબૂકની જીવનકથા આલેખે છે. 'જાણું છું ધર્મ પણ' જ્યેષ્ઠ પાંડવ યુધિષ્ઠિરના મનોજગતનું નિરૂપણ કરતી નવલકથા છે. ઈલાબહેનની 'ધ ન્યૂ લાઈફ' વિદેશમાં વસતા ભારતીયોના સંઘર્ષની સમાંતરે આપ ઓળખ માટે મથતી લોપાની નવલકથા છે. હજારો કોડભરી કન્યાઓની જેમ આંખોમાં સપનાં ભરીને પતિગૃહે બ્રિટન આવેલી લોપાને ખબર પડે છે કે પતિ તો કોઈ ગોરી કન્યા સાથે રહે છે અને લોપાની સંઘર્ષયાત્રા આરંભાય છે. અનેક પાત્રો ધરાવતી આ નવલકથા ઈદી અમીનના સિતમથી યુગાન્ડા છોડીને બ્રિટનમાં વસેલા ગુજરાતીઓના પુરુષાર્થની ગાથા પણ છે. સાથે સાથે પરદેશમાં ગુજરાતી અસ્મિતા, ભારતીયતા જાળવવા મથતી વયસ્ક પેઢી અને ત્યાં જ જન્મીને મોટી થઈ રહેલી યુવા પેઢીના ઘર્ષણનું પણ ચિત્ર આપે છે.

જન્મભૂમિ- પ્રવાસીમાં હપતાવાર પ્રકાશિત થતી હતી ત્યારે જ આ નવલકથાએ વાચકોના મનમાં પોતાનું સ્થાન અંકિત કરી દીધું હતું.

ઇલાબહેનની નવલકથાઓ માનવમનની અનેકવિધ ઓળખાણ કરાવવાની સાથે નારી સંવેદના અને સંઘર્ષને કુશળતાથી રજૂ કરે છે. તેમણે રચનારીતિના અવનવા પ્રયોગોને સ્થાને સરળ રીતે વાત ગૂંથી લેવાની ફાવટ છે, જેથી વાચકનો વાર્તારસ જળવાઈ રહે છે. ટૂંકી વાર્તામાં ઇલાબહેનનું નારીવાદી માનસ સતત સક્રિય રહ્યું છે. પ્રથમ વાર્તાસંગ્રહ 'એક સિગારેટ, એક ધૂપસળી'માં વાર્તાઓ અને ઘસાઈ છૂટતી નારીને કેન્દ્રમાં રાખીને લખાઈ છે. જ્યારે પાશ્ચાત્ય રંગે રંગાયેલાં અને એવાં બનવા મથતાં પાત્રો 'વિયેના વુડ્ઝ'ની વાર્તાઓમાં જોવા મળે છે, પરંતુ ત્યાં પણ નારી સંવેદનાની થોડી વાર્તાઓ મળે જ છે. સ્ત્રીની થતી પજવણી અને એના સબળ પ્રતિકારની વાર્તાઓ 'બળવો, બળવી, બળવું'માં પ્રગટ થઈ છે. 'ભાગ્યરેખા'માં નારી સંવેદનાની વાર્તાઓ ઉપરાંત સમકાલીન જીવનનાં ચિત્રો પણ મળે છે. વર્તમાન ટૅક્નૉલૉજી, મલ્ટિમીડિયા, કમ્પ્યૂટર વગેરેથી પ્રભાવિત જીવનની કથા 'યોમ કિપૂર'માં મળે છે, તો 'કાળી પરજ' સંગ્રહમાં જાતિગત શોષણની સાથે પરીકથા જેમ નવતર ઢબે લખાયેલી વાર્તાઓ છે. આ સંગ્રહમાં એમણે મુખ્યત્વે ઘરમાં અને ઘરની બહાર અનેક આપત્તિઓનો ભોગ બનતી, સહી લેતી અને પછી સામે અવાજ ઉઠાવતી સ્ત્રીઓની અનેક છબિઓ આલેખી છે.

'માઈલોના માઈલો મારી અંદર' જેવું પ્રવાસવર્ણન તથા 'મૃત્યુ નામે પરપોટા મરે' અને 'વર્ષા અડાલજાની' વાર્તાઓ અને અકળ તત્ત્વની ઝાંખી કરાવતા લેખોનું સંપાદન 'અનુભૂતિવિશ્વ'(સહસંપાદન – સંધ્યા ભટ્ટ) પણ એમની પાસેથી મળે છે. પરિચય પુસ્તિકા શ્રેણીમાં 'આના કેરેનીના' અને 'પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડાઇસ' નામની બે પુસ્તિકાઓ પણ એમણે લખી છે.

સહજ અને સરળ વ્યક્તિત્વ ધરાવતાં, ઓછાબોલાં ઇલા આરબ મહેતાનું કથાસાહિત્ય એમની ગેરહાજરીમાં પણ સતત જીવંત રહેશે, એવો વિશ્વાસ છે.

■

આમ જો હું કોમી સેવામાં ઓતપ્રોત થઈ ગયો હતો તો તેનું કારણ આત્મદર્શનની અભિલાષા હતું. ઈશ્વરની ઓળખ સેવાથી જ થશે એમ ધારી સેવાધર્મનો સ્વીકાર કર્યો હતો. હિંદની સેવા કરતો હતો, કેમ કે તે સેવા મને સહજપ્રાપ્ત હતી, તે મને આવડતી હતી. તેને મારે શોધવા નહોતું જવું પડ્યું. હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં-આત્મદર્શનના પ્રયત્નમાં. ખ્રિસ્તી ભાઈઓએ મારી જિજ્ઞાસા બહુ તીવ્ર કરી મૂકી હતી. તે કેમે શમે તેમ ન હતી; ન ખ્રિસ્તી ભાઈબહેનો, હું શાંત થવા માગું તોયે, થવા દે તેમ હતું; કેમ કે ડરબનમાં મિ. સ્પેન્સર વૉલ્ટન, જે દક્ષિણ આફ્રિકાના મિશનના મુખી હતા, તેમણે મને ખોળી કાઢ્યો. તેમના ઘરમાં હું કુટુંબી જેવો થઈ પડ્યો. આ સંબંધનું મૂળ પ્રિટોરિયામાં થયેલા સમાગમ હતા. મિ. વૉલ્ટનની શૈલી કંઈક જુદા પ્રકારની હતી. તેમણે મને ખ્રિસ્તી થવા નોતર્યો હોય એવું યાદ નથી. પણ પોતાના જીવનને તેમણે મારી આગળ મૂકી દીધું ને પોતાની પ્રવૃત્તિઓ મને જોવા દીધી. તેમની ધર્મપત્ની અતિ નમ્ર પણ તેજસ્વી બાઈ હતી.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

ફિલ્મવિમર્શ : હોમબાઉન્ડ

અઝીઝ છરેચા



પ્રેમ અને પરિવારવિષયક પરંપરાગત ધારણાઓથી લઈને જાતિ-વિરોધી ચેતના, સ્ત્રીમુક્તિ, શ્રમિક સંઘર્ષ, ખેડૂત આંદોલનો અને સમલૈંગિકતા સુધી હિંદી ફિલ્મો સમયાંતરે અનેક વિષયો પર બની છે અને બનતી આવે છે. પરંતુ આ વિષયો પરત્વે અભિવ્યક્તિનો સ્વર ઘણી વખત સમાજની અંદર રહેલા સત્તા-સંબંધોથી નિયંત્રિત થયેલો હોય છે. મુખ્યત્વે ફિલ્મો સામાન્ય રીતે એવી વાર્તાઓ પર જ બનતી હોય છે, જે વિશાળ પ્રજાસમૂહને કેન્દ્રમાં રાખીને તેમને અનુકૂળ હોય. હાંસિયામાં રહેલા જણની પીડાને તો ઘણી વાર રંગદર્શી અને મુગ્ધ રીતે જ બતાવવામાં આવે છે અથવા તેનો ઉપહાસ કરવામાં આવે છે. પરંતુ કેટલાક ફિલ્મકારો આવા ચોખઠાથી બહાર જઈને જે વાસ્તવિકતા નથી દેખાતી તે બતાવે છે અને વૈકલ્પિક દૃષ્ટિથી જોવાની તક આપે છે.

આ જ પરિપ્રેક્ષ્યમાં નિર્દેશક નીરજ ઘેવાનની ફિલ્મ 'હોમબાઉન્ડ' આવે છે. આ ફિલ્મ વાસ્તવવાદી સિનેમાનું સશક્ત ઉદાહરણ છે, જે સમાજની કઠોર વાસ્તવિકતાને ચળકાટમાં ઢાંકી દેતી નથી, પરંતુ સીધી દર્શકો સામે મૂકે છે. ફિલ્મ જ્ઞાતિ અને ધર્મ આધારિત ભેદભાવ, બેરોજગારીની ત્રાસદી, સબૉલ્ટર્ન સમુદાયોના સંઘર્ષ અને મહામારી દરમ્યાનના વિસ્થાપનને એવી રીતે રજૂ કરે છે કે દર્શક પોતે તેને અનુભવવા લાગે છે. ફિલ્મની રચના સરળ છે, અને એ જ એની મોટી વિશેષતા છે.

અહીં બે મિત્રો શોયબ અને ચંદનની વાત છે. બંને ભારતના નાના કસ્બાઓમાંથી આવે છે, જ્યાં આજે પણ શિક્ષણ અને સરકારી નોકરીને સામાજિક માન-સન્માનનું અંતિમ પગથિયું માનવામાં આવે છે. બંનેના પરિવારો આર્થિક રીતે નબળા છે અને સામાજિક રીતે હાંસિયા પર રહેલા છે. તેઓ પોતાની ઓળખના ભારને સાથે લઈ સતત સંઘર્ષ કરે છે અને સારા જીવનની શોધમાં ભટકે છે. તેમની મિત્રતા પરિસ્થિતિઓ વચ્ચે ખેંચાતી અને તૂટતી રહે છે, પણ પરિસ્થિતિઓ જ તેને પાછું સંભાળી લે છે.

ભારતીય યુવાવર્ગની મોટી હકીકત અહીં રજૂ કરાઈ છે, લાખો યુવા વર્ષો સુધી સરકારી નોકરી માટે તૈયારી કરે છે, પરીક્ષા આપે છે, પરંતુ ભરતી ન આવે, નાની

સંખ્યામાં આવે છે અથવા વર્ષો સુધી અટકેલી રહે છે. આ માત્ર આંકડાનો પ્રશ્ન નથી, પરંતુ યુવાનોના જીવનની વરવી વાસ્તવિકતા છે. જે ફિલ્મમાં દર્શાવવાની કોશિશ થઈ છે.

ફિલ્મમાં આવતા રેલવેસ્ટેશન પર પોલીસ ભરતી માટે ઊમટી પડેલી ભીડનું દૃશ્ય તણાવ અને બેરોજગારીનું કડવું સત્યાંશ દર્શાવે છે. હજારો યુવાઓ શોયબ અને ચંદનની જેમ પરીક્ષા આપવા આવ્યા છે. આ ભીડ માત્ર પરીક્ષા નહીં, પરંતુ તૂટેલાં સપનાંઓનું પ્રતીક બને છે. ઉદાહરણ તરીકે, ઉત્તરપ્રદેશમાં જુનિયર હાઈસ્કૂલ ભરતી પરિણામ ચાર વર્ષથી અટકેલાં છે—આ માત્ર એક રાજ્ય નહીં, સંપૂર્ણ દેશનાં અનેક રાજ્યોની વાસ્તવિકતા છે.

શોયબનો ખેડૂત પરિવાર છે; પિતાના ઘૂંટણની બીમારી માટે તે લોન લઈને ઑપરેશન કરાવે છે. ચંદનનો શ્રમિક મજૂર પરિવાર છે; તેની મા અને બહેન પણ મજૂરી કરે છે. ચંદન પોતાની પહેલી કમાણીથી મા માટે સૅન્ડલ લાવે છે; પણ ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હોય છે.

ફિલ્મ મિત્રતાની અંદરના ઊંડા સંઘર્ષને પણ સારી રીતે દર્શાવે છે. પરીક્ષામાં ચંદન પસંદ થાય છે, પણ શોયબ નિષ્ફળ રહે છે અને નિરાશામાં ડૂબી જાય છે. ઘર્ષણ અને ઈર્ષ્યા મિત્રતામાં તિરાડ પેદા કરે છે. શોયબનું વાક્ય "तू तो फॉर्म भी नहीं भर रहा था। मैंने भरा तेरा फॉर्म" એ માત્ર વ્યક્તિગત ભાવનાઓ નહિ, પણ સામાજિક વાસ્તવિકતાનું પ્રતિબિંબ છે, જ્યાં મર્યાદિત તકો યુવાનોને પરસ્પર એકબીજાના વિરોધી બનાવી દે છે.

'સ્વ'ની ઓળખ ફિલ્મનો મુખ્ય વિષય છે. શોયબ મુસ્લિમ છે અને ચંદન દલિત; બંને પોતાની ઓળખના ભાર વચ્ચે જીવે છે. ગલીમાં રમાતી ક્રિકેટમાં શોયબને કહેવામાં આવે છે—"अपने लोगों के साथ खेल" આ માત્ર એક વાક્ય નહીં, પણ અલ્પસંખ્યકોને સતત હાંસિયામાં ધકેલવાનું પ્રતીક રૂપ બની જાય છે. આર.ઓ. કંપનીમાં હિંદુ ઉચ્ચ જ્ઞાતિના કર્મચારી શોયબ પાસેથી ચા નથી મંગાવતા અને આધારકાર્ડ માંગે છે—આ ભેદભાવની નાની પણ ગંભીર છબી છે. ભારત-પાકિસ્તાન મૅચ વખતે એ કર્મચારી કહે છે—"अरे यह क्यों खुश होगा? इसके वाले तो हार गए" આ વાક્ય ભારતમાં રહેતા મુસ્લિમો પ્રત્યેના લોકોના ઊંડા પૂર્વગ્રહોને પ્રગટ કરે છે.

અહીં મિશેલ ફૂકોનો "જ્ઞાન અને શક્તિ"નો સિદ્ધાંત લાગુ પડે છેઃ ફૂકોના મતે શક્તિ માત્ર રાજનૈતિક સંસ્થાઓ કે પોલીસ, સૈન્યો વગેરે પાસે જ નથી હોતી પણ તે જ્ઞાન વ્યવસ્થામાંથી પણ રચાય છે. જ્યારે સમાજ કોઈ સમૂહ માટે ખતરનાક, અવિશ્વાસુ કે જ્ઞાતિ બહારના એવી સમજ ઊભી કરી દે છે ત્યારે આ સમજ જ એક શક્તિના રૂપમાં ઉપર આવવાની કોશિશ કારે છે. શોયબ સાથે થયેલું અપમાન બતાવે છે કે સમાજે એક સમજ ઊભી કરી લીધી છે કે મુસ્લિમો વિશ્વાસને લાયક નથી. તો ચંદનની વાત એથી વધારે ગંભીર છે તે જ્ઞાતિને કારણે સતત આત્મગ્લાનિમાં જીવે છે. અહીં ભરતી બોર્ડમાં કર્મચારી દ્વારા નામ-જ્ઞાતિ-ગોત્ર પૂછવું, અને ત્યાર બાદ જ કામ આપવું આ દર્શાવે છે કે બંધારણીય લોકતંત્ર અને સામાજિક લોકતંત્ર વચ્ચે કેટલો ભેદ છે. ચંદન પોતે 'કાયસ્થ' હોવાની ખોટી ઓળખ આપે છે. તો બીજી બાજુ ભાષાનો મુદ્દો પણ મહત્ત્વપૂર્ણ

આ ફિલ્મમાં ચર્ચાયો છે. શોયબને સેલ્સમૅનની નોકરી મળે છે તો સહકર્મચારી કહે : "અંગ્રેજી નથી આવડતું." પણ બૉસ કહે : "કાબેલિયત ભાષા કરતાં મોટી છે." આ સંદેશ ગામડાના વિદ્યાર્થીઓ માટે આત્મવિશ્વાસભર્યો લાગે છે.

લૉકડાઉનનાં દૃશ્યો આ ફિલ્મનાં સૌથી હૃદયદ્રાવક દૃશ્યોમાંનાં એક છે. સૂરતની મિલમાં કામ કરીને બંને ઘેર પાછા વળતા હોય છે, ત્યારે તેઓ વર્ષ ૨૦૨૦ના લાખો પ્રવાસી મજૂરોના દુઃખને જોતા હોય છે. ભૂખ, તરસ, ટ્રકો પર ભરેલા લોકો, લાઠીઓનો ભય વગેરે જુએ છે. જ્યારે ગામના લોકો ચંદન પર પથ્થર ફેંકે છે અને એક વૃદ્ધ અમ્મા પાણી આપે છે; ત્યારે ભારતીય સમાજની કરુણા અને ક્રૂરતા બંને દેખાય છે. અહીં ફિલ્મના આ દૃશ્યમાં દિગ્દર્શક આપણને યથાર્થવાદી સિનેમાની પરંપરાની ભોંય પર સમગ્ર કથાનકને નાટ્યાત્મક બનાવવા કૃત્રિમતા લાવ્યા વિના કૅમેરા દ્વારા જાણે હળવેથી જિવાતા જીવનને કંડારતા જોવા મળે છે. સંગીત બહુ ઓછું છે પણ દૃશ્ય જ સંવેદન જગાડે છે. ઈશાન ખટ્ટરનો અભિનય સહજ લાગે છે. તે શોયબની ભૂમિકામાં દુઃખ અને વિરોધની ભાવનાઓને જીવંત રીતે વ્યક્ત કરે છે, વિશાલ જેઠવાનો ચંદન તરીકેની ભૂમિકાનો જીવન સંઘર્ષ, અને જાહ્નવી કપૂરની સુધા તરીકેની નાની પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા એક નવી છબી દર્શાવે છે. મિશેલ ફુકોની અભિધારણામાં કહીએ તો બન્ને યુવાનોની સૌથી મોટી ઇચ્છા છે—શક્તિ મેળવવાની ઇચ્છા. પોલીસની વરદી તેમના માટે માત્ર નોકરી નહીં, પરંતુ ઓળખ બદલવાનો માર્ગ છે. એક દિવસ અમારો પણ સમય હશે—આ વાક્ય સદીઓની વંચિતતામાંથી જન્મેલી શક્તિની ભૂખના સાર રૂપે ફિલ્મમાં રજૂ થયું છે. ફિલ્મ એ પણ સમજાવે છે કે શક્તિ માત્ર વરદીમાં નહીં હોય અને સુધા તેનું મોટું ઉદાહરણ છે. સ્થિર નોકરી અને આવાસવાળા દલિત પરિવારથી આવતી સુધા માટે શક્તિનું અર્થ જ્ઞાન છે; કૉલેજ, શિક્ષણ અને ઉન્નતિ. એન્ટોનિયો ગ્રામ્શી કહે છે—દરેક વચનશીલતામાં પ્રતિરોધ છુપાયેલો હોય છે. ફિલ્મ આ પ્રતિરોધને આંબેડકર-બુદ્ધનાં ચિત્રો, પુસ્તક આપવાની સંસ્કૃતિ, અને 'પે બેક ટુ સોસાયટી' જેવાં રૂપોમાં બતાવે છે.

સૌથી રાજકીય દૃશ્ય—ચંદનની મા, રાંધણ તરીકેની નોકરીમાંથી કઢાયા બાદ, આંબેડકરની તસવીર સામે આંસુઓ સારતી ઊભી રહે છે; જાણે બંધારણને જ પ્રશ્ન પૂછતી હોયઃ શું સમાનતા ક્યારેય મળશે? અંતિમ દૃશ્યમાં ચંદનની લાશ સાથે પોલીસનો જૉઇનિંગ લેટર ગામમાં પહોંચે છે—આજના ભારતના લોકતંત્રની આ કરુણ વિટંબણા છે.

ફિલ્મ મોટો પ્રશ્ન પણ આપણી સમક્ષ મૂકે છે—શું હાંસિયામાં રહેલા બધા સમુદાયો સમાન રીતે લાભ લઈ રહ્યા છે ખરા? પિતૃસત્તા પણ હાંસિયા પર નજર રાખે છે જેમાં ચંદનની બહેન કહે છે—'तेरी पढ़ाई के लिए मेरी पढ़ाई छुड़वा दी' આ મહિલાઓ પર થતા અદૃશ્ય શોષણનું સ્પષ્ટ ઉદાહરણ છે. 'હોમબાઉન્ડ' અંતે માત્ર ફિલ્મ નથી રહેતી—એક દસ્તાવેજ બની જાય છે. બેરોજગાર યુવા, દલિત, મુસ્લિમ, ગ્રામ્ય સ્ત્રીઓ અને પ્રવાસી મજૂરોનો એક અવાજ બને છે. બંધારણના આદર્શો અને વાસ્તવિક જીવન વચ્ચે કેટલું અંતર છે તે બતાવે છે.

ઘણા લાંબા સમય પછી તાજેતરમાં ૯૮મી ઑસ્કાર પુરસ્કાર(વર્ષઃ ૨૦૨૬)ની આંતરરાષ્ટ્રીય ફિચર ફિલ્મની શ્રેણીની અધિકૃત યાદીમાં આર્જેન્ટિનાની 'બેલેન', બ્રાઝિલની

'ધ સિક્રેટ એજન્ટ', ફ્રાન્સની 'ઈટ વોઝ જસ્ટ એન ઍક્સિડન્ટ', જર્મનીની 'સાઉન્ડ ઑફ ફૉલિંગ', ઇરાકની 'ધ પ્રેસિડેન્ટ્સ કેક', જાપાનની 'કોકુહો', જોર્ડનની 'ઑલ ધેટ્સ લેફ્ટ ઑફ યૂ', નૉર્વેની 'સેન્ટિમેન્ટલ વૅલ્યૂ', પેલેસ્ટાઇનની 'પેલેસ્ટાઇન થર્ટી-સિક્સ', દક્ષિણ કોરિયાની 'નો અધર ચૉઇસ', સ્પેનની 'સીરાત', સ્વિટ્ઝર્લૅન્ડની 'લેટ શિફ્ટ', તાઇવાનની 'લેફ્ટ-હૅન્ડેડ ગર્લ', ટ્યુનિશિયાની 'ધ વૉઇસ, ઑફ હિન્ડ રાજબ' વગેરે જેટલી ૧૫ ફિલ્મોની વચ્ચે 'હોમબાઉન્ડ' ફિલ્મે પણ પોતાનું સ્થાન જમાવ્યું છે.

સિનેમાને માત્ર મનોરંજન માનનારા દૃષ્ટિકોણને આ ફિલ્મ પડકાર આપે છે. આવનારા સમયમાં 'હોમબાઉન્ડ' હિન્દી સિનેમા અને તેના સામાજિક અભ્યાસ માટે મહત્ત્વનો દસ્તાવેજ બનશે એમાં શંકા નથી; કારણ કે કલા માત્ર સૌંદર્ય માટે નથી—ન્યાય અને સમાનતા માટે પણ છે.

■

ગોરા વેપારી ચમક્યા. તેમણે પહેલાં હિંદી મજૂરને વધાવ્યા ત્યારે તેમને તેઓની વેપારશક્તિનો ખ્યાલ નહોતો આવ્યો. તેઓ ખેડૂત તરીકે સ્વતંત્ર રહે ત્યાં લગી તો તેઓને તે વખતે હરકત નહોતી. પણ વેપારમાં તેમની હરીફાઈ અસહ્ય લાગી.

આ હિંદીઓ સાથેના વિરોધનું મૂળ.

તેમાં બીજી વસ્તુઓ ભળી. આપણી નોખી રહેણીકરણી, આપણી સાદાઈ, આપણને ઓછા નફાથી થતો સંતોષ, આરોગ્યના નિયમો વિષે આપણી બેદરકારી, ઘરઆંગણાને સાફ રાખવાની આળસ, તેને સમારવામાં કંજૂસાઈ, આપણા જુદા ધર્મ-આ બધું વિરોધને ઉત્તેજન આપનાર નીવડ્યું.

તે વિરોધ પેલા મતાધિકારને ખૂંચવી લેવા રૂપે ને ગિરમીટિયા ઉપર કર નાંખવા રૂપે કાયદામાં મૂર્તિમંત થયો. કાયદાની બહાર તો નાના પ્રકારની ખણખોદ ચાલુ થઈ જ ચૂકી હતી.

પ્રથમ સૂચના તો એ હતી કે ગિરમીટ પૂરી થવા આવે એટલે હિંદીઓને જબરજસ્તીથી પાછા મોકલવા, એવી રીતે કે તેનો કરાર હિંદુસ્તાનમાં પૂરો થાય. આ સૂચના હિંદી સરકાર કબૂલ રાખે તેમ નહોતું. એટલે એવી સૂચના થઈ કે,

૧. મજૂરીનો કરાર પૂરો થયે ગિરમીટિયો પાછો હિંદુસ્તાન જાય,

અથવા

૨. બબ્બે વર્ષની ગિરમીટ નવેસર કરાવ્યાં કરે ને તેવી દર વેળાએ તેને પગારમાં કંઈક વધારો મળે;

૩. જો પાછો ન જાય, ને ફરી મજૂરીનું કરારનામું પણ ન કરે તો તેણે દર વર્ષે પાઉંડ ૨૫ કરના આપવા.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

એની કાર્સન :
જેને સાહિત્ય માટે વર્ષ ૨૦૨૬નું નોબેલ પ્રાઇઝ જાહેર થયું.

નવનીત જાની



૮ ઑક્ટોબર, ૨૦૨૬, ગુરુવારે સ્વીડિશ એકૅડેમીનો ફોન આઇસલૅન્ડના એક દૂરના ઘરમાં રણક્યો. સામે છેડે ૭૬ વર્ષની એક સ્ત્રી બેઠી હતી, કહે છે કે પવન સાંભળતી હતી. ૮ ઑક્ટોબરે રેક્યાવિક / આઇસલૅન્ડમાં ઠંડી ૮°c પવન તેજ (લગભગ ૭૮ mph) અને ભેજયુક્ત વાતાવરણ હતું.

ફોનમાં કહેવામાં આવ્યું – 'તમે સાહિત્યનું નોબેલ જીત્યાં છો.'

સામેથી વિશિષ્ટ પ્રતિભાવ હતો. – "Crazy, I think they're all crazy. મને લાગે છે એ લોકો બધા પાગલ છે, મારા પુસ્તક પર હવે એક સ્ટીકર લાગશે."

આવું કહેનાર હતાં કૅનેડાનાં કવયિત્રી, અનુવાદક, નિબંધકાર અને ક્લાસિકલ ગ્રીકનાં પ્રોફેસર **એની કાર્સન.** જન્મ : ૨૧ જૂન, ૧૯૫૦, ટોરોન્ટો, ઓન્ટારિયો, કૅનેડા. શિક્ષણ: યુનિવર્સિટી ઑફ ટોરોન્ટોમાંથી BA, MA, PhD – બધું જ ગ્રીક ક્લાસિક્સમાં. કૅનેડા અને આઇસલૅન્ડ એમ બેવડી નાગરિકતા ધરાવતાં એની કાર્સન અડધું વર્ષ આઇસલૅન્ડમાં રહે છે. તેમણે કેલગરી, મેકગિલ, મિશિગન, NYU, પ્રિન્સટન જેવી યુનિવર્સિટીઓમાં ભણાવ્યું છે.

એની કાર્સનને આ ઍવૉર્ડ જાહેર થતાં જ કૅનેડાના વડાપ્રધાન અને ટ્રમ્પના ટેરીફના બદલારૂપ નવાં વૈશ્વિક જોડાણો માટે હાકલ કરનારા નેતા માર્ક કાર્નીએનો પ્રતિભાવ નોંધવા જેવો હતો : *"With wit, imagination, and a style entirely her own, Canadian poet Anne Carson has reimagined the classics."*

બુદ્ધિ, કલ્પના અને સંપૂર્ણપણે પોતાની શૈલી સાથે કાર્સને ક્લાસિકની પૂર્ણ કલ્પના કરી છે. તેમણે પ્રાચીન વાર્તાઓને નવા લોકો સુધી પહોંચાડી છે અને સાહિત્ય વિશેની આપણી વિચારણા ધરમૂળમાંથી બદલી નાખી છે.

સ્વીડિશ એકૅડેમીએ એની કાર્સનને આ સન્માન (૧૨ મિલિયન સ્વીડિશ ક્રોનર એટલે ૧.૨ મિલિયન ડૉલર) "તેના હિંમતવાન અને નવોન્મેષી સાહિત્ય સર્જન માટે, જે

પ્રાચીન પરંપરા સાથે રમતિયાળ સંવાદ કરીને સમકાલીન સાહિત્ય માટે નવા સ્વરૂપોનું સર્જન કરે છે" તે માટે આપ્યું છે. એની કાર્સન એલિસ મનરો (૨૦૧૩) પછી નોબેલ જીતનાર બીજાં કૅનેડિયન લેખિકા છે.

એની પોતાને પહેલાં લેખિકા નહીં પણ પહેલાં એક ફિલોલૉજિસ્ટ - શબ્દોની પૂજારી માને છે - "મારા બધા કામનું પ્રારંભબિંદુ શબ્દની વ્યુત્પત્તિ છે." એક શબ્દ ક્યાંથી આવ્યો, તેનો મૂળ અર્થ શું હતો, તે કેવી રીતે બદલાયો - આમાંથી કાર્સન કૃતિ સર્જે છે.

તેમનું સાહિત્ય -કોઈ 'જોનર' નામની ઓળખને ગાંઠે એમ નથી. એમની રચનાઓને કોઈ ચોક્કસ સ્વરૂપમાં બાંધવા જતાં વાચક ખુદ બંધાઈ જાય છે. એની કાર્સનનાં પુસ્તકોને તમે કોઈ એક ખાનામાં ન મૂકી શકો. સ્વીડિશ એકૅડેમીના સભ્ય સ્ટીવ સેમ-સેન્ડબર્ગે કહ્યું : "જોનર એ પુસ્તક વેચનારાઓ માટે છે. એની કાર્સનનાં પુસ્તકો કયા શેલ્ફ પર મૂકવાં? તેનો પોતાનો જ એક શેલ્ફ છે."

કેવાં કેવાં છે એની કાર્સનનાં પુસ્તકો અને શું શું છે એ પુસ્તકોમાં?

એક આછો પરિચય મેળવીએ :

Eros the Bittersweet (૧૯૮૬) : 'ઇરોઝ ધ બિટર સ્વીટ' એમનું પહેલું પુસ્તક છે. એ તેમના પીએચડીના કેસિસમાંથી તૈયાર થયું છે અને સંપૂર્ણપણે સાફો પર આધારિત છે. *સાફો* (Sappho, ઈ.સ. પૂર્વે ૬૩૦ની આસપાસ ગ્રીસના લેસબોસ ટાપુ પર થઈ ગયેલી કવયિત્રી.) કાર્સનના સર્જનનું મૂળ અને આખી સર્જનપદ્ધતિ છે કરસન પોતે કહે છે કે એનું બધું લેખન સાફોથી શરૂ થાય છે. સાફો વિના કાર્સનને સમજી ન શકાય. સાફોની આખી કૃતિઓ મળતી નથી, માત્ર કેટલાક અંશો અને [....] જેવા કૌંસ મળે છે. સિવાય કે એક કવિતા....) એના શબ્દ _*GLUKUPIKRON* - મીઠું-કડવું - પરથી પ્રેમની ફિલસૂફી વ્યક્ત કરવામાં આવી છે. શૈક્ષણિક નિબંધ જેવા જણાતા આ પુસ્તકમાં વચ્ચે વચ્ચે કવિતાનાં ફૂલો ફૂટે છે. ન સાવ શૈક્ષણિક નિબંધનું કે ન સાવ કવિતાનું એવું આ પુસ્તક છે.

Autobiography of Red - (૧૯૯૮): 'ઑટોબાયૉગ્રાફી ઑફ રેડ - અ નૉવેલ ઇન વર્સ' પુસ્તકે કાર્સનને વૈશ્વિક પ્રસિદ્ધિ અપાવી છે. ગ્રીક કવિ સ્ટેસીકોરસની કથા - જેમાં હેરાક્લીસ (લૅટિન નામ હર્ક્યુલસ)પાંખોવાળા રાક્ષસ ગેરીનોનને મારીને તેની લાલ ગાયો ચોરી લે છે. કાર્સને ગેરીનોનને એક કોમળ, તેની માતાને પ્રેમ કરતો, ભાઈ દ્વારા શોષિત થયેલો કિશોર દર્શાવ્યો છે. જે હેરાક્લીસના તરફ ખેંચાય છે. કાર્સન આ બંનેના સાંનિધ્યને કંઈક આ રીતે વર્ણવે છે:

તેઓ
ટાંકીના તળિયે રહેલા
બે શ્રેષ્ઠ ઈલ જેવા હતા.
તેઓ
એકબીજાને
ત્રાંસા અક્ષરોની જેમ ઓળખતા હતા.

આખું પુસ્તક પદ્યનવલકથા છે. આ પુસ્તકના પ્રકાશક આલ્ફ્રેડ એ. નોફના એક પ્રવક્તા જણાવે છે કે યુ.એસ.માં જ આ પુસ્તકની એક લાખ નકલ વેચાઈ હતી.

The Beauty of the Husband (૨૦૦૧) : ધ બ્યૂટી ઑફ ધ હસબન્ડ પુસ્તક માટે તેમને T.S. Eliot Prize પ્રાપ્ત થયું હતું. ૨૯ વિભાગમાં કવયિત્રીએ દાંપત્ય વિચ્છેદની કથા આલેખી છે. કીટ્સનો ઉલ્લેખ આ પુસ્તકને વધુ મહત્ત્વનું બનાવે છે.

Nox (૨૦૧૦) : એની કાર્સને પોતાના અંગત જીવનને બહુ ખાનગી રાખ્યું છે. આ પુસ્તક દ્વારા તેમના જીવનનો એક અંશ બહાર આવતો કળાય છે. આ પુસ્તક એક બહેન દ્વારા પોતાના ભાઈના મૃત્યુ પર લખાયેલી શોકાંજલિ છે. ગુજરી ગયેલા ભાઈને સમર્પિત આ પુસ્તકમાં ફોટા, હાથે લખાયેલી હસ્તપ્રતો અને લૅટિન કવિ કેટુલસના કાવ્યાનુવાદ વગેરે જોવા મળે છે.

Antigonick (૨૦૧૨) અને Norma Jeane Baker of Troy (૨૦૧૯) **એન્ટિજોનિક અને નોર્મા ઈન જીન બેકર ઑફ ટ્રોય**માં કાર્સને પ્રાચીન અને અર્વાચીન ક્લાસિકને એક મંચ પર લઈ આવવાનો કલાકીય ઉદ્યમ કર્યો છે. તેમાં તે સોફોક્લિસની એન્ટિગોની અને યુરીપિડીસની હેલનને મેરિલીન મનરો સાથે સાંકળી છે.

આ ઉપરાંત ***મૅન ઈન ધ ઑફ અવર્સ*** તેમનાં ગદ્યકાવ્યોનો સંગ્રહ છે. આ કાવ્યસંગ્રહને ૨૦૦૧માં કૅનેડાનો ગ્રાફિક પુરસ્કાર મળ્યો હતો. ઇતિહાસ અને વર્જિનિયા વુલ્ફ વચ્ચેના ઐતિહાસિક-સાહિત્યિક જોડાણને કાર્સને વિશિષ્ટ અર્થ આપ્યો છે.

એની કાર્સન અઘરી લેખિકા કહી શકાય.. સરળ વાચનથી ટેવાયેલ માટે કાર્સનનું સર્જન સક્ષ્મતા માગી લે છે. તેના જો કોઈ જરા સરળ પુસ્તકથી શરૂઆત કરવી હોય તો ***ઑટોબાયૉગ્રાફી ઑફ રેડ***થી શરૂઆત કરી શકાય. એ સામાન્ય વાચક માટે વાંચનક્ષમ કથા છે. ગ્રીક માયથોલૉજીના ચાહકો માટે ***ગ્રીફ લેસન્સ*** નામે કરેલા યુરીપીડીસના અનુવાદો રોમાંચિત કરે એવા છે. એ માત્ર અનુવાદ નથી પણ એની કાર્સનનું નવસર્જનની છાપ ઉપસાવતું અનુસર્જન છે. એમની શાસ્ત્રીય ગ્રીક સાહિત્યની કૃતિઓના અનુવાદોને નોબેલ સમિતિએ એની કાર્સનની સ્વતંત્ર કૃતિઓ રૂપે ગણ્યા છે. એમાં સેફોની કવિતાના અંશ પર આધારિત *if not, winter*, સોફોક્લિસના કરુણ નાટક પર આધારિત ***ઈલેક્ટ્રા*** અને ***એન્ટિગોન*** તેમજ આગળ કહ્યું એમ યુરીપીડિસનો સમાવેશ થાય છે.

નોબેલ સમિતિએ તેમના સર્જનની વિશિષ્ટતાનાં જે તારણો કાઢી આપ્યાં એ એની કાર્સનના સર્જનને સમજવા માટે પાયાનું કામ કરે એવાં છે.

કાર્સને રાષ્ટ્રીય પરંપરા સાથે રમતિયાળ સંવાદ સાધી સમકાલીન સાહિત્ય માટે નવાં સ્વરૂપો બનાવ્યાં લગભગ તેનું આખું સર્જન શબ્દકોશના લગાવ અને કવિતાના નવા અર્થની ઝંખના વચ્ચેના સંગમ પર કેન્દ્રિત છે.

છેલ્લાં કેટલાંય વર્ષોથી નોબેલ સમિતિ પર આરોપ હતો કે તે ખૂબ અજાણ્યા લેખકોને ઍવૉર્ડ આપે છે. પણ આ વખતે સમિતિએ એક એવી લેખિકાને પસંદ કરી કે જે ***કવિઓની કવયિત્રી*** છે. હેરોલ્ડ બ્લૂમે તેને જહોન એશબરી અને જ્યોફ્રી હિલ સાથે *"palpable genius"* કહી છે.

યુ.કે.ની બ્રિસ્ટોલ યુનિવર્સિટીમાં કળા અને તુલનાત્મક સાહિત્યના એસોશિયેટ પ્રો. લૌરા જેન્સેન કહે છે કે "**કાર્સનને મળેલો નોબેલ પુરસ્કાર એ બાબતનું નૂતન ઉદાહરણ છે કે આપણી સમજને વિશદ કરનાર એ તમામ લેખકોને *'સાહિત્ય શું હોઈ શકે?'* એની કાર્સન વધુ દૃઢ રીતે પ્રતીતિ કરાવે છે.**"

જેન્સેને **તો** એવું આત્યંતિક વિધાન કર્યું છે કે, તેણે (કાર્સને) જે કર્યું છે તે અંગ્રેજી ભાષામાં કોઈ કરી શક્યું નથી!

ટોરોન્ટો યુનિવર્સિટીના પ્રોફેસર માઇકલ કોબે કહે છે - "This is wonderfully serendipitous... Canada is a very distinct and interesting culture."

એની કાર્સને પણ એક વખત કહ્યું હતું - "***કૅનેડિયનોની આદત છે, તમારે બહાર ઍવૉર્ડ જીતવો પડે ત્યારે જ ઘરમાં તમને ઓળખે.***"

એની કાર્સન આપણને શીખવે છે કે જૂની વાર્તાઓ મરી જતી નથી. સેફોનો એક તૂટેલો ટુકડો, ગેરીનોનની લાલ પાંખો, એન્ટિગોનીનો પ્રતિકાર - આ બધું આજે પણ આપણા પ્રેમ, દુઃખ અને રાજકારણમાં જીવે છે.

એની કાર્સનનું માનવું છે કે - "***કવિતા કદાચ અત્યારે ગદ્ય કરતાં વધુ ઉપયોગી છે, કારણ કે તે ઝડપી છે અને બધાને ઉતાવળ છે.***"

આજે જ્યારે દુનિયાએ ભૌતિકતા પાછળ આંધળી દોડ મૂકી છે, ત્યારે ૭૬ વર્ષની એક સ્ત્રી આઇસલૅન્ડના એક છેવાડાના વિસ્તારમાં પોતાના ઘરની બારી પાસે બેસીને લગભગ ૭૮mphની ઝડપે ફૂંકાતો પવન સાંભળે છે, અને ચવાઈ ગયેલા શબ્દોને નવા અર્થ આપે છે.

એની કાર્સનની સૌથી પ્રખ્યાત કવિતા "The Glass Essay"નો એક અંશ(જેમાં મુરલૅન્ડમાં બેઠી એમિલી બ્રોન્ટે પોતાના પ્રેમભંગને કેવી દૃષ્ટિએ જુએ છે તેનું વિગતપ્રચુર આલેખન થયું છે.) અને "Autobiography of Red"ના પહેલા ભાગનો અનુવાદ.. આ બંને એની કાર્સનના સર્જનની મજબૂત ઓળખ છે.

૧. The Glass Essay માંથી - એમિલી બ્રોન્ટે વિશે

(*મૂળ અંગ્રેજી:*

She lives in the moors,
She is a soul as I am a soul,
She is looking out from a high window,
At a man who is gone.....
... .)

તે મૂર પ્રદેશમાં રહે છે,
તે એક આત્મા છે જેમ હું એક આત્મા છું,
તે ઊંચી બારીમાંથી બહાર જોઈ રહી છે,

એક એવા પુરુષને, જે જતો રહ્યો છે.
તે માત્ર બારીમાંથી જોતી નથી,
તે બારી જ બની ગઈ છે.
તેનો શોક કાચ જેવો છે,
તમે તેમાંથી આરપાર જોઈ શકો છો,
પણ તે તૂટતો નથી.
પ્રેમ ત્યારે ખતમ થાય છે જ્યારે
તમે એકબીજાને જોવાનું બંધ કરો છો,
પણ જોવાનું બંધ કરવું એટલે શું?
મારી મા કહેતી - નજર હટાવી લે.
મેં નજર ન હટાવી.
અને હું કાચ બની ગઈ...

Autobiography of Red – માંથી શરૂઆતનો અંશ.

ગેરીનોન એક રાક્ષસ હતો
તેના માટે બધું જ લાલ હતું.
તેની માતા તેને લાલ રંગના ધાબળામાં સુવડાવતી.
જ્યારે તે પાંચ વર્ષનો હતો ત્યારે તેના ભાઈએ તેનું અપમાન કર્યું.
ત્યારે ગેરીનોને પોતાની આત્મકથા લખવાનું શરૂ કર્યું
તેનું નામ હતું - Autobiography.
બધાં બાળકો આત્મકથા લખે છે?
ના.
પણ રાક્ષસો લખે છે.
કારણ કે તેમને કોઈ લખતું નથી.
તેના ભાઈએ કહ્યું - તું ફાલતુ છે.
ગેરીનોને લાગ્યું - હા, હું ફાલતુ છું
અને તેણે લાલ રંગથી પોતાની આત્મકથામાં એક પાંખ દોરી.
લાલ પાંખનો અર્થ શું?
લાલ એટલે ગુસ્સો? લાલ એટલે પ્રેમ? લાલ એટલે શરમ?
ગ્રીક ભાષામાં _erythros નો અર્થ બંને થાય.
ગેરીનોન આ જ શીખી રહ્યો હતો -
એક જ શબ્દમાં બે વિરુદ્ધ અર્થ કેવી રીતે રહી શકે.

એમની કાવ્યરીતિ એવી છે કે તે એક શબ્દને પકડીને એને દસ પાના સુધી ખોલે છે. એમ કહી શકાય કે એક શબ્દને ઊંડે સુધી ખોદે છે. કાર્સન પોતે ક્લાસિસિસ્ટ છે. તેઓ કહે છે, Etymology is the starting point of all my work. એટલે કે શબ્દોનો મૂળ અર્થ, શબ્દનો ઇતિહાસ અને શબ્દોનો બદલાયેલો અર્થ આ બધું

અનાયાસે તેમની કવિતા બની જાય છે. એટલે એમની કવિતાના શબ્દો ભલે નાના લાગે પણ અર્થ દીર્ઘ હોય છે.

તેનું ઉત્તમ ઉદાહરણ તેમનું પુસ્તક Nox છે. એ એમના મૃતભાઈ માટેનું શોકગીત છે અને એમાં એમણે રોમન કવિ કેટલસની પ્રખ્યાત કવિતા Carmen માટે ૧૦૧ શબ્દો પ્રયોજ્યા છે. જે કેટલસે પોતાના મૃત ભાઈ માટે પ્રયોજ્યા હતા. કવિતા માત્ર આઠ લીટીની છે પણ કાર્સન દરેકેદરેક લૅટિન શબ્દની લૅક્સિકન એન્ટ્રી આપે છે અને એક શબ્દ બેથી લઈને ૧૦ પાના સુધી વિસ્તરે છે. જેમ કે Nox એટલે કે રાત, કાર્સન માટે Nox એટલે માત્ર રાત નથી, પણ મૃત્યુ, અંધકાર, અજ્ઞાતપણું તથા પોતાના ભાઈ માઇકલનું ઘર છોડીને ચાલ્યા જવું અને ગુમ થઈ જવું, પછી મૃત્યુ પામવું....

